સાપ્તાહિક
નિડર, નિષ્પક્ષ અને વિશ્વસનીય
# ગુજરાત વંદન
રવિવાર, 25 ડિસેમ્બર 2022
પોષ સુદ 02, વિક્રમ સંવત 2079 | કિંમત : રૂા. 5 | વાર્ષિક : રૂા. 260 | વર્ષ : 06 | અંક : 33 | RNI No. GUJGUJ/2016/68288 | કુલ પાનાં : 12

અંદરના આકર્ષણો




## કન્યાકુમારીથી શરૂ થયેલી ભારત જોડો યાત્રા નવી દિલ્હી પહોંચી, ઉત્સાહપૂર્વક જનમેદની ઉમટી પડી..

# નફરત કે બાજાર મેં... મોહબ્બત કી દુકાન ખોલ રહા હૂં : રાહુલ

■ ગાંધી પરિવારના સદસ્યો પણ જોડાયા, જબરજસ્ત પ્રતિસાદ મળ્યો, ભાજપની બારીકજનર

ગુજરાત | વંદન

દેશમાં વર્તમાન રાજકારણમાં સત્તાપક્ષ ભાજપને પણ જેની નોંધ લેવી પડી તે રાહુલ ગાંધીની ભારત જોડો યાત્રાને રાજધાની દિલ્હીમાં જબરજસ્ત પ્રતિસાદ મળ્યો હતો. રાહુલ ગાંધીને સત્કારવા માટે ગાંધી પરિવારના તમામ સદસ્યોની સાથે સાથે મોટી સંખ્યામાં કોંગ્રેસના આગેવાનો, કાર્યકરો અને વિરોધપક્ષના નેતાઓ પણ જોડાયા હતા. કન્યાકુમારીથી કાશ્મીર જઈ રહેલી ભારત જોડો યાત્રા 108માં દને દિલ્હી પહોંચી હતી. મીડિયા કવરેજમાં જોઈએ તો ગૌતમ અદાણીની હસ્તકની એનડી ટીવી ચેનલે તેને ખૂબ સારા પ્રમાણમાં લાઈવ કવરેજ આપતાં સૌ કોઈને નવાઈ લાગી હતી. રાહુલ ગાંધીએ આજે દિવસ દરમિયાન દિલ્હીમાં મંદિરોની મુલાકાતની સાથે લાલ કિલ્લા ખાતે પણ પહોંચીને સમર્થકોને

...અનુસંધાન પેજ નં. 6 પર

### રાહુલ ગાંધીએ એમ્બ્યુલન્સને રસ્તો આપવા 'ભારત જોડો યાત્રા' રોકી



રાહુલ ગાંધીએ અપોલો હોસ્પિટલ પાસે એક એમ્બ્યુલન્સને રસ્તો આપવા માટે પોતાની ભારત જોડો યાત્રા થોડા સમય માટે રોકી દીધી હતી.

એમ્બ્યુલન્સને રસ્તો આપવા માટે રાહુલ ગાંધી થોડા સમય માટે રસ્તા પર જ રોકાયા હતા. તેમણે તેમના સાથીઓને પણ એમ્બ્યુલન્સને રસ્તો આપવા માટે કહ્યું. આ ઘટના રાષ્ટ્રીય રાજધાનીમાં અપોલો હોસ્પિટલ નજીક સવારે બની હતી. રાહુલના નેતૃત્વમાં 'ભારત જોડો યાત્રા' સવારે હરિયાણાની બદરપુર બોર્ડરથી દિલ્હીમાં પ્રવેશી હતી. આ યાત્રા દિલ્હીની બાદરપુર બોર્ડરથી 23 કિલોમીટરનું અંતર કાપી અને લાલ કિલ્લા પાસે સમાપ્ત થઈ હતી. ભારત જોડો યાત્રામાં સામેલ લોકો બપોરે આશ્રમ ચોક પાસેની ધર્મશાળામાં ભોજન અને આરામ કરશે. આ પછી યાત્રા નિઝામુદ્દીન, ઈન્ડિયા ગેટ સર્કલ, આઈટીઓ, દિલ્હી કેન્ટ, દરિયાગંજ થઈને લાલ કિલ્લા પહોંચશે.



### દેશમાં કોરોના વધશે તો કોંગ્રેસ જવાબદાર હશેઃ અનુરાગ ઠાકુરનો આરોપ

કેન્દ્રીય મંત્રી અનુરાગ ઠાકુરે કહ્યું કે, જો દેશમાં કોરોના વાયરસનું સંક્રમણ ફરીથી વધશે તો તેના માટે કોંગ્રેસ જવાબદાર હશે. ઠાકુરે કહ્યું કે, શું કોંગ્રેસ નેતાઓએ કોવિડ ટેસ્ટ વિશે ખોટી જાણકારી ફેલાવાનું ચાલુ રાખ્યું છે, તેમણે રસી વિશે કર્યું હતું તેવું,. કેન્દ્રીય મંત્રીએ કહ્યું કે, કેટલાય વર્ષોથી હોસ્પિટલમાં ભરતી થવા પર દેશના સ્વાસ્થ્ય માળખાગત ઢાંચાના પરિણામ ભોગવવા પડે છે અને તેના માટે કોવિડને લઈને ખોટી વિગતો અને ભ્રમ ફેલાવવા માટે કોંગ્રેસ જવાબદાર છે.

### ભાજપ કોરોનાને લઈને રાજનીતિ કરી રહી છે : જયરામ રમેશની પ્રતિક્રિયા

કોંગ્રેસના નેતા અને પૂર્વ કેન્દ્રીય મંત્રી જયરામ રમેશે કહ્યું છે કે, તેમની પાર્ટી સરકાર દ્વારા જારી કરાયેલ તમામ પ્રોટોકોલનું પાલન કરશે. તેમણે આરોપ લગાવ્યો કે ભાજપ કોવિડને લઈને રાજનીતિ કરી રહી છે અને ભારત જોડો યાત્રાને બદનામ કરવાનો પ્રયાસ કરી રહી છે. બીજી તરફ, દિલ્હી કોંગ્રેસે યાત્રામાં ભાગ લેનાર પાર્ટીના કાર્યકરો અને નેતાઓને માસ્ક પહેરીને આવવાની સૂચના આપી છે. કોરોનાને લઈને કેન્દ્રીય મંત્રી અનુરાગ ઠાકુરે કોંગ્રેસની ભારત જોડો યાત્રા અને રાહુલ ગાંધી પર સવાલો ઊભા કર્યા છે.


## ન્યૂઝ બ્રિફ

### ચીનમાં 24 કલાકમાં 3.7 કરોડ લોકોના કોરોનાથી સંક્રમિત થવાની આશંકા



ચીનમાં કોરોના બીએફ.૭ વેરિઅન્ટના કારણે સ્થિતિ દરરોજ કથળી રહી છે. સ્વાસ્થ્ય અધિકારીઓએ કહ્યું કે, કોરોનાની પીક આ સપ્તાહે આવશે. લંડનની ગ્લોબલ હેલ્થ ઈન્ટેલિજન્સ કંપની એરફિનિટીએ કહ્યું કે આ સપ્તાહે એક દિવસમાં લગભગ ૩.૭ કરોડ લોકો કોરોનાથી સંક્રમિત થઈ શકે છે. રિપોર્ટ મુજબ ચીનમાં અત્યારે દૈનિક ૧૦ લાખ કેસ આવી રહ્યા છે અને ૫,૦૦૦ મોત થઈ રહ્યા છે. જોકે, સરકારી આંકડામાં ગુરુવારે માત્ર ૪,૦૦૦ કેસ જ બતાવવામાં આવ્યા હતા. ચીનમાં મહામારીને પગલે હોસ્પિટલોમાં બેડ, વેન્ટિલેટર અને દવાઓ ખૂટી પડયાં છે તથા સ્મશાનોમાં પણ લાઈનો લાગી છે.

### મુંબઈમાં અભિનેત્રીએ ટીવી સીરિયલના સેટ પર જ કર્યો આપઘાત




અલીબાબા સિરિયલથી ફેમશ થયેલી અભિનેત્રી તુનિષા શર્માએ આત્મહત્યા કરી લીધી છે. તે આ શોમાં મરિયમનું પાત્ર ભજવતી હતી. શનિવારે સવારે શોના સેટ પર જ મેકઅપ રૂમમાં તુનિષાની લાશ લટકતી મળી આવી હતી. તુનિષાએ વર્ષ 2015માં 'ભારત કા વીર પુત્ર - મહારાણા પ્રતાપ'માં ચાંદના પાત્રથી ટીવીની દુનિયામાં ડેબ્યૂ કર્યુ હતું. તુનિષાએ આત્મહત્યા કેમ કરી છે તેને લઈને હાલ કોઈ જાણકારી મળી નથી. સેટ પર હાજર ક્રૂ મેમ્બર્સને પહેલાં તુનિષાની લાશ લટકેલી જોવા મળી હતી. તુનિષાએ ઝડપથી હોસ્પિટલ લઈ જવામાં આવી હતી.કહેવામાં આવી રહ્યું છે કે, તુનીષાએ મેક-અપ રૂમમાં આત્મહત્યા કરી લીધી હતી. SAB ટીવીની 'અલી બાબાઃ દાસ્તાન-એ-કાબુલ'માં રાજકુમારી મરિયમની ભૂમિકા ભજવનાર તુનિષા શર્મા ટીવી ઈન્ડસ્ટ્રીમાં જાણીતું નામ છે.

### ફાસ્ટેગ વગરના વાહનો પાસેથી બેગણો ટોલ ટેક્સ વસૂલવા બદલ કેન્દ્રને નોટીસ




સ્ટેગ વગરના વાહનો પાસેથી બેગણો ટોલ ટેક્સ વસૂલ કરવાના નિયમને પડકારતી અરજીના સંદર્ભમાં દિલ્હી હાઈકોર્ટે નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયા (એનએચએઆઇ) અને કેન્દ્ર પાસેથી જવાબ માંગ્યો છે. મુખ્ય ન્યાયમૂર્તિ સતીશ ચંદ્ર શર્મા અને ન્યાયમૂર્તિ સુબ્રમણ્યમ પ્રસાદની ખંડપીઠની આ અરજીના સંદર્ભમાં એનએચએઆઇ અને સડક પરિવહન અને હાઈવે મંત્રાલયને નોટીસ આપવામાં આવી છે જેમાં દલીલ કરવામાં આવી છે કે આ નિયમ ભેદભાવપૂર્ણ, મનસ્વી અને જનહિતની વિરુદ્ધ છે કારણકે રોકડમાં ફાસ્ટેગ વસૂલ કરવા પર એનએચઆઈએને બેગણો ટોલ ટેક્સ એકત્ર કરવાનો અધિકાર આપે છે.

### કોહલીની ટીમે જેને 15 કરોડમાં ખરીદ્યો હતો તેને ધોનીને ટીમે 1 કરોડમાં લીધો




IPL હોય કે ઈન્ટરનેશનલ ક્રિકેટ, મહેન્દ્ર સિંહ ધોનીનું મન તોડવું માત્ર મુશ્કેલ જ નહીં પણ અશક્ય છે. IPL 2023 માટે કોચીમાં મિની-ઓક્શન યોજવામાં આવ્યું હતું, જેમાં એક તરફ ઓલરાઉન્ડર બેન સ્ટોક્સને તગડી રકમ આપીને ખરીદવામાં આવ્યો હતો અને બીજી તરફ તોફાની ફાસ્ટ બોલરને ખૂબ જ સસ્તામાં ખરીદીને ટીમમાં સામેલ કરવામાં આવ્યો હતો. આશ્ચર્યજનક વાત એ છે કે ધોનીની ટીમ ચીન્નાઈ સુપરકિંગ્સે જે ખેલાડીને 1 કરોડમાં ખરીદ્યો હતો તેને વિરાટ કોહલીની ટીમે ગત સિઝનમાં 15 કરોડ આપીને પોતાની ટીમમાં સામેલ કર્યો હતો.

### વાંકી નજરે...



અરે ઓ... કાલિયા..., માસ્ક ક્યોં નહીં લગાયા રે...? લે અબ ગોલી ખા...!

### નકીલેકથી લઇને અત્ર-તત્ર-સર્વત્ર બરફની ચાદર પથરાઇ

## ગુજરાતીઓનું પ્રિય માઉન્ટ આબુ 'ડીપ ફ્રીઝર'માં ફેરવાયું



ગુજરાત | વંદન

સહેલાણીઓના પ્રિય ગીરીમથક માઉન્ટ આબુમાં એક જ રાતમાં અચાનક વાતાવરણ પલટાયું હતું અને તાપમાન ૩ ડિગ્રી ગગડીને શૂન્ય નજીક પહોંચી જતાં ખુલ્લા મેદાનમાં બરફની ચાદર પથરાઇ ગઇ હતી અને નકીલેકમાં ફરતી બોટમાં બરફની છારી બાજી ગઇ હતી. અહીં પડી રહેલી કડકડતી ઠંડીડના કારણે વહેલી સવાર બાદ પણ લોકો ગરમ વસ્ત્રોમાં જોવા મળી રહ્યા છે. ઘણી જગ્યાએ લોકો ઠંડીથી બચવા તાપણા કરતાં પણ જોવા મળી રહ્યા છે. છેલ્લા 3 દિવસથી સતત પડી રહેલી કડકડતી ઠંડીને કારણે અહીંનું જનજીવન પણ

...અનુસંધાન પેજ નં. 6 પર

#### ક્રિસમસ પછી નવા વર્ષ સુધી કડકડતી ઠંડી પડશે

હવામાન નિષ્ણાતોનું માનવું છે કે, ક્રિસમસ પછી નવા વર્ષ સુધી પર્વતીય પર્યટન સ્થળ માઉન્ટ આબુમાં કડકડતી ઠંડી પડશે. મતલબ કે આગામી દિવસોમાં અહીં આવતા પ્રવાસીઓની સાથે સ્થાનિક લોકોને પણ કડકડતી ઠંડી ઠુઠરાવશે. ગુજરાતમાં પણ આખરે આજે સવારે કડકડતી ઠંડીનો અહેસાસ થયો છે. ડિસેમ્બરના અંતમાં ઠંડીના જબરદસ્ત ચમકારાનો અહેસાસ થવા લાગ્યો છે. બે દિવસથી વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી અને ઠંડા પવનોને લીધે પારો ગગડ્યો હતો. જે બાદ રાતે થ્રીજાવતી ઠંડી જોવા મળી હતી.

### રાજકોટ ગુરુકુળના 75 વર્ષ પૂર્ણ | વડાપ્રધાને કહ્યું- ગુરુકુળે શિક્ષણ ક્ષેત્રે મહત્વનું કામ કર્યુ..

## ભગવાન સ્વામિનારાયણના નામ સ્મરણથી નવ ચેતનાનો સંચાર થાય: PM નરેન્દ્ર મોદી

ગુજરાત | વંદન

વડાપ્રધાન નરેન્દ્ર મોદી સ્વામિનારાયણ ગુરૂકુલ રાજકોટ સંસ્થાનના 75મા અમૃત મહોત્સવને વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા સંબોધિત કર્યું. PM મોદીએ જય સ્વામિનારાયણ કરીને સંબોધનની શરૂઆત કરી હતી. રાજકોટ ગુરુકુળને 75 વર્ષ થઈ રહ્યા છે. હું 75 વર્ષની યાત્રા માટે તમને બધાને હૃદયથી ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું. ભગવાન શ્રી સ્વામિનારાયણના નામ સ્મરણથી જ નવચેતનાનું સંચાર થાય છે. સ્વામિનારાયણના નામ સ્મરણથી એક અલગ જ ઔલિકક અહેસાસ થાય છે. આવનારું ભવિષ્ય વધુ યશસ્વી હશે. તેનું યોગદાન પણ અપ્રતિમ છે. શ્રી સ્વામિનારાયણ ગુરૂકુળ યાત્રાનું 75મું વર્ષ એવા સમયે પૂરું થઈ રહ્યું છે કે જ્યારે દેશ આઝાદીનું 75મું વર્ષ ઉજવી રહ્યું છે. આ સુખદ સંયોગ છે.

PM મોદીએ કહ્યું કે સુયોગ સાંસ્કૃતિ અને સમર્પણનો સુયોગ છે. આધ્યત્મ અને આધુનિકતાનો સુયોગ છે. જ્યારે દેશ આઝાદ થયો ત્યારે આપણા પર જવાબદારી હતી કે આપણે શિક્ષાના ક્ષેત્રમાં ભારતના પ્રાચીન વૈભવ અને

...અનુસંધાન પેજ નં. 6 પર




### ગુરૂકુળમાં ગરીબ બાળકો પાસે રોજનો 1 રૂપિયો લેવાય છેઃ PM મોદી

ગુકુળની એક વિશેષતા આપણે બધા જાણીએ છીએ કે આજના લોકોમાં બધાને ખબર છે કે ગુરુકુળ એવી સંસ્થા છે કે ગરીબ લોકો પાસેથી એક દિવસની માત્ર એક રૂપિયો ફી લે છે. તેથી ગરીબ બાળકો માટે શિક્ષણ લેવું સરળ થઈ જાય છે તેમ પીએમ મોદીએ કહ્યું. ભારતમાં જ્ઞાન જ જીવનનું સર્વોચ્ચ ઉપદેશ રહ્યો છે તેમ કહેતા વડાપ્રધાને વધુમાં કહ્યું કે દુનિયાના બીજા દેશોની ઓળખ રાજ્યો અને રાજગુરૂઓથી થતી હતી. ત્યારે ભારતને ગુરૂકુળોથી ઓળખતા હતા. આપણું ગુરૂકુળ સદીઓથી મમતા, સમાનતા, અને સેવાભાવની વાટિકા રહી છે.

## ક્રિસમસ પહેલા અમેરિકામાં ફાયરિંગની ઘટના, 1નું મોત

■ શંકાસ્પદ હજુ ફરાર, 45 મિનિટ સુધી મોલ બંધ રહ્યો

ગુજરાત | વંદન




અમેરિકામાં એક વાર ફરી ગોળીબારીની ઘટના સામે આવી છે. મોલ ઓફ અમેરિકામાં કથિત ગોળીબારમાં એક વ્યક્તિનું મોત થયું છે. ઘટના બાદ મોલમાં લોકડાઉન લાગુ કરી દેવામાં આવ્યું છે. આ ઘટના એવા સમયે બની છે જ્યારે સમગ્ર યુ.એસ.ના મોલ્સ અને શોપિંગ સેન્ટરોમાં ક્રિસમસ પહેલા પ્રવાસીઓનો ભારે ધસારો જોવા મળી રહ્યો છે. મોલ ઓફ અમેરિકાએ ટ્વિટર પર લખ્યું, "મૉલ ઑફ અમેરિકા હવે લોકડાઉન હટાવી રહ્યું છે. ગ્રાહકોએ હવે તેમના સામાન સાથે બહાર નીકળવું જોઈએ."

બ્લૂમિંગ્ટનના મેયરના જણાવ્યા અનુસાર, ગોળીબાર નોર્ડસ્ટ્રોમ ડિપાર્ટમેન્ટલ સ્ટોરની અંદર થયો હતો. ગોળીબાર બાદ લગભગ 45 મિનિટ સુધી મોલ બંધ રહ્યો, ત્યારબાદ દુકાનદારોને ઘરે જવા માટે કહેવામાં આવ્યું. મોલ ઓફ અમેરિકાએ તેના ટ્વિટર એકાઉન્ટ પર લોકડાઉનની પુષ્ટિ કરી અને દુકાનદારોને તાત્કાલિક સ્થળાંતર કરવા કહ્યું. પોલીસે કહ્યું કે તેઓ ઘટનાસ્થળને સુરક્ષિત કર્યા પછી શંકાસ્પદને શોધી રહ્યા છે. સોશિયલ મીડિયા પર પોસ્ટ કરાયેલા એક વીડિયોમાં

...અનુસંધાન પેજ નં. 6 પર

## SBIની બેંકમા સુરંગ, કાનપુરમાં કરોડોની જ્વેલરીની ચોરી

■ બેંક નજીક ખુલા પ્લોટમાંથી સુરંગ બનાવી ઘુસ્યા

ગુજરાત | વંદન

કાનપુરના સચેંડી પોલીસ સ્ટેશન હદ વિસ્તારમાં આવેલી એસબીઆઈ બેન્કમાં મોડી રાતે ચોરી તઈ હતી, જ્યાં સ્ટ્રોંગ રુમમાંથી ઘરેણાંની ચોરી થઈ હતી. આ ઘરેણાં બેન્કમાં ગોલ્ડ લોનના નામ પર બેન્કમાં જમા હતા. ચોર ટોળકીએ આ કામને પાર પાડવા માટે બેન્કના પાછળના ભાગમાં ખાલી પડેલા પ્લોટમાંથી દિવાલમાં



8 ફુટ લાંબી સુરંગ ખોદી હતી. ચોરી કરવા માટે ચોર ટોળકીએ બેન્કની રેકી કરી અને ખાલી પ્લોટમાંથી સુરંગ ખોદીને સ્ટ્રોંગ રુમમાં એન્ટર થયા હતા. ત્યાં રાખેલા કરોડો રૂપિયાના ઘરેણાં લઈને ફરાર થઈ ગયા હતા. હાલમા

...અનુસંધાન પેજ નં. 6 પર

## 'મેન વર્સીસ વાઈલ્ડ'ના ગ્રિલ્સને દિલ્હી હાઈકોર્ટે આપ્યું સમન્સ

ગુજરાત | વંદન

દિલ્હી હાઈકોર્ટે બેયર ગ્રિલ્સના શો પર કોપીરાઈટનો કેસ દાખલ કર્યો છે. તેના શો ને ભારતીય સ્ક્રીપ્ટ રાઈટરના ઓરીજીનલ આઈડીયાની કોપી જણાવી છે.

સમગ્ર વિશ્વમાં પોતાના ધમાકેદાર શોથી આગવી ઓળખ ઉભી કરનાર મેં વર્સીસ વાઈલ્ડશો ના સંચાલક બેયરગ્રિલ્સના નામે દિલ્હી હાઈકોર્ટે સમન્સ બહાર પાડ્યું છે. બેયર ગ્રિલ્સ પર એક ભારતીય સ્ક્રીપ્ટ રાઈટરે ગંભીર આરોપ લગાવ્યા છે. સ્ક્રીપ્ટ રાઈટર અરમાન શંકર શર્માએ ગ્રિલ્સના શો



'ગેટ આઉટ અલાઈવ વિથ બેયર ગ્રિલ્સ'ના વિરોધમાં યાચિકા દાખલ કરી છે.

કોપીરાઈટનું ઉલ્લંઘનઃ અરમાન શંકરે કોપીરાઈટના ઉલ્લંઘનનો આરોપ લગાવ્યો છે. બેયરગ્રિલ્સના શો 'ગેટ

...અનુસંધાન પેજ નં. 6 પર

### 98મી જન્મજયંતિએ શબ્દાંજલિ...

काल के कपाल पर लिखता मिटाता हूँ।
टूटे हुए तारों से फूटे बासंती स्वर ,
पत्थर की छाती में उग आया नव अंकुर,
झरे सब पीले पात, कोयल की कूक
रात,
प्राची में अरुणिमा की रेख देख पाता हूं।
गीत नया गाता हूँ।
टूटे हुए सपनों की सुने कौन सिसकी?
अंतर को चीर व्यथा पलकों पर ठिठकी।
हार नहीं मानूँगा, रार नहीं ठानूँगा,
काल के कपाल पर लिखता मिटाता हूँ।
गीत नया गाता हूँ।

-अटल बिहारी वाजपेयी




## ટેરર ફંડિગ મામલે ચંડીગઢ અને કાશ્મીરમાં NIAના દરોડા

ગુજરાત | વંદન

નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સી આતંકવાદને જડમૂળથી ખતમ કરવા માટે સતત કાર્યવાહી કરી રહી છે. આતંકવાદી ગતિવિધિઓ સાથે સબંધિત બે અલગ-અલગ મામલે શનિવારે સવારે ચંડીગઢ અને કાશ્મીરમાં અનેક સ્થળો પર દરોડા પાડવામાં આવ્યા છે. સૂત્રોના જણાવ્યા પ્રમાણે આ મામલે કેટલાક શંકાસ્પદોના પરિસરો અને ઠેકાણા પર હજુ પણ દરોડા ચાલુ છે.

ગઈ કાલે જ NIAએ જમ્મુ કાશ્મીરમાં 14 સ્થળો પર દરોડાની કાર્યવાહી પૂરી કરી હતી. કેન્દ્ર શાસિત પ્રદેશમાં અલ્પસંખ્યકો



અને સુરક્ષાકર્મચારીઓને ટાર્ગેટ કરનારા વિભિન્ન આતંકવાદી સંગઠનોની ગતિવિધિઓને ફેલાવવામાં સામેલ લોકો સામે કાર્યવાહી કરવામાં આવી હતી.

શુક્રવારે કુલગામ, પુલવામા, અનંતલાગ, સોપોર અને જમ્મુમાં NIAએ સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું.

...અનુસંધાન પેજ નં. 6 પર

# ગુડબાય 2022

## વંદે માતરમ્-વંદે ભારતમ્





**બુલેટ પહેલા-વંદે ભારત** | રેલ્વે દ્વારા નવી આધુનિક-સુવિધાયુક્ત વંદે ભારત એક્સપ્રેસ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્થે ગુજરાતના ગાંધીનગરથી પ્રસ્થાન કરવામાં આવી. બુલેટ ટ્રેન પહેલ ગુજરાતની વંદે ભારતની ભેંટ મળી છે. જોકે આ ટ્રેનની સાથે પશુઓ ટકરાવવાની ઘટનાઓ પણ બની છે.તેને રોકવા સમગ્ર રેલમાર્ગની બન્ને બાજુ બેરીયર લગાવવાની જાહેરાત કરવામાં આવી છે.

## ગ્રીષ્મા મર્ડર કેસ



**ક્રાઇમ થ્રીલર** | સુરતમાં વિદાયમાન વર્ષમાં ગ્રીષ્મા નામની એક યુવતીનો એક તરફી પ્રેમમાં સનકી યુવકે સરેઆમ તેનું ગળુ કાપીને કરેલી કરપીણ હત્યા 2022ની એક મોટી ક્રાઈમ ઘટના હતી. દેખા-દેખી મુજબ તે પછી બીજી આવી ઘટનામાં પણ નિર્દોષ યુવતીઓના ગળા કાપવામાં આવ્યાં હતાં.

## તાલીબાની કૃત્ય



**બદલો** | ભાજપના તત્કાલીન પ્રવક્તા નુપુર શર્મા દ્વારા ટીવી ડીબેટમાં કરાએલી ધાર્મિક ટિપ્પણીનો બદલો લેવા ભાજપના સમર્થક દરજીની ઉદયપુરમાં કટ્ટરપંથીઓ દ્વારા તાલીબાની શૈલી અનુસાર તેની દુકાનમાં જઈ સરેઆમ કરપીણ હત્યાનો બનાવ ચર્ચાસ્પદ રહ્યો.

## તવાંગ ઘર્ષણ



**ચીન હૈં કી માનતા નહીં** | અરૂણાચલ પ્રદેશના તવાંગ સીમા પર ચીને ફરીથી અવળચંડાઈ કરીને ઘુસણખોરીનો પ્રયાસ કરતા ભારતના જવાનો લાકડીઓ અને અન્ય સાધનો દ્વારા તેમને ખદેડી મુક્યા હતા. આ મુદ્દે સંસદના શિયાળુ સત્રમાં પણ વાદ-વિવાદ સર્જાયો હતો.

## સુશાસન કે કૂશાસન




**જહરીલી શરાબ** | ગુજરાતની જેમ બિહારમાં પણ નશાબંધી લાગુ છે અને ત્યાં પણ જહરીલી શરાબ પીને છાસવારે લઠ્ઠાકાંડો થઈ રહ્યા છે. આવી જ એક ઘટનામાં 75 કરતા વધુ લોકો ઝેરી દારૂ પીને મૃત્યુ પામ્યા હતા. સીએમ નીતીશકુમાર-સુશાસન બાબુએ એમ કહ્યું જો શરાબ પીએગા વો મરેગા....

## લઠ્ઠા કાંડ



**કેમિકલ કે લઠ્ઠો** | નશાબંધીવાળા ગુજરાતમાં ઝેરી દારૂ પીને મરનારાઓની સંખ્યા ઓછી નથી વિદાયમાન વર્ષમાં ઝેરી દારૂથી 50 કરતા વધુ લોકો માર્યા ગયા હતા. સરકારે બચાવમાં એમ કહ્યું કે ઝેરી દારૂ નહીં પણ કેમિકલ પીવાથી મોત થયા છે.

## યે યુદ્ધ કબ રૂકેગા...



**યુદ્ધ** | રશિયાએ પડોસી યુક્રેન પર વર્ષની શરૂઆતમાં કરેલુ આક્રમણ કે યુદ્ધ હજુ અટક્યુ નથી. 2023માં ક્યાં સુધી ચાલશે યુદ્ધની વિભીષીકા.

## પંજાબમાં 'આપ'



**માનની બલ્લૈ-બલ્લૈ** | પંજાબમાં વિધાનસભા ચૂંટણીમાં કોંગ્રેસને હરાવી કેજરીવાલની આમ આદમી પાર્ટી (AAP) દ્વારા સત્તા મેળવાઈ. સીએમ તરીકે ભગવંતમાનની વરણી થઈ.

## વૈશ્વિક ગૌરવ...




**મોદી હૈ તો મુમકીન હૈં** | વિશ્વના 20 દેશોના બનેલા સંગઠન જી-20નો 2023ના વર્ષ માટેનું અધ્યક્ષ પદ ભારતને મળ્યું છે. ભારત માટે તે એક ગૌરવ સમાન કહી શકાય.

## ભારત યાત્રાએ...



**ભારત જોડો** | કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ કન્યાકુમારી કાશ્મીર સુધીની પદયાત્રા આરંભી છે. 2022ની તેને કોંગ્રેસની સૌથી મોટી ઘટના મનાય છે.

## દલેર-સિધ્ધુ જેલમાં



**સઠે નાલ રહોગે તો...** | પંજાબની બે મોટી હસ્તીઓને 2022માં જેલમાં જવુ પડયું . ક્રિકેટર-રાજકારણી નવજ્યોત સિધ્ધુ અને ગાયક દલેર મેંહદી જેલમાં બંધ.

## જુથબંધી...



**પાયલટ વિમાન વિહોણા** | રાજસ્થાનમાં સચીન પાયલટે સત્તારૂપી વિમાન હસ્તગત કરવાનો પ્રયાસ કર્યો પણ ફાવી શક્યો નહીં. ગેહલોત સુપર પાયલટ સાબિત થયા.

## આખરે ભાજપમાં..



**હાર્દિકની જીત** | પાટીદાર વિવાદાસ્પદ યુવા નેતા હાર્દિક પટેલ આખરે ભાજપમાં જોડાયો અને વિધાનસભા ચૂંટણીમાં વિરમગામથી જીતીને ધારાસભ્ય પણ બની ગયો...

## પાલનપુર ટૂ કોકરાઝાર



**ઝુકેગા નહીં** | કોંગ્રેસના યુવા દલિત નેતા જિગ્નેશ મેવાણી સામે આસામના કોકરાઝારમાં પોલીસ કેસ નોંધાયો. પાલનપુર સર્કિટ હાઉસમાંથી ઉપાડીને લઈ ગયા.

## અઘાડી-આધા ખસો..



**'ઈ.ડી.' સરકાર** | મહારાષ્ટ્રમાં શિવસેનાની અઘાડી સરકારમાં બળવો કરી નવી ઈ.ડી. સરકાર બની ઈ-એટલે એકનાથ શિંદે અને ડી-એટલે દેવેન્દ્ર ફડણવીસ.

## ગુલામ થયા આઝાદ



**કોંગ્રેસ છોડી નવી પાર્ટી રચી** | કોંગ્રેસમાં 50 વર્ષ રહ્યાં બાદ મોહભંગ થયો હોય તેમ ગુલામનબી આઝાદે પક્ષ છોડયો અને કાશ્મીરમાં પોતાનો નવો પક્ષ રચ્યો.

## બદલી અને વિદાય




**ENDટીવી** | મીડિયા ક્ષેત્રે મોટી ઘટના રીતે ગૌતમ અદાણી દ્વારા એનડીટીવી ખરીદી લેવાયું. પત્રકાર રવિશ કુમારને ચેનલ છોડવી પડી. તો ઝી ન્યુઝમાંથી સુધીર ચૌધરી આજતકમાં જોડાયો.

## ઘાતક હત્યા



**મુસેવાલા** | પંજાબના યુવા ગાયક સિધ્ધુ મુસેવાલાની સરકાર બદલતા જ સરેઆમ તેની હત્યા કરવામાં આવી. માન સરકાર માટે તે શર્મજનક ઘટના બની રહી.

## ડ્રગ્સ કાંડ




**મુંદ્રા પોર્ટ** | અદાણી હસ્તક મુંદ્રા પોર્ટ ખાતેથી સૌથી વધુ 21 હજાર કરોડનો નાર્કોટિક્સનો જથ્થો ઝડપાયો. અદાણી સામે આક્ષેપો થયા. આક્ષેપો નકારાયા અને વાદ-વિવાદ યથાવત...

## ઝુલતો પુલ બન્યો ડેથ બ્રિજ...



**મોરબી દુર્ઘટના** | 2022ની ગુજરાતની મોટી કરૂણ ઘટનામાં મોરબીની દુર્ઘટના છે. ઝુલતા પુલ પર વધુ સંખ્યા, જર્જરીતપુલનું સમારકામ નહીં અને સત્તાવાળાઓની બેદરકારીને કારણે ઝુલતો પુલ તૂટી પડતા 150 લોકોના કરૂણ મોત નિપજ્યા હતા. આ ઘટનાએ લોકોને મચ્છુ ડેમ દુર્ઘટનાની યાદ તાજી કરાવી હતી. વિધાનસભાની ચૂંટણી ટાણે આ ઘટનાએ સરકારને મુશ્કેલીમાં મુકવાનો પ્રયાસ કર્યો હતો.

## શ્રદ્ધાના નહીં 'શ્રદ્ધા'ના ટુકડા



**આફતાબે વ્હોરી આફત** | વર્ષમાં ક્રાઈમ ક્ષેત્રે ભલભલાને હચમચાવી મુકે તેવી ઘટનામાં લીવ-ઈન રિલેશનમાં રહેતી શ્રધ્ધાના તેના પતિ-પ્રેમીએ હત્યાકરીને શરીરના 35 ટુકડા કર્યા. આફતાબને તે બદલ કોઈ અફસોસ નથી.

## 5-G નું આગમન...




**અંબાણીની પહેલ** | રિલાયન્સના મુકેશ અંબાણી દ્વારા મોબાઈલ નેટવર્ક ક્ષેત્ર વધુ સ્પીડ આપતી સિસ્ટમ 5જી લોન્ચ કરવામાં આવી. યોગાનુયોગ ગુજરાત વિધાનસભાની ચૂંટણીઓ વખતે જ 5જી સેવાઓ શરૂ થઈ. ડાઉનલોડ સરસડાટ......

## ગેરંટી ગઈ પાણીમાં...




**મફત વીજળી ખપતી નથી** | આપના સીએમ કેજરીવાલે ગુજરાત વિધાનસભાની ચૂંટણી, લોન માફ વગેરેની ગેરંટી આપી. પણ ગુજરાતના મતદારોએ આપને માત્ર 5 બેઠકો આપીને સંદેશો આપ્યો કે અમને મફત વીજળી જોઈતી નથી. તમારી ગેરંટી તમારી કને રાખો..

## ફિર એક બાદ ભાજપ સરકાર



**ભરોસાની સરકાર** | ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં ભાજપે 182માંથી 156 બેઠકો મેળવીને નવો રેકોર્ડ નોંધાવ્યો. જીતનો શ્રેય વડાપ્રધાન નરેન્દ્ર મોદીને ફાળે ગયો. કેમકે પ્રચાર-પ્રસાર મોર્ચાની જવાબદારી વડાપ્રધાન મોદીએ સંભાળી અને જીત મેળવી.

## પ્રથમ આદીવાસી રાષ્ટ્રપતિ



**મહામહિમને વંદન** | દેશના નવા રાષ્ટ્રપતિ પદે ભાજપ દ્વારા સંથાલ ક્ષેત્ર આદીવાસી મહિલા નેતા દ્રૌપદી મૂર્મુની પસંદગી કરી. રાષ્ટ્રપતિ ભવનમાં પ્રથમવાર આદીવાસી સમાજની પ્રતિનિધિત્વ મળ્યું. મહામહિમને વંદન.

## વર્ષો પછી બિન-ગાંધી પરિવારના અધ્યક્ષ



**મલ્લિકાર્જુનની જવાબદારી** | કોંગ્રેસના નવા અધ્યક્ષ તરીકે મલ્લિકાર્જુન ખડગેને 2024ની મહાભારતની જવાબદારી સોપાઈ.

## ટિપ્પણી પડી ભારે...



**ટીવી-ડિબેટ** | ભાજપના તત્કાલીન પ્રવક્તા નૂપુર શર્માએ એક ટીવી ડિબેટમાં મુસ્લિમ ધર્મના મોહમદ પૈંગમ્બર સાહેબ અંગે ટિપ્પણી કરત જાન જોખમમાં આવી અને ત્યારથી અજ્ઞાતવાસમાં છે.

## નરેશ પટેલ આવે છે. આવે છે...




**પાટીદાર અને ચૂંટણી** | ગુજરાતમાં ચૂંટણી પહેલા પાટીદાર નેતા નરેશ પટેલ કોંગ્રેસમાં જોડાય છે...આપ પાર્ટીમાં જોડાય છે. કહી-કહીને સારા એવા પ્રમાણમાં પ્રસિધ્ધ મેળવી અંતે ખોડલધામ.

## યે દોસ્તી હમ નહીં તોંડેગે...



**સત્તાકારણ** | બિહારમાં રાજકીય ઉથલ-પાથલ વચ્ચે નવા સમીકરણ રૂપે સત્તાપક્ષ જેડીયુ સાથે આરજેડીના નેતા અને લાલુ પુત્ર તેજસ્વીએ એકબીજા સાથે હાથ મિલાવ્યાં.... જોકે ભાજપને તે પસંદ પડ્યુ નથી.

## કોશિયારી અને કાળી ટોપી...



**મહા-રાષ્ટ્રમાં મહા-વિવાદ** | રાજ્યપાલ ભગતસિંહ કોશિયારી કે જેમની આગવી ઓળખ કાળી ટોપી છે તેમણે છત્રપતિ શીવાજી સહિત અન્ય સામે નિવેદન કરીને વિવાદ સર્જ્યો છે.

## નેતાજીની વિદાય



**તુમ્હે ન ભુલ પાયેંગે** | યૂપીના રાજકારણમાં મુલાયમસિંહ યાદવનો દાયકાઓ સુધી રાજકીય દબદબો રહ્યો છે. વિદાયમાન વર્ષમાં તેમણે વિદાય લીધી છે. રાજકીય વારસો અખિલેશ સંભાળી રહ્યાં છે.

# રાજ્યમાં અમદાવાદ સહિતના શહેરોમાં કડકડતી ઠંડી શરૂ, કોલ્ડ વેવની આગાહી

## હજુ પણ હાડ થીજવતી ઠંડી પડશે તેવી હવામાન વિભાગની આગાહી

ગુજરાત | વંદન

રાજ્યમાં અમદાવાદ સહિત શહેરોમાં કડકડતી ઠંડીનો અહેસાસ થયો છે. ડિસેમ્બરના અંતમાં ઠંડીના જબરદસ્ત ચમકારાનો અહેસાસ થવા લાગ્યો છે. છેલ્લા બે દિવસથી વાતાવારણમાં ઠંડક પ્રસરી હતી અને ઠંડા પવનોને લીધે પારો ગગડ્યો હતો. જે બાદ આજે રાતે થ્રીજાવતી ઠંડી જોવા મળી હતી. જ્યારે સવારે ઘરની બહાર નીકળતાં જ લોકોને કડકડતી ઠંડીનો અહેસાસ થયો હતો. રાજ્યમાં અમદાવાદ, ગાંધીનગર, અરવલ્લી, નર્મદા, બનાસકાંઠા, ઉત્તર ગુજરાત સહિતના વિસ્તારોમાં પારો ગગડ્યો છે. રાજ્યમાં ઠંડીનો ચમકારો વધ્યો છે. વહેલી સવારે લોકો શરીરને હૂંફ આપતા વસ્ત્રો પહેરી કામે જતા જોવા મળ્યા છે. લોકો તાપણું કરી લઈ રહ્યા છે, સાથે જ લોકો શિયાળાની



શીત લહેરની મજા પણ માણી રહ્યા છે. ઉત્તરના ઠંડા પવનો ગુજરાત બાજુ ફંટાતા ઠંડી વધી રહી છે. રાજ્યમાં 15 કિમીની ઝડપે ઠંડા પવનો ફુંકાતા ઠંડીનો ચમકારો જોવા મળી રહ્યો છે.

હવામાન વિભાગની આગાહી વચ્ચે રાજ્યમાં ઠંડીનો ચમકારો વધ્યો છે. તાપમાનમાં નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો છે. હવામાન વિભાગે ઠંડીની આગાહી કરી છે. નલિયા અને કચ્છમાં કોલ્ડ વેવની આગાહી કરવામાં આવી છે. આગામી ત્રણ દિવસમાં હજુ બે ડિગ્રી સુધી ઠંડીનો પારો ગગડશે. હવામાન વિભાગની આગાહી વચ્ચે રાજ્યમાં ઠંડીનો ચમકારો વધ્યો છે. તાપમાનમાં નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો છે. હવામાન વિભાગે ઠંડીની આગાહી કરી છે. નલિયા અને કચ્છમાં કોલ્ડ વેવની આગાહી કરવામાં આવી છે. આગામી ત્રણ દિવસમાં હજુ બે ડિગ્રી સુધી ઠંડીનો પારો ગગડશે.

રાજ્યમાં ઠંડીનો પ્રકોપ વધશે. 25 ડિસેમ્બરથી ઠંડીમાં વધારો થશે, તેવી આગાહી હવામાન નિષ્ણાંત અંબાલાલ પટેલ દ્વારા કરવામાં આવી છે. તેમની આગાહી અનુસાર, રાજ્યમાં વારંવાર વાતાવરણ બદલાશે. હવામાન નિષ્ણાત અંબાલાલ પટેલની આગાહી અનુસાર, રાજ્યવાસીઓએ હાડ થીજવતી ઠંડી માટે તૈયાર રહેવું પડશે. 25મી ડિસેમ્બરથી કાતિલ ઠંડીનો પ્રકોપ વધશે. રાજ્યમાં વારંવાર વાતાવરણમાં પલટો આવશે. જાન્યુઆરીમાં દરિયાકાંઠાના વિસ્તારોમાં ભારે પવન ફુંકાશે.

### શનિવાર તેમજ રવિવારે જ પોતાના મત વિસ્તારમાં જવું

# ગુજરાતના મંત્રીઓને નરેન્દ્ર મોદીનો આદેશ સોમથી શુક્રવાર સચિવાલયમાં હાજરી ફરજિયાત

ગુજરાત | વંદન

ભૂપેન્દ્ર પટેલની નવી સરકારના મંત્રીઓએ પદભાર સંભાળી લીધો છે અને સચિવાલય હવે ધમધમતું થઈ ચૂક્યું છે. ગુજરાતની જનતાએ અભૂતપૂર્વ 156 બેઠક જીતાડીને ભાજપમાં ફરી વિશ્વાસ મૂક્યો છે ત્યારે જનતાને પણ કોઈ તકલીફ ન પડે તે માટે વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ પણ રસ લીધો છે. નવી સરકારના તમામ મંત્રીઓને સૂચના આપી દેવામાં આવી છે કે, સોમવારથી લઈ શુક્રવાર સુધી ફરજિયાત સચિવાલયમાં પોતાની ચેમ્બરમાં હાજર રહેવું. જનતાની રજૂઆતો અને કામો ટલ્લે ચડવા જોઈએ નહી અને શનિવાર તેમજ રવિવારે જ પોતાના મત વિસ્તારમાં જવું. આ સિવાય આકસ્મિક કોઈ મંત્રીને બહાર જવાનું હોય તો મુખ્યમંત્રીનું ધ્યાન દોરીને જઈ શકે છે.

15મી વિધાનસભાનું એક દિવસીય સત્ર મળ્યું છે ત્યારે સરકાર પણ હવે એક્શનમાં આવી રહી છે. તાજેતરમાં જ 18મા મુખ્યમંત્રી તરીકે ભૂપેન્દ્ર પટેલે બીજીવાર મુખ્યમંત્રીના શપથ લીધા હતા અને સરકાર જનતાએ મૂકેલા વિશ્વાસમાં ઊણી ન ઉતરે તે માટે વડા પ્રધાન મોદીએ પણ તમામ મંત્રીઓને આદેશ જારી કરી દીધો છે.

જનતાને પોતાની રજૂઆતો માટે ધક્કા ન ખાવા



પડે અને જનતાના કામો ટલ્લે ન ચડે તે માટે તમામ મંત્રીઓને સોમવારથી લઈ શુક્રવાર સુધી પોતાની ચેમ્બરમાં રહેવા માટે આદેશ કર્યો છે. શનિવાર અને રવિવારે મંત્રીઓ પોતાના મત વિસ્તારમાં જઈ શકશે.

અગાઉ વડા પ્રધાને તાકીદ પણ કરી હતી કે, પોતાની ચેમ્બરમાં કોઈ સગો સંબંધી પણ પડ્યો પાથર્યો રહેવો જોઈએ નહી. વડા પ્રધાન નવી સરકારના તમામ મંત્રીઓ ઉપર નજર રાખી રહ્યા છે ત્યારે નવા મંત્રીઓ પણ હવે ગુલ્લી મારી શકે તેમ નથી. લોકોની રજૂઆતોને મંત્રીઓ નજર અંદાજ કરી શકશે નહી તેવું જણાઈ રહ્યું છે.

## શ્રી સમ્મેદ શિખર બચાવો આન્દોલનને અનુલક્ષી રેલી યોજાઈ




ગુજરાત | વંદન

ઝારખંડમાં આવેલ જૈન સમાજનું પવિત્ર તીર્થ સમ્મેદ શિખરજી ને ઝારખંડ સરકાર તથા કેન્દ્ર સરકાર દ્વારા પર્યટક સ્થળ જાહેર કરવાના નિર્ણયનો સમગ્ર જૈન સમાજ દ્વારા દેશભરમાં વિરોધ કરવામાં આવી રહ્યો છે. આ આન્દોલનને અનુલક્ષીને જૈન સમાજ દ્વારા શુક્રવારે અમદાવાદમાં ઉસ્માનપુરાથી કલેક્ટર ઓફિસ સુધી જૈન સમાજની એક વિશાળ રેલી કાઢી હતી. જૈન સમાજ દ્વારા આયોજીત રેલીમાં મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા. રેલીમા લોકોએ હાથમાં પ્લે કાર્ડ દ્વારા સરકારના નિર્ણયનો વિરોધ કર્યો હતો.

## ગુજરાતના 25 ટકા પાસપોર્ટધારકો માત્ર અમદાવાદમાં, પાસપોર્ટધારકો મામલે ગુજરાત દેશમાં છઠ્ઠા ક્રમે

ગુજરાત | વંદન

વિદેશ જવા માટે પાસપોર્ટ સૌથી મહત્વનો પુરાવો છે. હાલ સ્ટુડન્ટ વિઝા પર વિદેશમાં ભણવા જતાં વિદ્યાર્થીઓની સંખ્યા સૌથી વધુ છે. ગુજરાતમાં પોસપોર્ટધારકોની સંખ્યા 67.61 લાખ થઈ ગઈ છે. દેશના જે રાજ્યમાં સૌથી વધુ પાસપોર્ટધારકો હોય તેમાં કેરળ મોખરે, મહારાષ્ટ્ર બીજા અને ગુજરાત છઠ્ઠા સ્થાને છે. ગુજરાતમાંથી સૌથી વધુ 16.15 લાખ પાસપોર્ટધારકો અમદાવાદમાં જ્યારે સૌથી ઓછા 1452 પાસપોર્ટધારકો ડાંગમાં છે. આમ, ગુજરાતના ચોથા ભાગના પાસપોર્ટધારકો માત્ર અમદાવાદમાં છે.



ગુજરાતની અંદાજીત વસતી 7 કરોડ છે. આમ, 91 ટકા ગુજરાતીઓ પાસે પાસપોર્ટ જ નથી. સૌથી વધુ પાસપોર્ટધારકો હોય તેવા જિલ્લામાં સુરત 10.97 લાખ સાથે બીજા, વડોદરા 6.89 લાખ સાથે ત્રીજા, રાજકોટ 3.87 લાખ સાથે ચોથા અને મહેસાણા 2.72 લાખ સાથે પાંચમાં સ્થાને છે. રીજિયોનલ પાસપોર્ટ ઓફિસ અમદાવાદમાં 2281, રીજિયોનલ પાસપોર્ટ ઓફિસ સુરતમાં 605 અરજીઓ પડતર છે.

અમદાવાદમાં પોલીસ પાસે 14333 અને સુરતમાં 4188 અરજી પોલીસમાં પેન્ડિંગ હોવાનું સામે આવ્યું છે. ગુજરાતમાં 30 જૂન 2022 સુધી પાસપોર્ટધારકો 56,42,905 હતા. આમ, 6 મહિનામાં જ 11 લાખથી વધુ લોકોને પાસપોર્ટ જારી કરવામાં આવ્યા છે.

## અમદાવાદ: જી-20 સમેત વિવિધ થીમ પર આધારીત હશે ફ્લાવર શો

### સ્પોર્ટસ થીમ અને અલગ- અલગ સેલ્ફી પોઈન્ટ આકર્ષણનું કેન્દ્ર બનશે

ગુજરાત | વંદન

અમદાવાદ શહેરમાં યોજાવનાર ફ્લાવર શો ને લઈને શહેરમાં તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. ફ્લાવર શોને પાંચ અલગ- અલગ થીમ આધારિત બનાવવામાં આવશે. ઉલ્લેખનીય છે કે ડિસેમ્બરના અંતમાં કાંકરિયા કાર્નિવલનું આયોજન થવા જઈ રહ્યો છે. આના પછી ફ્લાવર શોનું આયોજન કરવામાં આવનાર છે. જેના ભાગરૂપે પ્રશાસને તૈયારીઓ શરૂ કરી છે.

ફ્લાવર શોને પાંચ અલગ- અલગ થીમ આધારિત બનાવવામાં આવશે. જેમાં G-20 અને તેમાં ભાગ લેનાર અલગ- અલગ દેશના રાષ્ટ્રધ્વજ, યોગા તથા આયુર્વેદિક થીમ આધારિત ફ્લાવર શો તૈયાર



કરવામાં આવી રહ્યો છે. ફ્લાવર શોમાં સ્પોર્ટસ થીમ અને અલગ- અલગ સેલ્ફી પોઈન્ટ આકર્ષણનું કેન્દ્ર બનશે. જાન્યુઆરી મહિનાના પ્રથમ સપ્તાહમાં યોજાનારા ફ્લાવર શોમાં 12 વર્ષથી નાની વયના બાળકોને નિઃશુલ્ક પ્રવેશ અને 12 વર્ષથી વધુ વયના મુલાકાતીઓ માટે 30 રૂપિયા ફી વસૂલાશે. આ તરફ કાંકરિયા કાર્નિવલ 25 ડિસેમ્બરથી યોજાશે. જેમાં ફૂડ ફેસ્ટિવલ, લોક ગાયક તરફથી શહેરના નાગરિકોનું મનોરંજન કરવામાં આવશે.

ડિસેમ્બરના અંતિમ સપ્તાહથી જાન્યુઆરી મહિનાના ત્રણ સપ્તાહ સુધી અમદાવાદ શહેરમાં તો જાણે ઉત્સવ જેવો માહોલ જોવા મળશે. અઢી કરોડના ખર્ચે ફ્લાવર શો અને સાડા પાંચ કરોડના ખર્ચે કાંકરિયા કાર્નિવલ ત્રણ વર્ષ બાદ યોજાશે. જેના ભાગરૂપે પ્રશાસને તૈયારીઓ શરૂ કરી છે.

## ગુજરાતમાં લોકસભાની 26 સીટ પર 'આપ' ચૂંટણી લડશે, 5 ધારાસભ્યને વિશેષ જવાબદારી સોંપવામાં આવી

ગુજરાત | વંદન

ગુજરાત વિધાનસભા ચૂંટણીમાં આમ આદમી પાર્ટી 5 વિધાનસભા સીટ પર વિજેતા બની છે. આમ આદમી પાર્ટી 13 ટકા જેટલો વોટ મેળવ્યા છે. વિધાનસભા ચૂંટણીમાં કુલ 45 લાખ જેટલા મત આમ આદમી પાર્ટીના ઉમેદવારોને મળ્યા હતા. આ ઉપરાંત 40 જેટલી વિધાનસભા સીટ પર આમ આદમી પાર્ટી મત મેળવવામાં બીજા ક્રમે રહી હતી. ગુજરાત વિધાનસભાના પરિણામ જોઈને હવે આપ લોકસભાની 26 સીટ પર ચૂંટણી લડવાની તૈયારીમાં લાગી છે.

દિલ્હી ખાતે આપના વિધાયકોની મળેલી બેઠકમાં આગામી લોકસભા ચૂંટણી બાબતે ચર્ચા થઈ હતી. ગુજરાતમાં આપ 26 સીટ પર ચૂંટણી લડવા માટેની તૈયારી દર્શાવી છે. આ અંગે આપના ધારાસભ્ય ચૈતર વસાવાએ કહ્યું હતું કે, લોકોએ આપ પર ભરોસો મૂકીને મત આપ્યા હતા અને 5 ઉમેદવારને જીતડયા છે. પ્રથમ વિધાનસભા ચૂંટણીના પર્ફોમાન્સ જોઈને આગામી લોકસભા ચૂંટણીની તૈયારીઓ કરવાનું હાઈ કમાન્ડ દ્વારા કહેવામાં આવ્યું છે. આ ઉપરાંત સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં પણ તમામ બેઠક પર આમ આદમી પાર્ટી ચૂંટણી લડશે તે માટેની ચર્ચા હાઈ કમાન્ડ સાથે થઈ છે. ગુજરાતમાં આપને વિધાનસભા ચૂંટણીમાં 13 ટકા જેટલા મત મળ્યા છે. આ મતને કેવી રીતે વધારવા તે માટે હવે કામ કરવામાં આવશે.

### દુર્ઘટનામાં મોતને ભેટેલા બાળકના પરિજનોએ વિરોધ નોંધાવ્યો

## નવા બનેલા શહેર કોટડા પોલીસ સ્ટેશનનો લોખંડનો ગેટ પડ્યો, એક બાળકનું મોત, એક ઈજાગ્રસ્ત

ગુજરાત | વંદન

અમદાવાદના શહેર કોટડા પોલીસ મથકનો દરવાજો જ પડી ભાગ્યો અને એક બાળકનો ભોગ લેવાઈ ગયો. શહેર કોટડા પોલીસ સ્ટેશનને હજુ હણમાં થોડા જ સમય સમય પહેલા બનાવવામાં આવ્યું છે. શનિવારે જેના દરવાજા તૂટી પડતા બાળકનો જીવ ગયો હતો જ્યારે અન્ય એક બાળક ઘાયલ થયો હતો. તો બીજી તરફ આ સમગ્ર મામલે પોલીસ દ્વારા તપાસ કરવામાં આવી રહી છે.

અમદાવાદના કાલુપુર બ્રિજ પાસે નવા બની રહેલા શહેર કોટડા પોલીસ સ્ટેશનનો ગેટ શનિવાર બપોરે અચાનક તૂટી પડ્યો હતો. ત્યાં નજીક રમી રહેલા બે બાળકો પર ગેટ પડ્યો હતો. ગંભીર રીતે ઈજાગ્રસ્ત બંને બાળકોને સારવાર



માટે શારદાબેન હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. બંને બાળકોને હોસ્પિટલ પહોંચાડ્યા ત્યાં સુધીમાં એક બાળકનું મૃત્યુ થઈ ચૂક્યું હતું. જ્યારે અન્ય બાળક ગંભીર રીતે હાલમાં ઈજાગ્રસ્ત હાલતમાં સારવાર હેઠળ છે. ઘટનાની જાણ થતાં શહેરકોટડા પોલીસ સહિતનો કાફલો ઘટના સ્થળે પહોંચી ગયો હતો અને સમગ્ર બાબતે તપાસ શરૂ કરી હતી.

શહેરકોટડા પોલીસ સ્ટેશન ઉદઘાટન માટે તૈયાર છે, ત્યારે તેના દરવાજાનું કામ ચાલી રહ્યું છે. આ દરમિયાન ત્યાં પાસે રમતાં બે બાળકો સાથે દુર્ઘટના ઘટી હતી. જેમાં આ દુર્ઘટનામાં ફરહાન ઘાંચી નામના 7 વર્ષના બાળકનું ઘટનાસ્થળે મોત થયું હતું. જ્યારે તેની સાથે રમતો 8 વર્ષનો અશદ નિશાર શેખને ઈજા પહોંચતા શારદાબેન હોસ્પિટલ ખસેડવામાં આવ્યો છે. ત્યારે તેમના પરિવારજનોએ પોલીસ સામે રોષ ઠાલવ્યો હતો. ટોળેટોળા એકઠા થઈ જતા પોલીસે સામે ઉગ્ર બોલાચાલી થઈ હતી. જેમાં દુર્ઘટનામાં મોતને ભેટેલા બાળકના પરિજનોએ વિરોધ નોંધાવ્યો હતો.

## કોરોના ઈફેક્ટ : સ્વામીનારાયણ મહોત્સવ માટે જાહેર કરાઈ ગાઈડ લાઈન

ગુજરાત | વંદન

વિશ્વભરમાં વધી રહેલા કોરોના સંક્રમણને લઈને ભારત તથા ગુજરાત સરકાર દ્વારા કોરોનાને લઈને જરૂરી નિર્દેશ જાહેર કરવામાં આવ્યા બાદ, પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવમાં આવતા ભાવિક ભક્તો માટે ગાઈડલાઈન જાહેર કરવામાં આવી છે. જે મુજબ પ્રમુખ સ્વામી નગરમાં સેવા કરતા લોકો માટે તેમજ આવતા ભક્તો માટે માસ્ક અનિવાર્ય કરી દેવામાં આવ્યા છે. આ ઉપરાંત બીમાર વ્યક્તિઓને મહોત્સવમાં સ્વૈચ્છિક રીતે ન આવવાની અપીલ તેમજ વિદેશથી આવતા લોકોને કોરોના ટેસ્ટ કરાવવાની ગાઈડલાઈનમાં જણાવવામાં આવ્યું છે.

વિશ્વ સ્વાસ્થ્ય સંગઠન, ભારત સરકારના આરોગ્ય મંત્રાલય તેમજ ગુજરાતસરકાર આરોગ્ય મંત્રાલયના નિર્દેશ મુજબ

**પ્રમુખસ્વામી મહારાજ નગરમાં આવતા લોકો માટે ગાઇડલાઈન**

» મહોત્સવની સેવામાં જોડાયેલા તમામ સ્વયંસેવકો માટે માસ્ક પહેરવાના ફરજિયાત રહેશે. સાથે જ દર્શને આવતા તમામ લોકોને પણ માસ્ક પહેરવાનું ફરજિયાત કરવામાં આવયું છે.

» મહોત્સવનો મહદ અંશે વિશાળ અને ખુલ્લા વાતાવરણમાં છે આથી સોશિયલ ડિસ્ટન્સ રાખી મહોત્સવનો લાભ લેવાનું જણાવવામાં આવ્યું છે.

» એકબીજા સાથે હાથ મિલાવવાનું ટાળવું અને નમસ્કાર મુદ્રાથી જ અભિવાદન કરવાનો આગ્રહ રાખવો.

» શરદી, તાવ, ઉધરસ જેવી તકલીફ કોરોનાથી ગભરાવવાની જરૂર નથી પરંતુ સાવધાની ચોક્કસ રાખવી. વેક્સિનનો ડોઝ લેવાનો બાકી હોય તો વહેલામાં વહેલી તકે વેક્સિનના ડોઝ અને જેમને જરુર હોય તેમણે બુસ્ટર ડોઝ લેવાની પણ સંસ્થા દ્વારા ભલામણ કરવામાં આવી છે.

## બૂસ્ટર ડોઝ લેવા રહી રહીને બીકના માર્યા જાગ્યા અમદાવાદીઓ...

### રોજના 300ને બદલે 4000લોકોએ રસી મુકાવી




**આટલાએ રસી મુકાવી**

| | |
|---|---|
| પ્રથમ ડોઝ : | 5535930 |
| બીજો ડોઝ : | 5028945 |
| પ્રિકોશન ડોઝ : | 1041324 |
| કુલ સંખ્યા : | 11606199 |

ગુજરાત | વંદન

ચીનમાં કોરોનાના નવા વેરિયન્ટને પગલે લોકોમાં ઊભી થયેલી ચિંતા પછી શહેરમાં બુસ્ટર ડોઝ મુકાવનારાની સંખ્યામાં અંદાજે 13 ગણો વધારો થયો છે. અત્યાર સુધી રોજ માંડ 300 લોકો રસી મુકાવતા હતા પરંતુ શુક્રવારે આ આંકડો 4 હજાર વટાવી ગયો હતો. વિવિધ અર્બન હેલ્થ સેન્ટર પર હાલ રસીનો 25 હજારનો સ્ટોક છે જે અઠવાડિયા સુધી ચાલી શકે છે. મ્યુનિ.એ આ ઉપરાંત વધારાના સ્ટોકનો ઓર્ડર આપ્યો છે.

દરમિયાન મ્યુનિ.ના આંકાડા મુજબ શહેરમાં 18થી વધુ વયના 10.41 લાખ લોકોએ જ હજુ સુધી પ્રિકોશન ડોઝ મુકાવ્યો છે. જોકે કોરોનાના નવા વેરિયન્ટના આગમનની બીકે હવે લોકો પ્રિકોશન ડોઝ મુકાવવા દોડી રહ્યા છે. અત્યાર સુધી 18થી વધુ વર્ષના લોકોએ પ્રથમ ડોઝ લીધો હતો. જ્યારે 15થી 18 વર્ષના 2.27 લાખ કિશોરે પ્રથમ ડોઝ લીધો છે. 18 વર્ષથી વધુ વયના 47.16 લાખ લોકોએ બીજો ડોઝ લીધો છે, પરંતુ મોટી સંખ્યામાં પ્રિકોશન ડોઝ લીધો નથી.

## તસ્વીર સમાચાર

(તસ્વીરો- મૌર્ય ભાગ્યવાન)




**નાતાલ આવી પહોંચી:** ઈશુના જન્મનો દિવસ એટલે નાતાલ પર્વ. શહેરના એક ચર્ચને સુશોભિત રોશનીથી ઝગમગાવવામાં આવ્યો છે અને તે સંદેશો આપે છે કે નાતાલ આવી પહોંચી છે.



**વર્ષ પૂરું રોડનું કામ અધુરૂ:** શહેરના ઘોડાસર વિસ્તારમાં છેલ્લા ઘણા સમયથી રસ્તો બનાવવાનું કાર્ય ચાલતું હતું પણ અત્યારે મંદ ગતિએ કામ ચાલી રહ્યો છે. રાહદારીઓ અને વાહનચાલકો પરેશાન છે.



**કોરોના:** કોરોના મહામારી માથી માંડ બહાર આવેલ ગુજરાત-ભારતમાં ફરીથી મહામારી આવી રહ્યાંના ભય વચ્ચે શહેરની સિવિલ હોસ્પિટલમાં કોરોનાના દર્દીઓ માટે ફરીથી ખાસ વોર્ડ બનાવવામાં આવ્યો છે.



**બિસ્માર ઓક્સિજન પ્લાન્ટ:** શહેરના બહેરામપુરામાં ચેપી રોગ હોસ્પિટલમાં ઓક્સિજન પ્લાન્ટ ધુળ ખાતો હોય તેમ તેની આસપાસ ગોદડા-ગદેલા-કપડા સુકાવવામાં આવી રહ્યાં છે. શું મોક ડ્રીલમાં તેનો સમાવેશ કરાયો નહતો ?

### રાજ્યની સરકારી યુનિવર્સિટીઓના કુલપતિઓને રાજ્યપાલે પત્ર પાઠવ્યો

# તમામ યુનિવર્સિટીઓમાં સ્વચ્છતા ઝુંબેશ શરૂ કરો, વિશ્વવિદ્યાલય સાફ હોવી જોઈએ

ગુજરાત | વંદન

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ ગુજરાતની તમામ સરકારી યુનિવર્સિટીઓમાં સ્વચ્છતા અભિયાન હાથ ધરવા અને તે સફળ થાય તે માટે નિશ્ચિત કાર્યક્રમ તૈયાર કરવા યુનિવર્સિટીઓના કુલપતિઓને અનુરોધ કર્યો છે.

તમામ યુનિવર્સિટીઓના કુલપતિઓને પત્ર પાઠવીને આચાર્ય દેવવ્રતજીએ કહ્યું છે કે, ગુજરાતના તમામ વિશ્વવિદ્યાલયો સાફ-સુથરા, સ્વચ્છ હોવા જોઈએ; અને તો જ અહીં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ સ્વચ્છ વાતાવરણમાંથી પ્રેરણા લઈને સ્વચ્છતાના સંસ્કારો અપનાવશે, સ્વચ્છતાને આદત તરીકે અપનાવશે.

તેમણે આ પત્રમાં લખ્યું છે કે,



પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ સ્વચ્છ ભારત-સ્વસ્થ ભારત મિશન દ્વારા સમગ્ર દેશમાં સ્વચ્છતા અભિયાન ચલાવીને સ્વચ્છતા પ્રત્યે લોકોને જાગૃત કર્યા છે. એટલું જ નહીં, જનશક્તિને આ અભિયાન સાથે જોડી પણ છે. આપણા વિશ્વવિદ્યાલયોના વિદ્યાર્થીઓ પણ સ્વચ્છતા અભિયાનમાં જોડાય. આ અભિયાન માત્ર એક દિવસ પૂરતું નહીં, પરંતુ નિરંતર ચાલે તે જરૂરી છે અને તો જ વિદ્યાર્થીઓ માટે સ્વચ્છતા નિત્યકર્મ બનશે.

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ કુલપતિઓને અનુરોધ કરતા લખ્યું છે કે, છાત્રાલયમાં રહેતા વિદ્યાર્થીઓના આવાસ-રૂમોનું પણ સમયાંતરે નિરીક્ષણ થતું રહેવું જોઈએ. એટલું જ નહીં, છાત્રાલય અને શૈક્ષણિક સંકુલોના શૌચાલયની પણ નિયમિત સફાઈ થતી રહે તે પણ સુનિશ્ચિત કરવું પડે. સમગ્ર પરિસરની દીવાલો સ્વચ્છ રહે તે માટે પણ વિશેષ કાળજી જરૂરી છે.

તેમણે તમામ કુલપતિઓને અનુરોધ કર્યો છે કે, તેઓ પોતાની યુનિવર્સિટીઓમાં સ્વચ્છતા અભિયાનનું આયોજન કરે અને નિશ્ચિત કાર્યક્રમની રૂપરેખા તૈયાર કરીને તેની જાણકારી રાજભવનને પણ આપે, જેથી સ્વચ્છતા અભિયાનને હજુ વધુ અસરકારક બનાવી શકાય.

સાપ્તાહિક ગુજરાત વંદન **સંપાદકીય....**

# તંદુરસ્ત ભારત માટે ફૂટબોલની રમતને પણ લોકપ્રિય બનાવી શકાય..., ફિફા..., વેઈટ...ભારતની ટીમ આવે છે...



ભારતમાં ક્રિકેટની રમત જેવી બીજી કોઈ રમત એટલી બધી લોકપ્રિય નથી. ગલીએ ગલીએ ક્રિકેટ રમાય છે. અને આ રમત જોવાની ઘેલછા એવી છે કે કોઈ મેદાનમાં આ રમત રમાતી હશે તો તેને જાવા માટે રાહદારીઓ કે અન્યો બે ઘડી ઉભા રહીને જોશે કે રમનાર કેવુ રમે છે...! ક્રિકેટની રમત ભારતની મૂળ દેશી રમત નથી. અંગ્રેજોની રમત છે અને અંગ્રેજો ભારતમાં આવ્યાં ત્યારે પોતાના માટે આ રંમત શરૂ કરી અને ત્યારબાદ તે ભારતના યુવાનોની સાથે વણાઈ ગઈ..દેશી રમતો ભૂલાઈ ગઈ...

દેશી રમતોમાં ખો-ખો, કબ્બડી જેવી રમતોને ફરી લોકપ્રિય બનાવવાના પ્રાયસોમાં કબ્બડીને ક્રિકેટની જેમ લોકપ્રિય બનાવવાના પ્રયાસોમાં અભિષેક બચ્ચન પણ કાર્યરત છે. તાજેતરમાં કતારમાં ફિફા વિશ્વકપ યોજાયો ત્યારે અડધી દુનિયામાં ફૂટબોલ ફિવર જોવા મળ્યો હતો. બ્રાઝિલ અને આર્જેન્ટીના જેવા કેટલાક દેશોમાં તો પ્રાથમિક શાળામાં ભણતા વિદ્યાર્થીને ફૂટબોલની રમત શિખવાડવામાં આવે છે. જેથી આગળ જતાં રોનાલ્ડો...મેસ્સી કે પેલે જોવા દંતકથારૂપ ખેલાડીઓ તૈયાર થાય.

ક્રિકેટની રમત કરતાં ફૂટબોલની રંમતમાં શારિરીક ક્ષમતા વધારે જોઈએ. કેમ કે ફૂટબોલમાં ગોલ કરવા માટે મેદાનમાં સતત દોડવાનું હોય છે, ફૂટબોલના પગથી છીનવીને ગોલ તરફ લઈ જવાના પ્રયાસો વગેરે.માં અઢળક શક્તિનો ઉપોયગ થાય તેથી એમ પણ કહી શકાય કે ફૂટબોલ એ ખરેખર મર્દાના રમત છે..!

ભારતને તંદુરસ્ત બનાવવા માટે ફૂટબોલની રંમતને ફરીએકવાર ગલીએ ગલીએ પહોંચાડવાની જરૂર છે જેથી નાનપણથી જ નવી પેઢી શારીરિક તંદુરસ્તીવાળી બને અને ભારતમાં પણ કોઈ રોનાલ્ડો..મેસ્સી કે પેલે જોવા ખેલાડીઓ પાકે. હાલમાં ભારતમાં એવા કેટલા ફૂટબોલના ખેલાડીઓ હશે કે જે કોહલી કે કપિલદેવની જેમ જાણીતા હોય..? 1950 અને 1960ના દાયકામાં ભારતમાં ફૂટબોલની રંમત ખૂબ જ લોકપ્રિય હતી અને આંતરરાષ્ટરીય સ્તરે ભારતની ટીમ ભાગ લેતી અને ટ્રોફી જીતતી હતી. ભારતને ફરી એ દોરમાં લઈ જઈને ફૂટબોલક્ષેત્રે પણ રંમતવીરોને તૈયાર કરવા જોઈએ..ફિફામાં પણ ભારતની ટીમ આવનારા સમયમાં ભાગ લઈ રહી હશે...શું એ સપનું સાચુ પડશે ને...? ફિફા, પ્લીઝ વેઈટ...ભારત આવે છે..!

## પશ્ચિમ ઓસ્ટ્રેલિયાના રણમાં તૈયાર થઇ રહ્યું છે દુનિયાનું સૌથી મોટું ટેલિસ્કોપ..!.

**રણ વિસ્તારમાં ક્રિસમસ ટ્રી જેવા આકારના 130,000 એન્ટેના લગાવાશે..**

# અધધ..22.5 કરોડ કિ.મી. દૂર પડેલી કોઇ વસ્તુને પણ શોધી શકશે...!

સાપ્તાહિક ગુજરાત વંદન



ઓસ્ટ્રેલિયાને તારાઓના અભ્યાસ માટે વિશ્વના સૌથી અનુકૂળ સ્થળોમાં ગણવામાં આવે છે. આ અભ્યાસને વધુ ઊંડાણ આપવાના હેતુથી ત્યાં રેડિયો ટેલિસ્કોપ બનાવવામાં આવી રહ્યું છે. એક ક્લસ્ટર બનાવવા માટે અહીં બહુવિધ એન્ટેના ઈન્સ્ટોલ કરવામાં આવશે જે દક્ષિણ આફ્રિકામાં ડિશ નેટવર્ક સાથે કામ કરશે અને સ્ક્વેર કિલોમીટર એરે (SKA) બનાવશે. આ મહાકાય મશીન તારાઓની રચના અને આકાશગંગાના રહસ્યો સાથે જોડાયેલા પ્રશ્નોના જવાબો તો મેળવશે જ, પરંતુ તે બ્રહ્માંડમાં ક્યાંક જીવન છે કે કેમ તે કોયડાને ઉકેલવામાં પણ કામ કરશે.

આ ટેલિસ્કોપ બનાવવાનો વિચાર સૌપ્રથમ 1990 ના દાયકામાં આવ્યો હતો, પરંતુ આ પ્રોજેક્ટ વહીવટીતંત્રની આંટીઘૂંટીમાં અને ભંડોળના અભાવમાં અટવાઈ ગયો હતો. SKA ઓબ્ઝર્વેટરીના ડાયરેક્ટર જનરલ ફિલિપ ડાયમંડનું કહેવું છે કે ટેલિસ્કોપનું નિર્માણ માનવ ઈતિહાસમાં એક સીમાચિહ્નરૂપ છે. તેમણે કહ્યું, "આ ટેલિસ્કોપ વિજ્ઞાનની દિશામાં માણસ દ્વારા કરવામાં આવેલા સૌથી મોટા પ્રયાસોમાંથી એક હશે." જે જમીન પર આ એન્ટેના લગાવવામાં આવશે તે જમીન વઝારી આદિવાસીઓની છે. તેઓ આ જગ્યાને ઈન્યારીમાન્હા ઈંગારી બંદારા કહે છે. તેનો અર્થ છે આકાશ અને તારાઓ વહેંચવા. ડાયમંડ કહે છે, "અમે વિજ્ઞાનમાં કેટલાક મૂળભૂત પ્રશ્નોના જવાબ આપવા માંગતા હોવાથી અમારી સાથે તેમના આકાશ અને તારાઓ શેર કરવાની તેમની ઈચ્છાને માન આપીએ છીએ." આ ટેલિસ્કોપનો બીજો ભાગ દક્ષિણ આફ્રિકામાં લગાવવામાં આવશે. દૂરના કારુ વિસ્તારમાં લગભગ 200 વાનગીઓ ત્યાં સ્થાપિત કરવામાં આવશે. SKA કહે છે કે બે રેડિયો ટેલિસ્કોપ એકબીજા સાથે સરખાવી શકાય નહીં કારણ કે તેઓ અલગ-અલગ ફ્રીક્વન્સીઝ પર કામ કરે છે. જો કે, તેમણે એમ પણ કહ્યું હતું કે SKA ઓસ્ટ્રેલિયા અને દક્ષિણ આફ્રિકા બંનેમાં સંયુક્ત કોઈપણ ટેલિસ્કોપ કરતાં સૌથી વધુ સંવેદનશીલ હશે કારણ કે તે એક જ વાનગી નથી પરંતુ એન્ટેના અને વાનગીઓની શ્રેણી છે જે એકસાથે એક વિશાળ વર્ચ્યુઅલ વાનગી બનાવે છે.

ટેલિસ્કોપ કેટલું શક્તિશાળી હશે, તેના જવાબમાં ટેલિસ્કોપના નિર્દેશક સારાહ પિયર્સનું કહેવું છે કે આ ટેલિસ્કોપ આકાશગંગાના જન્મ અને મૃત્યુના કોયડાઓને ઉકેલવામાં મદદ કરશે. તેમજ આનાથી નવા પ્રકારના ગુરુત્વાકર્ષણ તરંગો શોધી શકાશે અને "બ્રહ્માંડ વિશેની આપણી માહિતીમાં વધુ વધારો થશે." SKA ઓબ્ઝર્વેટરીનું મુખ્ય મથક જોડ્રેલ બેંક, યુકેમાં છે. તેમનું કહેવું છે કે આ દાયકાના અંત સુધીમાં આ ટેલિસ્કોપ કામ કરવાનું શરૂ કરી દેશે. SKA ઓબ્ઝર્વેટરી એ 14 દેશોની સામૂહિક સંસ્થા છે. જેમાં બ્રિટન, ઓસ્ટ્રેલિયા, દક્ષિણ આફ્રિકા, કેનેડા, ચીન, ફ્રાન્સ, જર્મની, ભારત, ઈટાલી, ન્યુઝીલેન્ડ, સ્પેન, સ્વીડન, સ્વિત્ઝર્લેન્ડ અને નેધરલેન્ડનો સમાવેશ થાય છે.

### ટેલિસ્કોપ મંગળ ગ્રહ સુધી પહોંચે એટલો હશે શક્તિશાળી...!

કર્ટિન ઈન્સ્ટિટ્યૂટ ઓફ રેડિયો એસ્ટ્રોનોમીના ડેની પ્રાઇસનું કહેવું છે કે આ ટેલિસ્કોપ અત્યંત શક્તિશાળી હશે.તમે SKAની સંવેદનશીલતાને એ રીતે સમજી શકો છો કે તે 22.5 કરોડ કિલોમીટર દૂર આવેલા મંગળ ગ્રહ પર ગયેલા અવકાશયાત્રીના ખિસ્સામાં પડેલો મોબાઈલ ફોન શોધી શકે છે.....!

### સ્થળ કઈ રીતે પસંદ કરવામાં આવ્યું?

આ ટેલિસ્કોપનું નામ (SKA) છે. જ્યારે આ યોજના બનાવવામાં આવી ત્યારે વિચાર આવ્યો કે ટેલિસ્કોપ એક ચોરસ કિલોમીટરનો વિસ્તાર જોઈ શકે છે. જોકે, ઓબ્ઝર્વેટરીનું કહેવું છે કે ઓસ્ટ્રેલિયા અને સાઉથ આફ્રિકા બંને જગ્યાએ એક સાથે લગાવવામાં આવેલા એન્ટેના તેનો માત્ર અડધો ભાગ જોઈ શકશે. ઓસ્ટ્રેલિયા અને દક્ષિણ આફ્રિકા બંને આવા ટેલિસ્કોપ માટે આદર્શ સ્થાનો છે કારણ કે બંને પાસે વિશાળ નિર્જન વિસ્તારો છે જ્યાં તરંગોના માર્ગમાં કોઈ અવરોધ ન હોવાને કારણે લાંબા પહોળા ડિશ એન્ટેના સ્થાપિત કરી શકાય છે. પશ્ચિમ ઓસ્ટ્રેલિયામાં ક્રિસમસ ટ્રી જેવા આકારના 130,000 એન્ટેના સ્થાપિત કરવામાં આવશે.



**બોધ કથા**

# જીવનની યાત્રા બહુ જ ટૂંકી છે...

એક વૃદ્ધ મહિલા બસમાં મુસાફરી કરી રહી હતી. આગળના સ્ટોપ પર એક સુંદર મજબૂત યુવતી બસમાં ચઢી અને વૃદ્ધ મહિલાની બાજુમાં બેઠી. થોડીવાર પછી તેને બાજુ માં બેઠેલી વૃદ્ધ મહિલાને ધક્કા મારવાનું ચાલુ કર્યુ અને તેના સામાન ને પણ પગથી લાતો મારવા લાગી. યુવતીએ જોયું કે વૃદ્ધ મહિલા તેના આ ખરાબ કૃત્ય કરવા છતાં ચૂપ છે તો પછી તે યુવતી એ તેમને પૂછ્યું "મેં તમારી સાથે આવુ દુષ્કર્મ કર્યું છતાં તમે ચૂપ છો ? તમે કોઈ ફરિયાદ કેમ ન કરી ?"


વૃદ્ધ મહિલાએ હસીને જવાબ આપ્યો, "આટલી નાની-નાની બાબતોમાં અને અસભ્યતા પર ચર્ચા કરવાની મને જરૂર જ ના લાગી. કારણ કે મારી તમારી સાથેની આ સફર બહુ ટૂંકી છે અને હું આગળના સ્ટોપ પર જ ઉતરી જવાની છું. આ જવાબ સુવર્ણ અક્ષરે લખવા લાયક છે. "આવી તુચ્છ બાબત પર ચર્ચા કરવાની જરૂર જ નથી, કારણ કે મારો તમારી સાથેનો પ્રવાસ બહુ ટૂંકો છે" આપણે દરેકે આ સમજવું એટલુ જ જરુરી છે કે આ દુનિયામાં આપણો સમય એટલો ઓછો છે કે તેને નકામી દલીલો, ઈર્ષ્યા, અન્યોને માફ ન કરવા, નારાજગી અને ખરાબ વર્તન પાછળ વ્યર્થ થાય તે યોગ્ય તો ના જ ગણાય. કોઈએ તમારું હૃદય તોડ્યું છે ? શાંત રહો. કારણ કે જીવન ની યાત્રા બહુ જ ટૂંકી છે. શું કોઈએ તમને છેતર્યા, ધમકાવ્યા અથવા અપમાનિત કર્યા છે ? આરામ કરો. તણાવ ન કરો. કારણ કે જીવનની યાત્રા બહુ જ ટૂંકી છે.

કોઈ કારણ વગર તમારું અપમાન કરે છે ? શાંત રહો. અવગણના કરો. કારણ કે જીવન ની યાત્રા બહુ જ ટૂંકી છે. કોઈ પાડોશીએ એવી ટિપ્પણી કરી કે જે તમને પસંદ ન આવી ? -શાંત રહો, તેની તરફ ધ્યાન ન આપો. તેને માફ કરી દો. કારણ કે જીવન ની યાત્રા બહુ જ ટૂંકી છે. કોઈએ તમને કઈ સમસ્યા કે મુશ્કેલી આપી છે? એને ભુલી જાવ. કારણ કે જીવન ની યાત્રા બહુ જ ટૂંકી છે.

કોઈને ખબર નથી કે આપણી મુસાફરી કેટલી લાંબી છે. કોઈને ખબર નથી કે તે તેના અંત પર ક્યારે પહોંચશે ? તો મિત્રો અને કુટુંબીજનોની કદર કરીએ, આદર, દયાળુ અને ક્ષમાશીલ બનીએ. આખરે આપણે કૃતજ્ઞતા અને આનંદથી ભરાઈ જઈશું. તમારું સ્મિત દરેક સાથે વહેંચો. કારણ કે જીવન ની યાત્રા બહુ જ ટૂંકી છે.

આપ સર્વે ની સફળ જીવન યાત્રાની શુભકામના!!

**પુસ્તક પરિચય**



▪ રિપલકુમાર પરીખ

સાપ્તાહિક ગુજરાત વંદન


# પ્રકૃતિપ્રેમમાં તરબોળ કરતું સંવેદનશીલ પુસ્તક

ઉગતા સૂર્યના સોનેરી કિરણો અંગે અંગ ઝીલનારા
દૂધ મલ, શીતળ ચાંદનીમાં સંગાથે બેસી નહાનારા
વહેતા વાયુને સ્પર્શી મોજથી આનંદ માણનારા
ડોલતી ડાળીએ ખીલેલાં પુષ્પો સંગ વાતે ચઢનારા
'ભીનાશનો ઉજાશ' પાથરનારા

ઉપરની આ સંવેદનશીલ પંક્તિઓ દરેક પ્રેમીજનોનો અર્પણ કરીને પોતાનો પ્રકૃતિપ્રેમ દર્શાવતું, પોતાની વરસાદની ભીનાશ, પ્રેમનો ઉજાશ, વૃક્ષનો છાંયો, પક્ષીઓનો કલરવ, દરિયાનો ઘેઘૂર અવાજ, પવનની લહેરખી, સમી સાંજની પવિત્રતા એમ કુદરતનાં દરેક રંગને માણવાની ઈચ્છા પ્રગટ કરતું લાગણીશીલ, તાત્વિક વિચારો દર્શાવતું ભાવવાહી પુસ્તક એટલે ' ભીનાશનો ઉજાશ'.

પ્રકૃતિપ્રેમી લેખક શ્રી ઉમેશ ભટ્ટ દ્વારા રચિત, પ્રકૃતિનો મહીમા ગાતાં આ પુસ્તકનાં લેખક વિશે ગુજરાતી સાહિત્યનાં પૂર્વ અધ્યાપક ડૉ. વિપિનકુમાર કિકાણી જણાવે છે, ' સર્વ મિત્ર શ્રી ઉમેશભાઈ ભટ્ટ મસ્ત મજાના 'અલગારી જીવ છે'. વ્યવસાયે ઈજનેર પરંતુ સમાજ સાથેની નિસબત વધારે ગાઢ તેથી સમાજ જીવનમાં થતી ઉથલપાથલો, પરિવર્તનો, જીવનમાં આવતા બદલાવો પ્રત્યે તેઓ કાયમ સચિંત રહી, આવા વલણો સામે લાલબત્તી ધરતા દેખાય છે. એ અર્થમાં સામાજિક પ્રહરી તરીકેનું કર્તવ્ય દીર્ઘ સમયથી તેઓ જવાબદારીપૂર્વક નિભાવતા આવ્યા છે. 'ધબકાર' માં તેઓ નિયમિત રીતે સાંપ્રત સમાજ અને તેની સમસ્યાઓ પર અસ્ખલિત કટાર લેખન કરે છે. તેઓ ચિંતક છે. તેમનું લખાણ મૌલિક છે, સંવેદના ભર્યું છે.'

પ્રેમનો ઉજાશ પાથરતા નિવૃત્ત આચાર્ય અને કવિ શ્રી સુનીલ શાહ આ પુસ્તક વિશે લખે છે, ' પ્રસ્તુત પુસ્તકના પ્રથમ ભાગમાં આપણા અત્યંત સંવેદનશીલ લેખક આદરણીય શ્રી ઉમેશભાઈ ભટ્ટે એક સ્ત્રીના વિરહના મનોભાવોને ખૂબ સુંદર રીતે આલેખ્યા છે. પત્ની(સ્ત્રી), કમાવા માટે શહેરમાં ગયેલો પ્રિય પતિ અને ગ્રામ્ય પરિવેશની આ કથાના બીજ છે. કથાની શરૂઆત વર્ષાઋતુના વર્ણન સાથે થાય છે, જે સ્ત્રીના લાગણીસભર હૈયાનું પ્રતીક છે. પતિ-પત્ની વચ્ચેના અગાધ પ્રેમની આ કથા પ્રેમના એકરાર, પતિની ગેરહાજરીમાં વિરહ-ઝૂરાપો, પતિના આગમનની ખુશી, તરસ્યા જીવનું મિલન અને ગ્રામસભાથી, 'નારી એ જ નારાયણી' સુધીની યાત્રા પ્રકૃતિના લય સાથે સહજ રીતે વિસ્તરે છે. પુસ્તકના બીજા ભાગમાં માનવીય સંવેદનાઓ, પારિવારિક જીવનના તાણાવાણાને ચોમાસાની ઋતુ સાથે જોડી કુદરતે બક્ષેલી વિપુલ માત્રાની સંપત્તિનો લાભ લેવાનો સુંદર સંદેશ આપ્યો છે. સાથે સાથે કુદરતી સંપત્તિની જાળવણી કરવાની આપણી ફરજ છે એ બાબતને કેવા સરળ શબ્દોમાં છતાં અસરકારક રીતે વર્ણવી છે. 'ભીનાશનો ઉજાશ' પુસ્તકને હું ઉમળકાથી આવકારું છું, આ પુસ્તક આપણા સૌમાં પ્રેમની ભીનાશ અને એનો ઉજાશ ચોક્કસ કાયમ રાખશે.'




પોતાને આ પ્રકૃતિની ભીનાશની સંવેદના કેવી રીતે થઈ તે જણાવતાં લેખક શ્રી ઉમેશ ભટ્ટ લખે છે, ' "ભીનાશ નો ઉજાસ" પુસ્તકનું મથાળું તો બહુ મોડું બંધાયું. વાત કંઈ આમ બની. ગત વર્ષના જૂન માસના અંતિમ દિવસોની બળબળતી બપોરે, સાવ શુષ્ક વાતાવરણમાં આકાશને નીરખતો બેઠો હતો. ચાતક નજરે હું- અને બધાં જ; વાદળોને જોવા આતુર થયાં હતા. વરસાદનું આગમન દૂર ઠેલાતું લાગતું હતું. અચાનક મનમાં વિચાર સ્ફૂર્યો : માણસો હવે પ્રેમભીના નથી થતાં તેથી ધરાભીની થતી નથી, શું? માણસોમાં વિવિધ મતભેદો આધારિત મનની તિરાડો વધતી જાય છે. આકરા તાપને કારણે સુકાતી જતી ધરતી પર તિરાડો પડતી જાય છે. જીવવા માટે બે ચીજની ખાસ જરૂરત છે. એક હૈયાભીના પ્રેમની અને બીજી વરસાદની. આ પુસ્તક માટેના લેખો લખવામાં મને જે આનંદનો અનુભવ થયો છે અને પ્રેમની અનુભૂતિ થઈ છે, તે મારાં માટે અસ્મરણીય, અવર્ણનીય અને અનુપમ ઘટના છે. પ્રકૃતિ અને પ્રેમ માનવીય સંવેદનાને ઝંકૃત કરે છે. આજના ભૌતિકવાદી માહોલમાં માનવીય સંવેદના મૃતઃપ્રાય અવસ્થામાં છે. 'ભીનાશનો ઉજાશ' તેને ધબકતું કરવા ઉપયોગી નિવડશે એવી મને શ્રદ્ધા છે. વરસાદમાં પલળ્યા વગર, પ્રેમભીના થયા વગર; દોસ્તો, જીના તો કયા જીના હૈ?'

પ્રકૃતિનો નિજાનંદ માણતાં આ ૨૪ સંવેદનશીલ લેખોનો સંગ્રહ આપણને પણ પ્રકૃતિની મીઠી સુગંધ અને પ્રેમની ભીનાશ તરફ દોરી લઈ જાય છે. તો આવો આ ' ભીનાશની ઉજાશ' ને એક વખત ચોક્કસ માણીએ.

# બોંબ હુમલામાં પગ ગુમાવનાર દિમાને કહી દેવાયું કે તે ફરી ક્યારેય ચાલી નહીં શકે...

**વિકલાંગ થવું એ જીવનનો અંત નથી, તે એક ડગલું આગળ છે...!**

**બીબીસી આ વર્ષે દિમાને સૌથી વધુ પ્રભાવશાળી 100 મહિલાઓમાં સ્થાન આપ્યું છે**


સાપ્તાહિક ગુજરાત વંદન

હિંસા અને અરાજકતામાં ફસાયેલા વિસ્તારોના રહેવાસીઓની દર્દનાક ઘટનાઓઅવારનવાર અખબારો, ટેલિવિઝન સ્ક્રીનો અને સોશિયલ મીડિયામાં દર્શાવવામાં આવે છે, પરંતુ તેની વચ્ચેની કેટલીક ઘટનાઓ માનવીય સંવેદનાને ઝકઝોરી નાંખે તેવી હોય છે. અને હજારો અને લાખો લોકો તેમાંથી પ્રેરણા લઈ શકે છે.

દરેકને આ દુનિયામાં એક જ જીવન મળે છે, તે કેવી રીતે પસાર કરવું તે તમારા હાથમાં છે, પરંતુ દિમા અમીન એની વાર્તા દુનિયાને અનેરો ખુમારીવાળો માર્ગ બતાવે છે. દિમાનો જન્મ 28 વર્ષ પહેલા સીરિયાના ઉત્તર-પશ્ચિમ ભાગમાં આવેલા 'સાલ્કિન' શહેરમાં થયો હતો. આ નગર 'ઈદલિબ' શહેરથી થોડે દૂર આવેલું છે. જ્યારે દિમા કિશોર વયે હતી, ત્યારે તેના દેશની પરિસ્થિતિ ઝડપથી બગડવા લાગી હતી.

રાષ્ટ્રપતિ અસદની સરમુખત્યારશાહી સામે લોકોનો ગુસ્સો ઠંડો પડી ગયો હતો અને આ જ્વાળામુખીને 'આરબ સ્પ્રિંગ'થી મોં મળ્યું હતું. ઈજિપ્ત, ટ્યુનિશિયા, લિબિયામાં ક્રાંતિની જેમ સીરિયામાં પણ અસદ નિઝામ વિરુદ્ધ લોકો રસ્તા પર ઉતરી આવ્યા હતા. ટૂંક સમયમાં વિરોધ ગૃહ યુદ્ધમાં ફેરવાઈ ગયો. સરકારી દમન સામે હિંસા ફાટી નીકળી અને રક્તપાતની લાંબી શ્રેણી શરૂ થઈ. આ સપ્ટેમ્બર 2012ની વાત છે. ત્યારે દિમા 18 વર્ષની હતી. લગભગ એક વર્ષ થઈ ગયું હતું. એક દિવસ તે તેના લિવિંગ રૂમમાં ટેલિવિઝન જોઈ રહી હતી ત્યારે જોરથી ધડાકો થયો. કોઈ ચેતવણી જારી કરવામાં આવી ન હતી, તેથી તેમના વિસ્તારમાં બોમ્બમારો થઈ શકે તેવો સંકેત પણ નહોતો. આ હુમલાથી આખું ઘર તબાહ થઈ ગયું. સ્થાયી થતાં પહેલાં જ્યારે ગાર્ડ ફરી હોશમાં આવ્યો, ત્યારે દિમાએ જોયું કે બહારનો ઓરડો કાટમાળથી ભરેલો હતો. તે ચીસો પાડી રહી હતી.

તેણે જોયું કે આખો ઓરડો લોહી અને કાટમાળથી ખરડાયેલો હતો. તેણે ચીસો પાડી. અમ્મીએ ઈજાગ્રસ્ત યુવાન દીકરીને જાણે નવજાત શિશુ હોય તેમ પોતાના બાહુમાં લપેટી લીધી. તે એમ્બ્યુલન્સ સુધી પહોંચી ત્યાં સુધીમાં, દિમાને ખબર પડી ગઈ હતી કે તેનો એક પગ એટલો ખરાબ રીતે ક્ષતિગ્રસ્ત છે કે તે ફક્ત તેને હલાવી શકે છે. શોકાતુર પરિવારજનો પાસેથી જાણે કોઈએ અવાજ છીનવી લીધો હોય તેમ સૌની આંખોમાંથી બસની વેદના વહી રહી હતી.




એમ્બ્યુલન્સ ઈદલિબ શહેર તરફ દોડી. તેને મોટી હોસ્પિટલમાં પહોંચવાનું હતું જ્યાં દીનું ઓપરેશન થઈ શકે. પીડાથી પીડિત, દિમાને તે સમયે ફક્ત એવું જ લાગતું હતું કે તે આ રસ્તા પર જ, આગામી વળાંક પર પોતાનો શ્વાસ ગુમાવી શકે છે. પરંતુ નિયંત્રકે તેની લય જાળવી રાખી હતી. બીજા દિવસે દિમાનું ઓપરેશન થયું. ડોક્ટરોએ તેનો ડાબો પગ ઘૂંટણમાંથી કાપી નાખવો પડ્યો.

દિમાને કહેવામાં આવ્યું હતું કે તે ફરી ક્યારેય ચાલી શકશે નહીં. સુરક્ષા એ અરાજકતાગ્રસ્ત વિસ્તારોના લોકોની મૂળભૂત ચિંતા છે, પરંતુ અહીં જીવ બચાવવો પણ બોજા સમાન લાગતો હતો. આ તે કઈ રીતે કેવી રીતે જીવાશે? પરંતુ નિષ્ણાતોએ કહ્યું કે, બધુ ખોવાઈ ગયું નથી, તે કૃત્રિમ પગની મદદથી સામાન્ય જીવન જીવી શકે છે. પણ આટલા બધા પૈસા ક્યાં હતા? તો શું બાકીનું જીવન ક્કાખઘોડી ના સહારે પસાર થશે? આ પ્રશ્ન મને પરેશાન કરતો હતો.

દેશની સ્થિતિ વધુ ને વધુ ખરાબ થઈ રહી છે. આખરે કુટુંબ લેબનોન સ્થળાંતર કર્યું, જ્યાં એક પુત્ર પહેલેથી જ રહેતો હતો. લેબનોન સીરિયા કરતાં વધુ સુરક્ષિત હતું, પરંતુ શરણાર્થીઓનું જીવન ખૂબ જ મુશ્કેલ હતું. દિમાના ભાઈ-બહેનોને શાળાઓમાં પ્રવેશ આપવામાં આવતો ન હતો અને કોઈ તેમને નોકરી આપવા તૈયાર નહોતું. જોકે તેને જીમમાં જવાની સગવડ હતી. સીરિયામાં ગૃહયુદ્ધ શરૂ થયું તે પહેલાં દિમા ખૂબ દોડતો હતો, પરંતુ હવે માત્ર એક પગ ગાયબ છે. જ્યારે પણ તેણીએ કોઈને તેની આસપાસ દોડતા જોયા, ત્યારે તેનું હૃદય પીડાતું.

1997માં ઓ કૃત્રિમ પગ બહુ મોંઘો હતો, પણ મનના કોઈ ખૂણે આશાની જ્યોત જલતી રહી. તેણીએ તેના માત્ર એક પગને મજબૂત બનાવવાનું શરૂ કર્યું. કાખઘોડી વગર એક પગ પર ઊભા રહેવાની પ્રેક્ટિસની સાથે તેણે ખભાની કસરત પણ શરૂ કરી. પરંતુ દોડવાના તેના જુસ્સાને 2017માં મજબૂત સ્થાન મળ્યું, જ્યારે તેણીને યુનાઈટેડ નેશન્સ રિસેટલમેન્ટ પ્રોગ્રામ હેઠળ બેડફોર્ડશાયર, યુકેમાં રહેવાની મંજૂરી આપવામાં આવી.

દિમા તરત જ બ્રિટન આવી ગઈ. વર્ષ 2018માં તેને રાષ્ટ્રીય સ્વાસ્થ્ય યોજના હેઠળ કૃત્રિમ પગ પણ મળ્યો હતો. માત્ર પગ જ નહીં, અમૂલ્ય સપનાઓને પાંખો મળવાની હતી. દિમા કૃત્રિમ પગને પકડીને સૂઈ જતી. શરૂઆતમાં, કૃત્રિમ પગ પહેરીને ચાલવું ખૂબ જ પીડાદાયક હતું, પરંતુ ટ્રેનરની મદદથી, પગ અને પીઠનો દુખાવો ટૂંક સમયમાં ઓછો થઈ ગયો અને દિમા ટ્રેડમિલ પર કસરત કરીને સંતુલન બનાવી શકી.

તે હવે ફ્લિટવિક (બેડફોર્ડશાયર)માં રહે છે અને પ્રાથમિક શાળામાં નાના બાળકોની સુપરવાઈઝર છે. કૃત્રિમ પગ જોઈને દિમા ખુશ થઈ જાય છે જ્યારે બાળકો તેને 'રોબોટ મેમ' કહે છે. જાણે દર્દની નદી ઓળંગીને તે કોઈ ગુલશનમાં આવી ગઈ હોય. આંતરીક ડિઝાઈનનો

(અનુસંધાન પેજ નં.૬ પર)

Printed, Published and Owned by Editor - NIKUNJ SUDHIRKUMAR PATEL Printed at Bhaskar Printing Press, Survey No.148-P, Near Naagdevta Temple, Changodar-Bavla HighWay, Ta.Sanand, Dist. Ahmedabad, Gujarat and published from 301, Kalptaru Complex, Opp. Premchand Nagar, Jodhpur Satyagrah Chhavni Road, Ahmedabad – 380 015 Tel. 079-48987111. Co-Editor PRAVIN GHAMANDE Responsible for Selection of news under PRB Act'.

### હેમચંદ્રાચાર્ય યુનિ.ના લાઈફ સાયન્સના પ્રો. ડૉ.આશિષ પટેલનું નવું સંશોધન

## બટાટામાંથી સોનું બને કે ના બને પણ બાયો પ્લાસ્ટિક ચોક્કસ બની શકે છે...!

ગુજરાત | વંદન

રાજકારણમાં કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીના નામે વિરોધિઓ દ્વારા એક વીડિયો વાયરલ કરાયો હતો જેમા રાહુલ કોઈ સંદર્ભમાં એમ કહે છે કે મશીનમાં એક બાજુથી બટાટા (આલુ) નાંખો અને બીજે છેડેથી સોનું નિકળશે. જોકે રાહુલ ગાંધી નહીં પણ કોઈ અન્ય નેતા આવું બોલ્યા હતા અને રાહુલના નામે આ વીડિયો વાયરલ કરાયો હતો. એક બાજુથી બટાટા નાંખીએ અને સોનું નિકળે કે ના નિકળે પણ ગુજરાતના એક પ્રોફેસરે બટાટામાંથી બાયો પ્લાસ્ટિક બની શકે એવી અદ્ભુત શોધ કરી છે. પાટણમાં લાઈફ સાયન્સના એક્સપર્ટ પ્રો. ડૉ. આશિષ પટેલની ટીમ 8 મહિનાના સંશોધન બાદ બટાટાના સ્ટાર્ચ માંથી બાયો પ્લાસ્ટિક બનાવવામાં સફળ રહી છે. આ બાયો પ્લાસ્ટિક પાણીમાં ત્રણ દિવસમાં અને જમીનમાં 7 દિવસમાં જ નાશ પામશે. ટીમ દ્વારા સંશોધન સફળ રહેતા હવે આગામી સમયમાં પ્લાસ્ટિકના પ્રદૂષણને અટકાવવા માટે જીવન જરૂરિયાત ઉપયોગી વસ્તુઓ બાયો પ્લાસ્ટિક માંથી બનાવવાની કામગીરી પર કામ કરશે.

વિશ્વમાં વધતા પ્લાસ્ટીક પ્રદૂષણથી પર્યાવરણ અને માનવ જાતિ માટે ભવિષ્યમાં થનાર ભયંકર આડઅસરને ધ્યાનમાં લઈ પ્લાસ્ટિકના વિકલ્પ તરીકે બાયો ડિ-ગ્રેડેબલ પ્લાસ્ટિક બનાવવા માટે ગુજરાત સ્ટેટ બાયોટેકનોલોજી મિશન તરફથી હેમચંદ્રાચાર્ય યુનિવર્સિટીના લાઈફ સાયન્સ વિભાગના પ્રો. ડૉ.આશિષ પટેલને બટાટાના સ્ટાર્ચ માંથી બાયો પ્લાસ્ટિક બનાવવા માટે એપ્રિલ 2022 માં અંદાજે 47 લાખ રૂપિયાના અનુદાન સાથે પ્રોજેક્ટ આપવામાં આવ્યો હતો.

આ પ્રોજેક્ટમાં ડૉ.આશિષ પટેલ તેમજ રિસર્ચ ટીમમાં શિખા પટેલ, અવનિ ઠક્કર, રજત પટેલ, માર્ગી પટેલ, પટેલ ભક્તિ, ચૌધરી જયમીના, પટેલ શ્રેયા, પટેલ વિધિ, પટેલ વિદ્યા મળી 10 લોકોની ટીમ દ્વારા છેલ્લા આઠ મહિનાથી વિવિધ અભ્યાસ અને પ્રયોગો કરી અંતે બટાટાના સ્ટાર્ચ માંથી બાયો પ્લાસ્ટિક બનાવવામાં આવ્યું છે. તેમનું આ સંશોધન સફળ થતા આંતરરાષ્ટ્રીય કક્ષાની સુપ્રસિદ્ધ જર્નલ ઓફ એન્વાયરમેન્ટ સાયન્સ એન્ડ ટેકનોલોજીની અંદર 18 ઓગસ્ટ 2022 માં પ્રસિદ્ધ પણ કરવામાં આવ્યું છે. જેને નિષ્ણાતો દ્વારા ઉત્તમ ગણાવ્યું છે.



#### દુનિયામાં દર વર્ષે નિકળે છે 1.50 લાખ કિલો પ્લાસ્ટિકનો કચરો

દુનિયામાં અત્યારે દરેક વસ્તુઓમાં પ્લાસ્ટિકનો વપરાશ વધુ હોય દર વર્ષે 150 મેટ્રિક ટન એટલે 1.50 લાખ કિલોગ્રામ પ્લાસ્ટિકનો કચરો નીકળે છે. એક સર્વેના અંદાજ મુજબ 2050 સુધીમાં આ કચરો વધીને 7 કરોડ 61 લાખ કિલો પહોંચવાનો અંદાજ છે. જેથી તેના વિકલ્પ સ્વરૂપે પર્યાવરણ અને માનવ જાતિને સુરક્ષિત રાખવા માટે બાયો ડિગ્રેડબલ પ્લાસ્ટિક ભવિષ્યમાં વિકલ્પ બનશે.

#### બાયો ડીગ્રેડેબલ પ્લાસ્ટિક ભવિષ્યમાં અત્યંત આવશ્યક

જીવન જરૂરિયાતની વસ્તુઓમાં સૌથી વધુ પ્લાસ્ટિકની બોટલ અને કોથળી તેમજ પેકિંગ મટીરીયલ વપરાય છે.જેથી સૌપ્રથમ આ વસ્તુઓ બાયો પ્લાસ્ટિક થી બનાવવા માટે કામ કરીશું. અંદાજે એક વર્ષ જેટલો સમય આમાં લાગશે. તેમજ સમાજને સુરક્ષિત રાખવા પ્લાસ્ટિકનું પ્રદૂષણ અટકાવવા માટે બાયો ડીગ્રેડેબલ પ્લાસ્ટિક ભવિષ્યમાં અત્યંત આવશ્યક હોય આ ક્ષેત્રે મારું વધુ સંશોધન ચાલુ રહેશે.

#### બાયો પ્લાસ્ટીકથી થશે આ મોટા ફાયદાઓ

બટાટાનો બાયો પ્લાસ્ટિક બનાવવામાં ઉપયોગ થશે તેનાથી દેશમાં સૌથી વધુ બટાટાનું ઉત્પાદન કરતા ડીસાના ખેડૂતોને ભાવ ઊંચા મળશે. દેશમાં હાલમાં બાયો પ્લાસ્ટિક બનાવવા માટે ચાઇનાથી કાચા માલની આયાત કરવી પડતી હોય તે બંધ થતાં દેશમાં આર્થિક સધ્ધરતા આવશે. બાયો પ્લાસ્ટિક વધુમાં વધુ સાત દિવસમાં જ નાશ પામતું હોય પ્લાસ્ટિક પ્રદૂષણ અટકશે.

### ભૂમાફિયા જયેશ પટેલને ભારત સોંપવાના કેસની સુનાવણી પૂર્ણ

## ગુજસીટોક કેસ : કુખ્યાત ભૂમાફિયા જયેશ પટેલને ગુજરાત લવાશે

ગુજરાત | વંદન

જામનગરના ભૂમાફિયા અને ગેંગસ્ટર જયેશ પટેલને ભારત પ્રત્યાર્પણ કરવાના કેસની સુનાવણી લંડનની વેસ્ટમીનસ્ટર મેજીસ્ટ્રેટની કોર્ટમાં પૂર્ણ થઈ ગઈ છે અને તેને ભારતને સોંપાશે કે કેમ તેનો ચૂકાદો આગામી 3 માર્ચ 2023ના રોજ આવવાની સંભાવના છે. ભૂમાફિયા જયેશ પટેલ સામે જમીન કૌભાંડ, ખંડણી, હત્યા સહિતના ત્રણ ડઝનથી પણ વધારે ગુના નોંધાયેલા છે. આ ઉપરાંત તે ગુજસીટોક પ્રકરણમાં મુખ્ય આરોપી છે. થોડા વર્ષો અગાઉ દેશ છોડીને વિદેશ ભાગી ગયેલા મૂળ જામનગરના જયેશ પટેલ ઉર્ફે જયસુખ મુળજીભાઈ રાણપરીયાની માર્ચ 2021માં લંડન ખાતે ધરપકડ કરીને જેલના સળિયાની પાછળ ધકેલી દેવામાં આવ્યો હતો. જે બાદ ભારત સરકાર દ્વારા આરોપીનો પ્રત્યાપણથી કબ્જો લેવા કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી, આ અંગેનો કેસ લંડનની કોર્ટમાં ચાલે છે. તાજેતરમાં થયેલી સુનાવણીમાં લંડનની વેસ્ટમીનસ્ટર મેજીસ્ટ્રેટની કોર્ટમાં જયેશ પટેલને વીડિયો કોન્ફરન્સ મારફતે હાજર રખાયો હતો. આ દરમિયાન સરકાર વતી કલેર ડોબિન નામક ધારાશાસ્ત્રી હાજર રહ્યા હતાં.

#### માર્ચે કોર્ટ આપી શકે છે ચુકાદો

સુનાવણી દરમિયાન ધારાશાસ્ત્રી દ્વારા જયેશ પટેલની માનસિક સ્થિતિ અંગે રજૂઆત કરવામાં આવી હતી. સૂત્રો દ્વારા મળતી માહિતી અનુસાર, લંડન કોર્ટમાં જામનગરના જમીન માફીયા જયેશ પટેલને ભારતને સોંપવાના કેસની સુનાવણી પૂર્ણ થઇ છે. જયેશ પટેલને ભારતને સોંપણી કરવાના મામલે લંડનની કોર્ટમાં આગામી માર્ચ મહિનામાં નિર્ણય કરે તેવી શક્યતાઓ જોવા મળી રહી છે.

## સાપ્તાહિક રાશિફળ

પંડિત અજય શર્મા

**મેષ** (અ.લ.ઈ): નજીકના લોકો સાથે મુલાકાત અને મનોરંજનમાં સમય પસાર થશે. અનુભવી વ્યક્તિઓ સાથે તમારા વ્યક્તિત્વમાં પણ નિખાર આવશે. ઘરમાં બાળકોની કિલકારીને લગતી શુભ સૂચના મળવાથી ઉત્સવનું વાતાવરણ રહેશે. તમારી ઉપર જવાબદારી વધારે રહેશે.

**વૃષભ** (બ.વ.ઉ): ઘરમાં નજીકના સંબંધીઓના આગમનથી સુખમય વાતાવરણ રહેશે. રાજનૈતિક સંપર્ક બનશે જે લાભદાયી રહેશે. તમારું વર્ચસ્વ જાળવી રાખવાનો આ ઉત્તમ સમય છે. સંપત્તિને લગતું કોઈપણ કામ પૂર્ણ થઈ શકે છે. તમારી યોજનાઓ અને ગતિવિધિઓની ચર્ચા કોઇ સામે ન કરો.

**મિથુન** (ક.છ.ઘ): ઘરના વડીલોની દેખરેખ અને માન-સન્માન જાળવી રાખવું તમારું કર્તવ્ય છે. તેમના માર્ગદર્શન અને સાનિધ્યમાં તમને ઘણું શીખવા મળી શકે છે. તમારા જીવનમાં આવી રહેલાં ફેરફારનો સ્વીકાર કરો, આ ફેરફાર તમારા માટે પોઝિટિવ જ રહેશે.

**કર્ક** (ડ.હ): પરિવાર સાથે ધાર્મિક અને અધ્યાત્મિક ગતિવિધિઓમાં સમય પસાર થશે. તમારો પોઝિટિવ વ્યવહાર પારિવારિક સમસ્યાઓને શ્રેષ્ઠ રીતે ઉકેલ કરવામાં મદદગાર રહેશે. કોઈ અટવાયેલું સરકારી કામ આજે પૂર્ણ થઈ શકે છે. તમે તમારી સમજણથી સમસ્યાનો ઉકેલ પણ શોધી લેશો.

**સિંહ** (મ.ટ): આગામી સપ્તાહ તમને નવી-નવી જાણકારીઓ પ્રાપ્ત થશે. તમે તમારી વાતો દ્વારા અને કાર્યક્ષમતા દ્વારા તમારું કોઈપણ કામ કઢાવવામાં સક્ષમ રહેશો. કોઈપણ મોટું રોકાણ કરતા પહેલાં તેને લગતી દરેક વાત અંગે યોગ્ય વિચાર કરી લો. નહીંતર કોઈ મુશ્કેલીમાં ફસાઈ શકો છો.

**કન્યા** (પ.ઠ.ણ): આર્થિક દૃષ્ટિએ સમય અનુકૂળ છે. માત્ર તમારે દૃઢ નિશ્ચયી થઈને કામ કરવાનું છે. ઘરની દેખરેખને લગતા સામાનની ઓનલાઈન શોપિંગમાં પણ સમય પસાર થશે. ગ્રહ સ્થિતિ થોડી એવી છે કે અન્યની સલાહની જગ્યાએ પોતાના ઉપર જ વિશ્વાસ રાખીને કામ કરો. તેનાથી તમને વધારે સફળતા મળી શકે છે.

**તુલા** (ર.ત): તમારી કાર્યકુશળતાના બળે તમે અનેક મહત્ત્વપૂર્ણ કામ યોગ્ય રીતે પૂર્ણ કરી શકશો. તમારા વિરોધી ઈર્ષ્યાની ભાવનાથી તમારા વિરૂદ્ધ અફવાહ ફેલાવી શકે છે. શેરબજાર અને રિસ્કને લગતા કાર્યો તમારા માટે લાભદાયી સ્થિતિ બનાવી રહ્યા છે.

**વૃશ્ચિક** (ન.ય): ગ્રહ ગોચર તમારા માટે થોડી પોઝિટિવ સફળતા લઈને આવી રહ્યું છે. તમે રોજિંદા કામથી અલગ થોડું નવું કરવાની કોશિશ કરશો, ધ્યાન રાખો કે કોઈપણ નિર્ણયને લવામાં વધારે સમય લગાવવો હાથમાં આવેલી સફળતાને દૂર પણ કરી શકે છે. મામા પક્ષ સાથે સંબંધોને મધુર જાળવી રાખો.

**ધન** (ભ.ધ.ફ): આગામી અઠવાડિયું તમારા પરિવારમાં સારી વ્યવસ્થા જાળવી રાખવા માટે જે નિયમ અને કાયદા બનાવ્યાં છે, તેના કારણે ઘરમાં અનુશાસિત અને સુખદ વાતાવરણ રહેશે. ઘરના વડીલ સભ્યોના સ્વાસ્થ્યને લગતી મુશ્કેલી આવવાથી તમારી દિનચર્યા થોડી અસ્ત વ્યસ્ત રહી શકે છે.

**મકર** (ખ.જ): આ અઠવાડિયે પ્રોપર્ટીને લગતું કોઈ સરકારી કામ અટવાય તો તેના ઉપર ધ્યાન આપો. તમને સફળતા મળી શકે છે. રોકાણને લગતી ગતિવિધિઓ માટે પણ દિવસ અનુકૂળ છે. માત્ર અન્ય લોકોની સલાહની અપેક્ષાએ તમારી યોગ્યતા અને ક્ષમતા ઉપર વિશ્વાસ કરો.

**કુંભ** (ગ.સ.શ.ષ): અચાનક કોઈ સમસ્યાનો ઉકેલ મળવાથી તમે તણાવમુક્ત રહેશો. ધાર્મિક અને અધ્યાત્મિક ગતિવિધિઓમાં પણ રસ રહેશે. તેના કારણે તમારા વિચારો અને વ્યક્તિત્વમાં પોઝિટિવ અને સંતુલિત પરિવર્તન આવી શકે છે. ઈગો અને અતિ આત્મવિશ્વાસ તમારી નબળાઈ બની શકે છે.

**મીન** (દ.ચ.ઝ): આવનાર સપ્તાહ તમારુ કોઈ સપનું સાકાર થવાનું છે. એટલે તમારા કાર્યો ઉપર સંપૂર્ણ રીતે ધ્યાન કેન્દ્રિત કરો. ગ્રહ ગોચર શુભ રહેશે. પરંતુ તેનો સદુપયોગ કરવો તમારી યોગ્યતા ઉપર નિર્ભર કરે છે. અનેકવાર તમારા ખોટા શબ્દોના પ્રયોગથી થોડા લોકોમાં નિરાશાનો ભાવ ઉત્પન્ન થાય છે. એટલે તમારી બોલચાલની રીત નરમ રાખવી. થોડી બેદરકારી તમને તમારા લક્ષ્યથી ભટકાવી પણ શકે છે.

### નોંધારાનો આધાર....સવાણી પરિવાર..



સુરત શહેરના મોટા વરાછા ખાતે સવાણી હાઈસ્કૂલમાં જેમના પિતા હયાત નથી તેવી 300 જેટલી છોકરીઓના સમૂહ વિવાહ કરવામાં આવ્યા હતા. તસ્વીર: મૌર્ય ભાગ્યવાન

### જન્માષ્ટમીએ વિકાસકાર્યોનું ખાત મુહૂર્ત કરી પ્રોજેક્ટ શરૂ થશે

## જય શ્રી કૃષ્ણ..., દ્વારકામાં કૃષ્ણની વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા પ્રસ્થાપિત કરાશે

ગુજરાત | વંદન

પ્રસિદ્ધ યાત્રાધામ દ્વારકાને પશ્ચિમ ભારતના સૌથી મોટા ધાર્મિક- આધ્યાત્મિક સ્થળ તરીકે ડેવલપ કરવા રાજ્ય સરકારે મહત્ત્વાકાંક્ષી દ્વારકા કોરિડોર પ્રોજેક્ટની કામગીરી ઝડપી બનાવવાની સૂચના આપી છે. આ પ્રોજેક્ટ હેઠળ અહીં ભગવાન કૃષ્ણની વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા પ્રસ્થાપિત કરવામાં આવશે. 2023ની 7 સપ્ટેમ્બર એટલે કે આગામી જન્માષ્ટમી સુધીમાં દ્વારકા કોરિડોરના ફેઝ-1ના નિર્માણ કાર્યનું ભૂમિપૂજન કરવાનો નિર્ણય ગુરુવારે મળેલી નવી સરકારની પ્રથમ કેબિનેટ બેઠકમાં લેવામાં આવ્યો છે.

રાજ્ય સરકારના પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે કહ્યું કે ભગવાન શ્રીકૃષ્ણનું મંદિર અને પવિત્ર યાત્રાધામ દ્વારકા દેશભરના શ્રદ્ધાળુઓ માટે આસ્થાનું કેન્દ્ર રહ્યું છે ત્યારે રાજ્ય સરકારે દ્વારકા કોરિડોર બનાવવાનો સંકલ્પ કર્યો છે. કાલ્પનિક દુનિયાનો વાસ્તવિક અનુભવ કરાવતા 3D ઈમર્સીવ એક્ઝિબિશનનું નિર્માણ કરાશે. આ ઉપરાંત શ્રીમદ ભાગવદ ગીતા એક્સપિરીયન્સ ઝોન તથા વિલુપ્ત દ્વારકા નગરીની વ્યૂઈંગ ગેલેરીના નિર્માણની કામગીરી ટૂંક સમયમાં હાથ ધરવામાં આવશે.



આગામી જન્માષ્ટમી સુધીમાં પ્રથમ તબક્કાની કામગીરીના ભૂમિપૂજનના લક્ષ્યાંક સાથે આયોજન અને ડિઝાઈનનું કામ શરૂ કરવામાં આવશે. આ માટેના સંપૂર્ણ આયોજન માટે મુખ્ય સચિવ પંકજકુમારની અધ્યક્ષતામાં સિનિયર સચિવોની કમિટીની રચના કરવામાં આવી છે. આ કમિટી આ પ્રોજેક્ટના આયોજન તેમજ તેની કામગીરીનું મોનિટરીંગ કરશે. ભાજપે ચૂંટણી ઢંઢેરામાં દ્વારકા કોરિડોર ઉપરાંત સોમનાથ, અંબાજી અને પાવાગઢ જેવા તીર્થસ્થળોના વિકાસ, નવિનીકરણ અને પ્રચાર પ્રસાર માટે 1 હજાર કરોડ રૂપિયાની ફાળવણીનો વાયદો કર્યો હતો.

## મોઢેરાનું સૂર્ય મંદિર અને ઐતિહાસિક વડનગર નો યુનેસ્કોની યાદીમાં સમાવેશ

### ગુજરાત માટે ગૌરવના સમાચાર

ગુજરાત | વંદન

યુનેસ્કો વર્લ્ડ હેરિટેજની અસ્થાયી યાદીમાં ભારતના 3 સાંસ્કૃતિક સ્થળોનો સમાવેશ કરવામાં આવ્યો છે. આમાં મોઢેરાનું સૂર્ય મંદિર, ગુજરાતનું ઐતિહાસિક વડનગર શહેર (PM મોદીનું જન્મસ્થળ) અને ત્રિપુરામાં ઉનાકોટીની શિલ્પોનો સમાવેશ થાય છે. આ માહિતી ભારતીય પુરાતત્વ સર્વેક્ષણ (ASI) દ્વારા આપવામાં આવી છે.

પૌરાણિક વડનગર શહેર અને મોઢેરાના સૂર્ય મંદિરનો વર્લ્ડ હેરિટેજમાં સમાવેશ કરાયો છે. કેન્દ્રીય પ્રવાસન અને સાંસ્કૃતિક મંત્રી જી. કિશન રેડ્ડીએ ટ્વીટ કરીને આ જાણકારી આપી હતી. ગુજરાતની આગવી ઓળખ ગણાતું મોઢેરાનું સૂર્યમંદિર સ્થાપત્ય અને કલાની દ્રષ્ટિએ બેનમૂન ગણાય છે. જ્યારે ઐતિહાસિક વડનગર શહેર 8મી સદીમાં બંધાયું હોવાનું માનવામાં આવે છે. ત્યારે યુનેસ્કોએ વર્લ્ડ હેરિટેજ સાઈટમાં ભારતની વધુ ત્રણ સાઈટને હંગામી યાદીમાં સમાવેશ કર્યો છે. ત્રિપુરા રાજ્યની ઉનાકોટી સાઈટની સાથે રાજ્યના મહેસાણા જિલ્લાના બે પ્રવાસન સ્થળનો સમાવેશ કરાયો છે. મહેસાણા જિલ્લામાંથી પસાર



થતા કર્કવૃત પર સૂર્યમંદિર આવેલું હોવાથી સૂર્યનું પ્રથમ કિરણ સૂર્યમંદિરમાં પ્રવેશે છે. દર વર્ષે યોજાતા શાસ્ત્રીય નૃત્ય મહોત્સવ એવા ઉત્તરાર્ધ મહોત્સવના કારણે સૂર્યમંદિરની ખ્યાતિ દેશ- વિદેશમાં પ્રસરી છે. તેવી જ રીતે વડનગર શહેર સૌથી પુરાણુ શહેર ગણાય છે. વડનગર શહેર અને તેની આસપાસમાં પુરાતત્વ વિભાગ દ્વારા ઉત્ખનન કરાતા પ્રાચીન બૌદ્ધ સ્તુપો મળી આવ્યા હતા. જેથી વડનગર શહેર બૌદ્ધ ધર્મના અનુયાયીઓ ઉપરાંત પ્રાચીન નગરોનું સંશોધન કરતા ઈતિહાસકારો માટે વિષય બની ગયું છે.

યુનેસ્કોની અસ્થાયી વિરાસત લિસ્ટ એ સંપત્તિઓનું લિસ્ટ છે જેના પર તમામ રાજ્યની સરકારો નામાંકન માટે વિચાર કરવા માંગે છે. જો કે, કોઈપણ સાંસ્કૃતિક, પ્રાકૃતિક અથવા મિશ્ર હેરિટેજ સાઈટને યુનેસ્કોની વર્લ્ડ હેરિટેજ સૂચિમાં સમાવિષ્ટ કરવા માટે અસ્થાયી યાદીમાં સાઈટનો ઉમેરો કરવો આવશ્યક શરત છે.

## છઠ્ઠી જાન્યુ.થી ઇડરીયા ગઢ ખાતે આરોહણ-અવરોહણ સ્પર્ધાનું આયોજન

ગુજરાત | વંદન

યુવક, સેવા અને સાંસ્કૃતિક વિભાગ અંતર્ગત જિલ્લા રમત ગમત કચેરી, સાબરકાંઠા દ્વારા ઐતિહાસિક પર્વત ઈડર ખાતે આગામી તા. ૬ અને ૭ જાન્યુઆરી ૨૦૨૩ના રોજ જુનિયર ભાઈઓ બહેનો ૧૪ થી ૧૮ વય જૂથના રાજયભરના યુવાનો માટે સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે.

આ સ્પર્ધા રાજકોટ, સુરેન્દ્રનગર, સાબરકાંઠા અને પંચમહાલ જિલ્લા ખાતે યોજાશે. સબારકાંઠા જિલ્લાના સ્પર્ધકોને રાત્રિ રોકાણ અર્થે બહોનો માટે ઈડર ડાયટ અને ભાઈઓ માટે અનુસૂચિત જાતી કુમાર છાત્રાલય, વિજયનગરને આરક્ષિત કરવામાં આવ્યા છે. સ્પર્ધક કોઇ પણ એક ખાતેની સ્પર્ધામાં ભાગ લઇ શકશે. જિલ્લામાં એક થી દશ ક્રમ મેળવનાર સ્પર્ધકોને ગીરનાર ખાતે યોજાનાર રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધામાં મોકલવામાં આવશે.

### રાજકોટ કાર અને ડમ્પર વચ્ચે અકસ્માત થતાં


## બે નિવૃત્ત એએસઆઈ સહિત 4 વ્યક્તિઓના મોત, 5 ઘાયલ

ગુજરાત | વંદન

શહેર પોલીસ કમિશનરેટ એરિયામાં આવતા માલિયાસણ ગામ પાસે ડમ્પર અને ઈકો કાર વચ્ચે અકસ્માત સર્જાયો હોવાની ઘટના સામે આવી છે. સમગ્ર ઘટનામાં બે નિવૃત્ત આસિસ્ટન્ટ સબ ઈન્સ્પેક્ટર સહિત ત્રણ વ્યક્તિઓના મોત નીપજીયા હોવાનું પણ સામે આવ્યું છે. તેમજ સમગ્ર બનાવમાં છ વ્યક્તિઓને ઈજા પણ પહોંચી હોવાનું જાણવા મળી રહ્યું છે.

પોલીસ સુત્રો તરફથી મળતી માહિતી મુજબ, રાજકોટ શહેરના કુવાડવા પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવતા માલિયસણ પાસે ડમ્પર અને eeco કાર વચ્ચે અકસ્માત સર્જાયો હતો. જે અક્સમાતમાં રાજકોટ શહેરના જામનગર રોડ પર આવેલા પરાશર પાર્કમાં રહેતા નિવૃત્ત એએસઆઈ પૃથ્વીરાજસિંહ બહાદુર સિંહ જાડેજા તેમજ રેલ નગર પાસે રહેતા જયેન્દ્રસિંહ ઉમેદ સિંહ ઝાલા અને ઈન્દ્રજીતસિંહ પ્રવિણસિંહ જાડેજાની ઘટના સ્થળ પર જ મોત નીપજ્યું હોવાનું સામે આવ્યું છે.

સમગ્ર મામલામાં પ્રકાશબા જાડેજા, કૈલાશબા જાડેજા, પ્રિયાંશીબા જાડેજા, મહેશ્વરી બા જાડેજા, સુમનબા ઝાલા, માયાબા જાડેજાને ઈજા પણ પહોંચી હોવાનું સામે આવ્યું છે. ત્યારે સમગ્ર મામલે તમામને સારવાર અર્થે સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હોવાનું સામે આવ્યું છે.



મળતી માહિતી મુજબ, તમામ વ્યક્તિઓ ડાકોરના ઠાકોરના દર્શન કરી ઘરે પરત ફરી રહ્યા હોય ત્યારે શહેરના સીમાડે કાળ ભેટ્યો હોવાની ઘટના સામે આવી છે. ત્યારે સમગ્ર મામલે સ્થાનિક કુવાડવા પોલીસને જાણ થતા કુવાડવા પોલીસના પીઆઇ ચૌધરી સહિતનો સ્ટાફ ઘટના સ્થળે પહોંચ્યો હતો. તેમજ જરૂરી પંચનામાની કરી વાહીને પૂર્ણ કર્યા બાદ મૃતકો ની લાશને પીએમ અર્થે પોસ્ટ મોર્ટમ રૂમ ખાતે ખસેડવામાં આવી હતી. તેમજ પીએમ ની કાર્યવાહી પૂર્ણ થયા બાદ તમામ મૃતકોની લાશને તેમના પરિવારજનોને સોંપવામાં આવી છે. ત્યારે હાલ પરિવારમાં ત્રણ જેટલા વ્યક્તિઓ ના મૃત્યુ નીપજતા ઝાલા પરિવાર અને જાડેજા પરિવારમાં શોકનું મોજુ ફરી વળ્યું છે.

## શબ્દોની સંતાકૂકડી 41 — સાપ્તાહિક ગુજરાત વંદન

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ■ | 1 | 2 | 3 | ■ | 4 | 5 |
| 6 | ■ | 7 | | | ■ | |
| 8 | | ■ | | ■ | 9 | ■ |
| | ■ | 10 | ■ | 11 | | |
| ■ | 12 | | | ■ | | ■ |
| 13 | ■ | | ■ | 14 | ■ | 15 |
| 16 | | ■ | 17 | | | ■ |

**ઊભી ચાવી**

(2) લોકો કસરત કરવાં અહીં જાય છે [2]
(3) નાનાં જીવજંતુ [3]
(5) મુસલમાનનો એક તહેવાર [2]
(6) બખતર, તાવીજ [3]
(9) તારીફ [3]
(10) વિસ્તાર [3]
(13) સ્વર્ગલોકની એક અપ્સરા [2]
(14) હત્યા [2]

**આડી ચાવી**

(1) વિનંતી, કાલાવાલા [3]
(4) દાળ શાકના વઘારમાં વપરાય [2]
(7) ગુંડો [3]
(8) કક્ષા, શ્રેણી [2]
(11) શંકા, વહેમ [3]
(12) હુકમ [3]
(15) હા નું વિરુદ્ધાર્થી [1]
(16) નસીબ [2]
(17) સાધના કરનાર [3]

**શબ્દોની સંતાકૂકડી-41 નો ઉકેલ આવતા અંકે**

**શબ્દોની સંતાકૂકડી-40નો ઉકેલ**

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| [1] કા | ર | [2] ત | ક | ■ | [3] શા | ખ |
| રી | ■ | ન | ■ | [4] ત | ર્ક | ■ |
| [5] ગ | ત | ■ | [6] આં | સુ | ■ | [7] ચ |
| ર | ■ | [8] લી | ટી | ■ | [9] ખા | ર |
| ■ | [10] ભા | ન | ■ | [11] ના | ■ | ખો |
| [12] ધા | ર | ■ | [13] મા | ન | [14] દ | ■ |
| રો | ■ | [15] વ | ર્ગ | ■ | [16] ક્ષ | મા |

## કોયડો નં. 43 સુડોકુ — સાપ્તાહિક ગુજરાત વંદન

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 9 | | | 6 | | | | 8 | |
| | | 1 | | | 4 | | | |
| 3 | 5 | | | | | | | 1 |
| | 9 | | 4 | | | | | |
| | | | 7 | | | 4 | 3 | |
| | 3 | | | | 9 | | | |
| 7 | | | 5 | 2 | | | | |
| | | | | | 7 | 5 | | |
| 5 | 8 | | | | | 1 | | |

ખાનાઓમાં એકથી નવના આંક એ રીતે ગોઠવાયેલા છે કે ઊભી, આડી રોમાં એક આંક એક જ વાર આવે. તે જ રીતે દરેક કોર્નરમાં નવના ચોકઠામાં પણ એકથી નવના આંક એક એકવાર જ આવવા જોઈએ. નમૂના માટે કેટલાક આંક મૂકાયા છે. ખાલી ખાનાં હવે તમે તર્ક લગાડીને ભરી કાઢો.

**સુડોકુ-43નો ઉકેલ**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 9 | 7 | 2 | 6 | 5 | 1 | 3 | 8 | 4 |
| 8 | 6 | 1 | 3 | 7 | 4 | 9 | 2 | 5 |
| 3 | 5 | 4 | 8 | 9 | 2 | 7 | 6 | 1 |
| 6 | 9 | 7 | 4 | 3 | 5 | 2 | 1 | 8 |
| 1 | 2 | 5 | 7 | 6 | 8 | 4 | 3 | 9 |
| 4 | 3 | 8 | 2 | 1 | 9 | 6 | 5 | 7 |
| 7 | 1 | 9 | 5 | 2 | 3 | 8 | 4 | 6 |
| 2 | 4 | 6 | 1 | 8 | 7 | 5 | 9 | 3 |
| 5 | 8 | 3 | 9 | 4 | 6 | 1 | 7 | 2 |



જાણો તહેવાર સાથે જોડાયેલી રસપ્રદ વાતો

# નાતાલ પર કેમ સજાવવામાં આવે છે ક્રિસમસ ટ્રી ? શું છે સાન્તાનો ઈતિહાસ

ગુજરાત | વંદન

દર વર્ષે આ દિવસે લોકોમાં નાતાલની શુભેચ્છા પાઠવવામાં આવે છે. જેમાં દરેક જગ્યાએ ક્રિસમસ ટ્રી શણગારવામાં આવે છે, સફેદ દાઢીવાળા સાન્તા લાલ કપડા પહેરીને બાળકોને ભેટ અને ખુશીઓ વહેંચતા જોવા મળે છે. લોકો ચર્ચમાં જઈને ઈસુની સામે મીણબત્તીઓ પ્રગટાવે છે અને પવિત્ર બાઈબલ વાંચે છે. આ પછી, આ તહેવાર પર એકબીજાને અભિનંદન પાઠવે છે. આગામી 25 ડિસેમ્બરના રોજ વિશ્વભરમાં ક્રિસમસનો તહેવાર ધામધૂમથી ઉજવવામાં આવશે. આ અવસર પર અહીં જાણો આ તહેવાર સાથે જોડાયેલી ખાસ વાતો.

25 ડિસેમ્બર દુનિયાભરમાં ક્રિસમસ મનાવવામાં આવે છે. આ દિવસે લોકો ઘરની સજાવટ કરે છે અને ક્રિસમસ ટ્રી ઘરે લાવે છે. શું તમે જાણો છો કે ક્રિસમસ ટ્રીની પરંપરા ક્યાંથી શરૂ થઈ? ક્રિસમસનો તહેવાર ઈસુ ખ્રિસ્તના જન્મદિવસની ખુશીમાં ઉજવવામાં આવે છે. એવું કહેવાય છે કે ઈસુ ખ્રિસ્તનો જન્મ બેથલેહેમમાં થયો હતો. ઈસુના માતા-પિતા નાઝરેથના રહેવાસી હતા, જે હાલમાં પેલેસ્ટાઈન પ્રદેશમાં છે. તેથી જ ઈસુ ખ્રિસ્તને નાઝરેથના ઈસુ પણ કહેવામાં આવે છે. એવું કહેવાય છે કે જ્યારે ઈસુનો જન્મ થયો હતો, ત્યારે દેવતાઓ તેમના માતાપિતાને અભિનંદન આપવા આવ્યા હતા. ઈસુના જન્મ પ્રસંગે, ફર (Fur Tree) વૃક્ષને તારાઓથી શણગારવામાં આવ્યું હતું, જે પાછળથી ક્રિસમસ ટ્રી તરીકે ઓળખાવા લાગ્યું. ત્યારથી દર વર્ષે નાતાલના અવસરે ક્રિસમસ ટ્રીને શણગારવાની પ્રથા શરૂ થઈ.

ખ્રિસ્તી ધર્મ પહેલાનો ઈતિહાસઃ ખ્રિસ્તી ધર્મ અસ્તિત્વમાં આવતાં પહેલા ઘણા સમયથી એવરગ્રીન એટલે કે આખું વર્ષ લીલા રહેતાં વૃક્ષો અને છોડનું લોકોના જીવનમાં ઘણું મહત્વ હતું. લોકો એવરગ્રીન ઝાડની ડાળીઓ ઘરમાં સજાવતા હતા. તેમનું માનવું હતું કે આમ કરવાથી જાદુ-ટોણાની અસર નથી થતી તેમજ ખરાબ શક્તિઓ, ભૂત-પ્રેત અને બીમારીઓ દૂર રહે છે. પ્રાચીન મિસ્ત્ર અને રોમના લોકો એવરગ્રીન છોડની શક્તિની અને સુંદરતામાં વિશ્વાસ રાખતા હતા.

સેન્ટ બોનીફેસઃ ક્રિસમસ ટ્રી સાથે સંકાળેયલી વાર્તા 722 એડીની છે. માન્યતા છે કે જર્મનીના સેન્ટ બોફોનિસને જાણ થઈ હતી કે કેટલાક દુષ્ટ લોકો એક વિશાળ ઓક ટ્રીની નીચે એક બાળકની બલિ ચડાવશે. સેન્ટ બોફનીસે બાળકને બચાવવા માટે ઓકનું ઝાડ કાપી નાખ્યું. આ ઓક ટ્રીના મૂળ પાસે એક ફર ટ્રી (દેવદારનું ઝાડ) ઊગી નીકળ્યું. ત્યાર બાદ સેન્ટ બોનીફેસે લોકોને જણાવ્યું કે આ પવિત્ર વૃક્ષ છે. આ વૃક્ષની ડાળીઓ સ્વર્ગ તરફ ઈશારો કરે છે. ત્યારથી જ આ ઝાડ પ્રત્યે લોકોમાં સન્માનની ભાવના જાગી.

જર્મનીને શ્રેયઃ ક્રિસમસ ટ્રીની શરૂઆત કરવાની પરંપરાનો શ્રેય જર્મનીને આપવામાં આવે છે. લોકો આ વાતને મહાન ખ્રિસ્તી સુધારક માર્ટિન લૂથર સાથે પણ જોડે છે પણ આ વાતના ચોક્કસ પુરાવા નથી. આ કહાની પ્રમાણે, લગભગ 1500 એડીમાં ક્રિસમસની પૂર્વ સંધ્યાએ માર્ટિન લૂથર બરફથી ઢંકાયેલા જંગલમાંથી પસાર થતા હતા. તેમણે બરફથી ચમકતું વૃક્ષ જોયું. ઝાડની ડાળ પર બરફ છવાયેલો હતો અને રોશનીથી ઝગમગતું હતું. ઘરે આવીને તેમણે દેવદારનું વૃક્ષ લગાવ્યું અને નાની નાની મીણબત્તીઓથી સજાવ્યું. તેમણે વૃક્ષને જિસસ ક્રાઈસ્ટના જન્મદિવસના સન્માનમાં સજાવ્યું હતું ત્યારથી જ ક્રિસમસ ટ્રીને સજાવવાની પરંપરા શરૂ થઈ.





નાતાલના તહેવારને ખાસ બનાવવામાં સાન્તાની પણ મોટી ભૂમિકા છે. એવું કહેવાય છે કે વાસ્તવિક સાન્તા સંત નિકોલસ હતા, જેનો જન્મ જીસસ ક્રાઈસ્ટના મૃત્યુના લગભગ 280 વર્ષ પછી માયરામાં થયો હતો. નાનપણથી જ તેમને ઈસુમાં અતૂટ શ્રદ્ધા હતી. તેઓ એક ખ્રિસ્તી પાદરી અને પછી બિશપ બન્યા. તેઓને જરૂરિયાતમંદ બાળકોને ભેટ આપવાનું ખુબ ગમતું હતું. પરંતુ તેઓ આ ભેટો મધ્યરાત્રિએ વહેંચતા હતા, જેથી તેમનું નામ કોઈને ખબર ન પડે. તેની ઉદારતા જોઈને લોકો તેને સેન્ટ નિકોલસ કહેવા લાગ્યા. મૃત્યુ પછી એ જ સંત ધીમે ધીમે સાન્તા બની ગયા. અમેરિકાના રાજકીય કાર્ટૂનિસ્ટ થોમસ નાસ્ટે આધુનિક સાન્ટાને લોકપ્રિય બનાવવાનું કામ કર્યું. 3 જાન્યુઆરી, 1863 ના રોજ, પ્રથમ વખત, મેગેઝિનમાં સાન્તા ક્લોઝ નું દાઢી સાથેનું કાર્ટૂન છપાયું. તેણે ઘણા લોકોને આકર્ષ્યા. આ સાન્ટાના ચહેરાનો ઉપયોગ વિવિધ બ્રાન્ડના પ્રચાર માટે કરવામાં આવતો હતો. સફેદ દાઢી ધરાવતા આ આધુનિક સાન્તા સતત 35 વર્ષ સુધી કોકા-કોલાની એડમાં દેખાયા. જેના કારણે સાન્તાનો આ અવતાર લોકોના મનમાં બેસી ગયો અને સાન્તાનું સ્વરૂપ પ્રખ્યાત થઈ ગયું.

અનુસંધાન પેજ 1 પરથી...

## મોહબ્બત કી...

ટૂંકુ સંબોધન કર્યું હતું. કોંગ્રેસના ઈતિહાસમાં રાહુલની દિલ્હીમાં એન્ટ્રી અને મળેલ પ્રચંડ પ્રતિસાદની ખાસ નોંધ લેવામાં આવે તેમ છે. સત્તાપક્ષ ભાજપ દ્વારા રાહુલની યાત્રા પર ખૂબ જ બારીકાઈથી નજર નાખવામાં આવી રહી છે. દરમિયાન કેન્દ્રીય મંત્રી અનુરાગ ઠાકુરે દાવો કર્યો કે જો દેશમાં કોરોના ફેલાશે તો તે માટે કોંગ્રેસ જવાબદાર રહેંશે. રાહુલનું એ વાક્ય કે 'નફરત કે બાજાર મેં મોહબ્બત કી દુકાન ખોલ રહા હૂં...' તેને ખૂબ સારી પ્રસિદ્ધી મળી રહી છે. આ ઉપરાંત સોશિયલ મીડિયામાં યાત્રાને લઈને 'રોક સકો તો રોક લો..' એ વાક્ય પણ ટ્રેન્ડીંગમાં રહ્યું હતું.

કોંગ્રેસની ભારત જોડો યાત્રા આજે દિલ્હીમાં પ્રવેશી છે, રાહુલ ગાંધી પોતે આ યાત્રાનું નેતૃત્વ કરી રહ્યા છે. ભારત જોડો યાત્રાના પગપાળા દિલ્હી પહોંચ્યા બાદ રાહુલ ગાંધીએ કહ્યું કે, "હું નફરતની બજારમાં પ્રેમની દુકાન ખોલવા આવ્યો છું, તમે પણ તમારા પ્રેમની નાની દુકાન ખોલો. પસંદ કરેલા લોકો નફરત ફેલાવી રહ્યા છે. અહિ યાત્રામાં ગરીબો, ખેડૂતો બધા હાથ પકડીને ચાલે છે. અમે કુલ 3000 કિલોમીટરથી વધુનું અંતર કાપી લીધુ છે. આ યાત્રામાં અહીં કોઈનો ધર્મ કે જાતિ પૂછવામાં આવી નથી." આ સાથે રાહુલ ગાંધીએ કહ્યું કે અહીં માત્ર પ્રેમ અને સન્માન છે, અમારી યાત્રા બેરોજગારી અને મોંઘવારી સામે છે. અમારી યાત્રા નફરત વિરુદ્ધ છે. અમે એક ભારતીયને બીજા ભારતીયને ગળે લગાડાવીએ છીએ. મારા ચહેરાને જોઈને લાગે છે કે હું 3000 કિલોમીટર ચાલી ગયો છું? પણ હું થાકતો નથી કારણ કે તમે મને તમારી શક્તિ આપી છે. રાહુલ ગાંધીની આગેવાની હેઠળની આ યાત્રા દેશભરમાં ચર્ચામાં છે.

રાહુલ ગાંધીએ ગુરુવારે પણ સરકાર પર નિશાન સાધતા કહ્યું કે તે કન્યાકુમારીથી કાશ્મીર સુધીની યાત્રાને રોકવા માટે "બહાના" શોધી રહી છે. આજે યાત્રા રાષ્ટ્રીય રાજધાની દિલ્હીમાં પ્રવેશ કરી ચૂકી છે. શુક્રવારે સાંજે એક જાહેર સભાને સંબોધતા, તેમણે કહ્યું, હવે, (કેન્દ્રીય) આરોગ્ય પ્રધાન મને પત્ર લખી રહ્યા છે કે કોવિડ પાછો આવ્યો છે, યાત્રા બંધ કરો. બાકીના ભારતમાં ભાજપ ગમે તેટલી જાહેરસભાઓ કરી શકે છે, પરંતુ જ્યાં 'ભારત જોડો યાત્રા' ચાલી રહી છે ત્યાં કોરોના અને કોવિડ છે.'

ભારત જોડો યાત્રામાં સામેલ લોકો બપોરે આશ્રમ ચોક પાસેની ધર્મશાળામાં ભોજન અને આરામ ફરમાવ્યો હતો. આ પછી યાત્રા નિઝામુદ્દીન, ઈન્ડિયા ગેટ સર્કલ, આઈટીઓ, દિલ્હી કેન્ટ, દરિયાગંજ થઈને લાલ કિલ્લા ખાતે પહોંચી હતી. જ્યાં રાહુલે વિશાળ જનમેદનીને સંબોધી હતી. કોંગ્રેસ સાંસદ રાહુલ ગાંધીની સાથે પાર્ટીના ઘણા નેતાઓ રાજઘાટ, વીર ભૂમિ અને શક્તિ સ્થળ અને શાંતિ વન પહોંચીને શ્રદ્ધાંજલિ પણ આપી હતી.

## ગુજરાતીઓનું પ્રિય...

પ્રભાવિત થયું છે. હવે જ્યાં લોકો વહેલી સવારે અને મોડી સાંજે તાપણાની મદદથી ઠંડીથી બચવાનો પ્રયાસ કરતા જોવા મળે છે, ત્યાં મેદાનોમાં પાર્ક કરાયેલા વાહનોના વિન્ડશિલ્ડ અને છત પર બરફની ચાદર છવાઈ જોવા મળે છે. ઘાસના મેદાનોમાં ઝાકળ જામી જતાં ચારેબાજુ સફેદ ચાદરનો નજારો જોવા મળે છે.

## ભગવાન સ્વામિનારાયણના...

આપણા મહાન ગૌરવને પુનઃર્જીવિત કરીએ. પરંતુ ગુલામીની માનસિકતાના દબાણમાં સરકારો એ દિશામાં આગળ વધી નહીં. કેટલાંક ભાગોમાં ઉલટા પગે ચાલી. વધુમાં વડાપ્રધાને કહ્યું, હું ગુજરાતમાં તમારા બધાની વચ્ચે જ મોટો થયો છું. આ મારું સૌભાગ્ય છે કે મને આ વટવૃક્ષને આકાર લેતા મારી આંખે જોવા મળ્યું. રાજકોટમાં માત્ર 7 વિદ્યાર્થીથી શરૂ થયેલ ગુરૂકુળની દેશ-વિદેશમાં 40 શાખાઓ છે.

## ક્રિસમસ પહેલા...

સંકુલમાં નાઈકી સ્ટોરની નજીક ત્રણ ગોળીબાર સંભળાય છે અને એક વ્યક્તિ ચીસો પાડી રહ્યો છે.

ઉલ્લેખનીય છે કે, વર્ષ 1992માં ખોલવામાં આવેલો આ મોલ અમેરિકામાં સૌથી મોટો છે અને પ્રવાસન સ્થળ અને સમુદાયના મેળાવડાનું સ્થળ છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે મોલમાં કોઈ મેટલ ડિટેક્ટર નથી અને દુકાનદારોને પ્રવેશ પર રોકવામાં આવતા નથી. ઓગસ્ટની શરૂઆતમાં, ઉપનગરીય મિનેપોલિસ શોપિંગ કોમ્પ્લેક્સમાં ગોળીબાર બાદ મોલમાં લોકડાઉન લાગુ કરવામાં આવ્યું હતું.

## SBIની બેંકમા...

આ ઘટનાની જાણકારી મળતા પોલીસ અધિકારી ફોરેન્સિક ટીમ સાથે બેન્ક અધિકારી પણ ઘટનાસ્થળે પહોંચી પુરાવા એકઠા કરી રહ્યા છે. આ કેસમાં બેન્ક મેનેજર નીરજ રાયે જણાવ્યું છે કે, સ્ટ્રોંગ રુમમાં રાખેલ 1812.18 ગ્રામ ગોલ્ડ જ્વેલરી ગાયબ છે. આ ગોલ્ડ બ્રાન્ચમાં 29 ખાતાધારકો દ્વારા ગોલ્ડ લોન તરીકે બેન્કમાં જમા કરાવી હતી. હાલમાં કાનપુર પોલીસ કમિશનર બીપી જોગદંડે પણ બેન્ક પહોંચીને ઘટના અંગે જાણકારી મેળવી હતી.

એક મહિનાથી રેકી કરી રહ્યા હતા ચોર, બાદમાં સુરંગ ખોદી | બેન્કમાં જે રીતે ચોરીની ઘટનાને અંજામ આપ્યો છે, તેનાથી એ સ્પષ્ટ થઈ જાય છે કે, ચોરોએ મહિનાથી બેન્ક લોકર અને સ્ટ્રોંગ રુમની રેકી કર્યા બાદ અહીં સુધી પહોંચવા માટે બેન્કના પાછળના ભાગને આવેલા ખાલી પ્લોટમાંથી સુરંગ ખોદી હતી. આ મામલામાં પોલીસને એવી શંકા છે કે, આ ઘટનામાં બેન્કનો કોઈ કર્મચારી પણ સામેલ છે, જેને લઈને પોલીસે આજે બેન્કમાં રહેલા તમામ કર્મચારી સાથે અલગ અલગ રીતે બોલાવીને તેમની સાથે પુછપરછ થઈ રહી છે. બેન્ક મેનેજર નીરજ રાયે જણાવ્યું છે કે, હાલ બેન્કમાં ઓડિટ ચાલી રહ્યું છે. જેને લઈને મોડી રાતે બેન્કમાં અમુક સ્ટાફ બેસી રહે છે. બેન્કરે જણાવ્યું છે કે, રોડ 3500000 રૂપિયા બેન્કમાં રાખેલા હતા, જે ગોલ્ડ ચેસ્ટની બાજૂમાં જ હતા. લાગે છે કે, ચોરોએ ગોલ્ડને જ ટાર્ગેટ કરીને ચોરી કરી છે.

## 'મેન વર્સીસ

આઉટ અલાઈવ વિથ બેયરગ્રિલ્સ' પર આ આરોપ લાગવવામાં આવ્યો છે. આ કેસની સુનવણી જસ્ટિસ અમિત બંસલે સાંભળી હતી. કોર્ટમાં એવી દલીલ થઈ હતી કે આ કાર્યક્રમનું પ્રસારણ છેલ્લા 10 વર્ષથી થઈ રહ્યું છે. જેના જવાબમાં કોર્ટે શર્માના વકીલ સંજીવ આનંદને પૂછ્યું હતું કે તમે દસ વર્ષ પછી કેમ જાગ્યા? સંજીવ આનંદે કહ્યું હતું કે આ શોનું પ્રસારણ પહેલા ભારતમાં થયું નહોતું અને આગળ આ શોના પ્રસારણ પર રોક લાગવાની માંગ કરી છે. કેસની સુનવણી પછી કોર્ટે બેયર ગ્રિલ્સ સાથે NBC યુનિવર્સલ ઈન્કના અધ્યક્ષ ટોમ શેલી, વોર્નર બ્રધર્સ, નેટ જીઓ ઈન્ડિયા, હોટ સ્ટાર અને વોલ્ટ ડીગ્રીને સમન્સ પાઠવ્યું છે.

## ટેરર ફંડિંગ મામલે...

તપાસ એજન્સીને આ દરમિયાન અલગ-અલગ પરિસરોમાંથી વિભિન્ન વાંધાજનક સામગ્રી જેવી કે, ડિજિટલ ડિવાઈસ, સિમ કાર્ડ્સ અને ડિજિટલ સ્ટોરેજ ડિવાઈસ મળ્યા હતા.

એજન્સીએ કહ્યું છે કે આ મામલો આતંકવાદી અને વિધ્વંસક પ્રવૃત્તિઓને અંજામ આપવા માટેના ગુનાહિત કાવતરા સાથે સંબંધિત છે. NIAએ કહ્યું હતું કે, તેઓ જમ્મુ અને કાશ્મીરમાં સાયબર સ્પેસનો ઉપયોગ કરી આતંકવાદી હુમલા કરવા, અલ્પસંખ્યકો, સુરક્ષા કર્મચારીઓને નિશાન બનાવવા અને સાંપ્રદાયિક વિસંગતતા ફેલાવવામાં સામેલ હતા. NIAના જમ્મુ યુનિટે આ વર્ષે 21 જૂને કેસ નોંધ્યો હતો.

# 10 વર્ષનું બાળક સોફ્ટ બોર્ડની પીન ગળી ગયું....જેણે શ્વાસનળીમાં કાણુ પાડ્યું !



ગુજરાત | વંદન

અમદાવાદ સિવિલ હોસ્પિટલના બાળરોગ સર્જરી વિભાગના તબીબોએ 10 વર્ષના બાળકને મોતના મુખમાંથી ઉગારીને પીડામુક્ત કર્યો છે. મૂળ દાહોદના રહેવાસી સાજીદ અલીના 10 વર્ષીય પુત્ર મોહિન અલી સાથે ખૂબ જ દયનીય ઘટના ઘટી હતી.

મોહિનખાન ખેતરમાં રમી રહ્યો હતો. જ્યાં રમત રમતમાં તે સોફ્ટ બોર્ડની પીન ગળી ગયો .આ પીન ગળી ગયા બાદ ત્રણ દિવસ સુધી તો તેણે કોઈને જાણ ન કરીં. જેના પરિણામે તેને સતત ઉધરસની તકલીફ થવા લાગી. એકાએક છાતીમાં દુખાવો થતા તેણે પીતાને જાણ કરી. જ્યાં સુધી તો આ સમસ્યા વધુ ગંભીર અને વિકરાળ બની ગઈ હતી.

મોહિનને શ્વાસ લેવામાં પણ સમસ્યા થવા લાગી હતી. જેનાથી પરિવારજનો ચિંતીત બન્યાં. પ્રાથમિક તપાસ અર્થે દાહોદ અને ત્યારબાદ વડોદરા ખાતેની હોસ્પિટલમાં પરિવારજનો મોહિનને નિદાન અર્થે લઈ ગયા. આ પ્રકારની સમસ્યા અત્યંત જટિલ અને તેની સર્જરી પડકારજનક જણાઈ આવતા વડોદરાના તબીબોએ મોહિનને અમદાવાદ સિવિલ હોસ્પિટલ લઈ જવા કહ્યું.

મોહિનના પિતા ક્ષણનો પણ વિલંબ કર્યા વિના અમદાવાદ સિવિલ હોસ્પિટલના બાળરોગ સર્જરી વિભાગમાં સારવાર અર્થે લઈ આવ્યા. અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં 18 મી ડિસેમ્બરે પહોંચ્યા ત્યારે તેનું એક્સ-રે અને સી.ટી. સ્કેન કરવામાં આવ્યું. આ રીપોર્ટમાં સોફ્ટ બોર્ડ પીન શ્વાસનળીમાં ફસાયેલી હોવાનું જણાઈ આવ્યું. જેની સર્જરી કરવી અતિઆવશ્યક હતી.

બાળરોગ સર્જરી વિભાગના વડા અને સિવિલ હોસ્પિટલ સુપ્રીટેન્ડન્ટ ડૉ. રાકેશ જોષી અને ડૉ. અનીઝ રતાણી તેમજ એન્સેશિયા વિભાગમાંથી ડૉ. અનીષા ચોક્સી અને તેમની ટીમે 21મી ડિસેમ્બરે મોહિનની સર્જરી કરવાનો નિર્ણય કર્યો. બ્રોન્કોસ્કોપિ સર્જરી દ્વારા શ્વાસનળીમાં ફસાયેલી પીન બહાર કાઢવાના પ્રયત્નો હાથ ધરવામાં આવ્યા. આ સર્જરી દરમિયાન જોવા મળ્યું કે પીન જમણા ફેફસામાં ભરાઈ જતા ફેફસામાં કાણું પડી ગયું હતુ.એક કલાકની ભારે જહેમત બાદ ખૂબ જ તકેદારીપૂર્ણ સર્જરી હાથ ધરીને પીનને સાવચેતીપૂર્ણ બહાર કાઢવામાં તબીબોને અંતે સફળતા મળી.

ડૉ. રાકેશ જોષી અને સિવિલ હોસ્પિટલના બાળરોગ સર્જરી વિભાગના વડા ડૉ. રાકેશ જોષી જણાવે છે કે, ભૂતકાળમાં પણ બાળકોમાં રમતરમતમાં પત્થર, સ્ક્રુ, એલ.ઈ.ડી. બલ્બ, લખોટી જેવી વસ્તુઓ ગળી જવાના કિસ્સા અમારી સામે આવ્યા છે અને અમારી ટીમે આ પ્રકારની જટીલ સર્જરી સફળતાપૂર્વક પાર પાડી છે.

મોહિનખાનના કિસ્સામાં પીન ફેફસામાં ફસાયેલી અને તેમાં પણ કાણું પાડી દીધું હોવાથી તેને પૂર્વવત કરવું અત્યંત જટીલ બની રહ્યું હતુ. પરંતુ અમારી ટીમની નિપૂણતાના પરિણામે મોહિનખાનને પીડામુક્ત કરવામાં અમને સફળતામળી છે.

અનુસંધાન પેજ 12 પરથી...

## ભલે કોરોના હોય...

એવા કાંકરિયા કાર્નિવલ-2022નું આ વર્ષે મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા આયોજન કરવામાં આવ્યું છે. બે વર્ષ બાદ આ વર્ષે કાંકરિયા કાર્નિવલનું ભવ્ય રીતે આયોજન કરવાની તૈયારીઓ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા શરૂ કરી દેવામાં આવી છે.ઉલ્લેખનીય છે કે કોરોના વાયરસે ચીનમાં ફરી કહેર બનીને તૂટી રહ્યો છે. ચીનમાં કોરોના કારણે લોકો તડફી રહ્યા છે. કોરોનાની સ્થિતિને લઈ ચિંતાનું મોજુ ફરી વળ્યું છે. સરકાર લોકોને સોશિયલ ડિસ્ટેન્સ,માસ્ક, સેનેટાઈજર પોતાની સાથે રાખવાની અપીલ કરી છે.

## વેરાવળમાં ST...

નામના યુવાનની જાહેરમાં ગોળી મારી હત્યા કરતા રોડ પર સૂમસાન બન્યો હતો. ઘટનાની જાણ વેરાવળ પોલીસને થતા તાત્કાલિક ઘટના સ્થળે દોડી ગયા હતા અને આગળની કાર્યવાહી હાથ ધરી હતી.ગીર સોમનાથ જિલ્લાના વેરાવળ ખાતે ટ્રાફિકથી ધમધમતા એસટી રોડ પર સરાજાહેર ફાયરિંગની ઘટના સામે આવતા ચકચાર મચી જવા પામી છે. ભરબજારે નિતેશ કટારિયા નામના યુવક પર ફાયરિંગ કરી યુવાનું ઢીમ ઢાળી દીધું હતું. ઘટનાને સ્થાનિક પોલસ કાફલો ઘટના સ્થળે દોડી આવ્યો હતો. જ્યા ઘટના સ્થળેથી બંદુક, મોબાઈલ અને બાઈક મળી આવ્યું હતું. જેને લઈને પોલીસે સમગ્ર મામલે તપાસ હાથ ધરી છે. એસટી રોડ પર ચાની લારીએ નિતેશ સરમણભાઈ કટારીયા સ્કૂટર ઉપર બેઠા હતા આ દરમિયાન અચાનક જ અજાણ્યા શખ્સ સરાજાહેર ફાયરિંગ કર્યું હતું.

## મુખ્યમંત્રી ભૂપેન્દ્ર...

ઈમરજન્સી એક્ઝિટ માટે 2 સ્લાઈડિંગ પેનલ મુકવામાં આવી છે. બ્રિજ પરની આ પેનલ ઈમરજન્સી સમયે ખોલી શકાશે.

અનુસંધાન પેજ 4 પરથી...

## બોંબ હુમલા...

અભ્યાસ કરવા સાથે, દિમા અમીન શરણાર્થીઓના કલ્યાણને લગતા કાર્યક્રમોમાં સક્રિયપણે ભાગ લે છે. તે રોગચાળા દરમિયાન તેમની જમીનમાંથી વિસ્થાપિત થયેલા લોકોને મદદ કરવા માટે 'હેલ્પ રિફ્યુજ' અભિયાનમાં જોડાઈ હતી. આ અભિયાને 70,000 એકત્ર કર્યા. આ દિવસોમાં દિમા 100 મીટર રેસમાં 2024 પેરાલિમ્પિક્સ માટે ક્વોલિફાય થવાની તૈયારી કરી રહી છે.! તે યુદ્ધમાં પગ ગુમાવનારા તમામ બાળકો માટે કૃત્રિમ પગ ખરીદવા માંગે છે. પેરાલિમ્પિક મેડલ જીત્યા પછી, દિમા તેમને કહેવા માંગે છે કે વિકલાંગ થવું એ જીવનનો અંત નથી, તે એક પગલું આગળ છે. બીબીસી આ વર્ષે દિમાને સૌથી વધુ પ્રભાવશાળી 100 મહિલાઓમાં સ્થાન આપ્યું છે.

બાળ વાર્તા

# ગાય અને કૂતરામાં મિત્રતા



કોઈ પણ પ્રકારની નાની-મોટી વાત હોય તો તેઓ પરસ્પર એકબીજાને અવશ્ય જણાવે છે. એક દિવસ ગાય સવારે સવારે બીજા પોળમાં ફરીને આવી અને આવતા જ તેણે પોતાના મિત્ર કૂતરાને ભ્રમણ દરમિયાન થયેલ અનુભવ સંભળાવ્યા. જેમકે કોણે તેને રોટલી ખવડાવી, કોણે તેની પૂજા કરી વગેરે વગેરે.

ગાયની ગાથા સાંભળી કૂતરું પણ જોશમાં આવી ગયુ અને તેઓ પણ એ જ ક્ષણે રોટલી અને પોતાની પૂજાની કામના માટે એ જ પોળમાં દોડી ગયો, જ્યાં ગાય ગઈ હતી. પરંતુ થોડી જ વારમાં તે હાંફતા હાંફતા, ફરી પાછો ફર્યો.

થોડો શ્વાસ લીધા પછી તે ગાયને પૂછવા માંડ્યો - તમે એ પોળમાં આંટો મારવા ગયા તો તમારી સાથે બધાએ સારો વ્યવ્હાર કર્યો, પરંતુ હું ગયો તો બાળકો મને પત્થર મારવા લાગ્યા. બીજાની તો છોડો મારી જાતિના લોકો જ મને જોઈને ભસતાં-ભસતાં મારી પાછળ એવા પડી ગયા કે જો હું ત્યાંથી જીવ લઈને નાસતો નહી તો તેઓ મને મારીને જ દમ લેતા. શુ તમે બતાવી શકો છો કે આપણી બંને વચ્ચે આવો વિપરીત વ્યવ્હાર કેમ ?

આ સાંભળીને ગાય બોલી - જે બીજા સાથે જેવો વ્યવ્હાર કરે છે, બીજા પણ તેમની સાથે એવો જ વ્યવ્હાર કરે છે. તુ પણ બીજી પોળોના કૂતરાં અને અજાણ્યાં લોકોને જોઈને તેમની પર ભસતો રહે છે, અને તેમની પાછળ કારણ વગર ભાગે છે. પછી તુ તેમની પાસેથી સારા વ્યવ્હારની આશા કયા આધારે રાખે છે. કૂતરાંને પોતાની ભૂલ સમજાય ગઈ. હવે તે શાંત થઈ ગયો હતો. બાળકો, એક વાત યાદ રાખજો કે જેવુ કરશો તેવુ પામશો. તમે બીજાને જેટલો પ્રેમ અને સન્માન આપશો તેટલો જ પ્રેમ તમને સામેથી પણ મળશે. તેથી હંમેશા બધા સાથે સારો વ્યવ્હાર કરવો જોઈએ.

# શું તમે જાણો છો, સૂર્ય પુત્ર યમ કેવી રીતે બન્યા હતા મૃત્યુના દેવતા ?

ગુજરાત | વંદન

હિંદુ ધર્મમાં યમરાજને મૃત્યુના દેવ તરીકે ઓળખવામાં આવે છે. યમરાજ વ્યક્તિની આત્માને તેના કર્મ અનુસાર મૃત્યુ બાદ ઉપયુક્ત ફળ આપે છે. જો કોઈ વ્યક્તિએ સારાં કર્મ કર્યાં હોય તો, તેને સ્વર્ગમાં સ્થાન મળે છે, તો જો કોઈ વ્યક્તિએ ખરાબ કાર્યો કર્યાં હોય તો, તેના આત્માને નર્કમાં કષ્ટ ભોગવવાં પડે છે.

પૌરાણિક કથા અનુસાર, એકવાર યમરાજ અને શનિદેવ વચ્ચે યુદ્ધ થયું હતું. પોતપોતાની માતાઓના અધિકાર માટે બંને ભાઈઓ એકબીજા સાથે લડી પડ્યા હતા.

આ યુદ્ધ ઘણા મહિનાઓ સુધી ચાલતું રહ્યું અને શનિ દેવ અને યમરાજ વચ્ચે યુદ્ધે ભયંકર સ્વરૂપ ધારણ કરી દીધું. સૂર્યના દેવ સહિત બધા જ દેવતાઓએ આ યુદ્ધ રોકવાનો પ્રયત્ન કર્યો, પરંતુ કોઈને સફળતા ન મળી.

શનિદેવને બાળપણથી જ મહાદેવના આશીર્વાદ મળ્યા હતા અને તેમની કૃપાની સાથે-સાથે તેમના દ્વારા મળેલ શક્તિઓથી શનિદેવે યમરાજને હરાવી દીધા અને તેમને પોતાના દંડાસ્ત્રથી મૃત્યુ આપ્યું.

પોતાના પુત્રનું શબ જોઈ સૂર્યદેવ ખૂબજ દુઃખી થઈ ગયા. સૂર્ય દેવ અને તેમની બંને પત્નીઓ દેવી સંજ્ઞા અને દેવી છાયાએ મહાદેવનું આહવન કર્યું અને મહાદેવ પ્રકટ થતાં જ તેમણે યમને ફરીથી જીવિત કરવાનો આગ્રહ કર્યો.

મહાદેવે સૂર્ય દેવની પ્રાર્થનાને ઠુકરાવી તેમને સમજાવતાં કહ્યું, મૃત્યુ અટલ સત્ય છે અને તેમના એકમાત્ર પુત્ર માટે સત્યને પરિવર્તિત ન કરી શકાય.

ત્યારે શનિદેવે જાતે જ મહાદેવને પ્રાર્થના કરી અને તેમને યમને જીવિત કરવા પાછળનું ઠોસ કારણ પણ જણાવ્યું. શનિદેવે ભગવાન શિવને જણાવ્યું કે, 1 મહિના બાદ મૃત્યુના દેવતાનું દાયિત્વ સંભાળવા માટે મહાદેવ પોતે દેવતાઓમાંથી જ કોઈનું ચયન કરવાના હતા.

આ પસંદગીનો આધાર છે, મૃત્યુના ચક્રને પૂરું કરવું. યમ દેવતા પુત્ર છે, પરંતુ કોઈપણ પ્રકારની દેવી શક્તિ તેમને મળી નહોંતી. આ જ કારણે તેમને અમૃત મળી શક્યું નહોંતુ અને તેમનું મૃત્યુ થયું.

આ રીતે યમે મૃત્યુનું ચક્ર સર્વપ્રથમ પૃથ્વી પર પૂરું કરી દેવામાં આવ્યું. આ આધાર પર જ મહાદેવે યમને ફરીથી જીવિત તો કરવા જ જોઈએ, સાથે-સાથે તેમને મૃત્યુના દેવતા પણ બનાવવા જોઈએ.



ભગવાન શિવ શનિદેવના તર્કથી પ્રસન્ન થયા અને તેમણે શનિ દેવના આગ્રહવશ થઈ સૂર્યપુત્રને જીવિત કરી દીધા. ભગવાન શિવે સૂર્ય પુત્ર યમને મૃત્યુના દેવતાનો કાર્યભાર સોંપ્યો અને આ રીતે સૂર્ય પુત્ર યમ મૃત્યુના દેવ યમરાજ બન્યા.




# વર્ષ 2022માં IPOથી રૂ. 57,000 કરોડ એકત્ર કરાયા

■ 20,557 કરોડ એટલે કે 35 ટકા હિસ્સો એકલા LICના IPOમાંથી આવ્યાં

ગુજરાત | વંદન

લિસ્ટેડ કંપનીઓના શેરના ભાવમાં ઘટાડો અને જીઓ પોલિટિકલ તણાવના કારણે સર્જાયેલી અસ્થિરતાએ શેરબજારના સેન્ટિમેન્ટને અસર કરી છે. આ કારણે વર્ષ 2022માં ઈનિશિયલ પબ્લિક ઓફરિંગ (IPO) દ્વારા માત્ર રૂ. 57,000 કરોડ એકત્ર કરી શકાયા હતા. નવા વર્ષમાં આ પ્રવૃત્તિઓ વધુ ધીમી થવાની ધારણા છે.

આ વર્ષે IPO દ્વારા એકત્ર કરાયેલા ભંડોળમાંથી, રૂ.20,557 કરોડ એટલે કે 35 ટકા હિસ્સો એકલા LICના IPOમાંથી હતો. જો આ વર્ષે LICનો IPO ન આવ્યો હોત, તો IPOના લિસ્ટિંગ શેરના વેચાણમાંથી કુલ કલેક્શન પણ ઓછું હોત. વર્ષ 2022 વ્યાજ દરોમાં વધારો અને વધતી મોંઘવારી વચ્ચે મંદીના ભયને કારણે રોકાણકારો માટે મુશ્કેલીભર્યું હતું.

પ્રાઇમ ડેટાબેઝના ડેટા અનુસાર, આ વર્ષે 16 ડિસેમ્બર સુધી કુલ 36 કંપનીઓએ તેમના IPO લાવ્યા હતા, જેણે રૂ. 56,940 કરોડ એકત્ર કર્યા હતા. આવતા અઠવાડિયે વધુ બે કંપનીઓના IPO આવવાના છે, ત્યારબાદ આ રકમ વધુ વધશે. વર્ષ 2021માં 63 કંપનીઓએ પબ્લિક ઈશ્યુમાંથી રૂ. 1.2 લાખ કરોડ એકત્ર કર્યા હતા, જે છેલ્લા બે દાયકા (20 વર્ષ)માં IPOનું શ્રેષ્ઠ વર્ષ હતું. અગાઉ 2020માં 15 કંપનીઓએ IPO દ્વારા રૂ. 26,611 કરોડ એકત્ર કર્યા હતા. IPO સિવાય રૂચી સોયાની પોતાની જાહેર ઓફરમાંથી રૂ. 4,300 કરોડ એકત્ર કરવામાં આવ્યા હતા.

ફેબ્રુઆરીમાં રશિયા અને યુક્રેન વચ્ચે ફાટી નીકળેલા યુદ્ધને કારણે રોકાણકારો માટેનું વાતાવરણ પરેશાન થઈ ગયું છે કારણ કે ભારત સહિત વિશ્વભરના બજારોમાં ઘટાડો થયો છે. આ સિવાય વિશ્વભરની સેન્ટ્રલ બેંકોએ વધતી જતી મોંઘવારી પર અંકુશ મેળવવા માટે વ્યાજ દરમાં વધારો કર્યો છે.

## બજારોનાં અંતરંગ

### ભારત ઝડપી આર્થિક વૃદ્ધિ પ્રાપ્ત કરનાર દેશોની હરોળમાં આવશે

ભારત સૌથી ઝડપી આર્થિક વૃદ્ધિ પ્રાપ્ત કરનાર દેશોની હરોળમાં આવશે. ઈક્વીટી આઉટલુકના અહેવાલ મુભ દેશની ઈક્વીટીને અંડર વેઈટથી બેન્ચમાર્ક તરફ અપગ્રેડ કરતાં ક્રેડિટ સુઈસે દર્શાવ્યું છે કે બેન્ચમાર્કના સેન્સેક્સમાં 14 ટકાની વૃદ્ધિ થવાનો અવકાશ છે. 2024 દરમિયાન 7 ટકાની વૃદ્ધિ હાંસલ કરશે. સર્વસંમતિનો અંદાજ માત્ર ડેટા ઉપર આધારિત છે. યારે બ્રોકરેજ ફર્મ દ્વારા દેશના આર્થિક વૃદ્ધિનો દર અંદા વ્યાપક માપદંડોને આવરી લેવામાં આવ્યો છે. બીએસઈ 500 કંપનીના ગ્રોથને કારણે આર્થિક વૃદ્ધિનો દર વધુ વેગવાન બન્યો છે. ભારતમાં અત્યારે ફુગાવાન્ય પરિસ્થિત ઉદ્ભવે છે. પરંતુ આરબીઆઈ પેમેન્ટની દૃષ્ટિએ બેલેન્સશીટમાં કોઈ નુકશાનને ટાળવા માટે દરમાં વધારો કરી શકે છે.ભારતમાં પ્રવાહ વધશે અને એશિયા પેસિફિક તેમ અન્ય ઉભરાતા માર્કેટ દ્વારા સારો લાભ મળશે. આ ઉપરાંત ક્રેડિટ સુઈસના દર્શાવ્યા મુજબ ઉંચા વિકાસને કારણે નોન પર્ફોર્મીંગ એસેટ્સમાં કંઈ વધાર થશે નહીં.

### નોન બેન્કીંગ ફાઈનાન્સ કંપનીના સેક્ટરમાં 10 થી 12 ટકાની વૃદ્ધિ

ચાલુ નાણાંકીય વર્ષ દરમિયાન નોન બેન્કીંગ ફાઈનાન્સ કંપનીઓની નફાક્ષમતા વધવાની સંભાવના છે. ચાલુ નાણાંકીય વર્ષ દરમિયાન નોન બેન્કીંગ ફાઈનાન્સ કંપનીઓએ 10 થી 12 ટકાના લોન ગ્રોથ સાથે તેમની નફાકારકતામાં 50 ટકા બેઝીસ પોઈન્ટનો સુધારો પ્રાપ્ત કરવાની આશા ધરાવે છે. ઈકરા રેટીંગ એન્સીના દર્શાવ્યા મુભ રિટેઈલ આધારિત નોન બેન્કીંગ ફાઈનાન્સ કંપનીઓ ચાલુ નાણાંકય વર્ષમાં 12 થી 14 ટકા દરે વિસ્તરણ કરશે. જ્યારે હાઉસીંગ ફઆઈનાન્સ કંપનીઓનો દર 10 થી 12 ટકાએ જળ વાસે તેવું મનાય છે. આ વર્ષે ખાસ કરીને માર્ચમાં સ્થિરતા પ્રાપ્ત કરવાથી થા ઓછા ક્રેડીટ ખર્ચને કારણે સેક્ટરની નફાકારકતા 40-50 બેઝીક પોઈન્ટની જોવા મળશે. સૌથી વધુ માઈક્રો ફાઈનાન્સ તથા પર્સનલ લોન સેગમેન્ટમાં વૃદ્ધિનો દર ઉંચો રહેવાની શક્યતા છે.

### ભારતીય એરટેલ દ્વારા એરટેલ આઈક્યુની કંપની પ્રમોટ કરાઈ

ભારતીય એરટેલ ટેલિકોમ્યુનિકેશનની અગ્રગણ્ય કંપની છે. આ કંપની દ્વારા પોતાના બિઝનેસને વધુ સઘન બનાવવા માટે એરટેલ આઈક્યુ નામની ક્લાઉડ કોમ્યુનિકેશન પ્લેટફોર્મ ધરાવતી કંપની સારા પ્રમાણમાં માર્કેટ હિસ્સો સંબોધન કરનાર છે. ટેલિકોમ ઓપરેટર કંપનીને તેનાથી સારો ફાયદો થશે. બે વર્ષ અગાઉ વર્ચ્યુઅલ કોલ સેન્ટર સોલ્યુશન બિઝનેસ પુરો પાડતી હતી. તેને 250 જેટલા ગ્રાહકો પ્રાપ્ત થયા છે. એરટેલ આઈક્યુ તેની માતૃસંસ્થાનો વોઈસ અને મેસેજીસનો કોર બિઝનેસ વિસ્તૃત કરશે. જેનાથી કોમ્યુનિકેશન સોલ્યુશનની ક્ષમતા વધશે અને સેવાઓ પુરી પાડી શકશે. આ ચાવીરૂપ પરિવર્તન તેના સ્પર્ધાત્મક પરિસ્થિતિને હાંસલ કરી શકશે. છેલ્લા બે વર્ષથી દરેક ત્રિમાસિક સમયગાળામાં કામગીરીમાં બમણી વૃદ્ધિ હાંસલ કરી છે. હવે પછીના ત્રિમાસિક સમયગાળામાં કંપની તેના વિકાસની પ્રગતિને ઝડપી બનાવી શકશે તેમજ કંપનીના બિનેસ હેડ શ્રી અભિષેક ડિસ્માસે દર્શાવ્યું હતું. હકીકતમાં એરટેલ આઈક્યુ હવે એરટેલ કંપનીના બિઝનેસમાં સારી કમાણી કરી શકશે અથી કંપનીની કામગીરીથી વધુ આવક પ્રાપ્ત થઈ 14 ટકા જેટલો નફો હાંસલ કરી શકશે. ક્લાઉડ કોમ્યુનિકેશન સલ્યુશન દ્વારા વધુ ઓટોમેટેડ ઈન્ટીગ્રેટ કરીને વોઈસ રિસ્પોરન્સ સિસ્યમ, ઓટોમેટિક કસ્ટમર કેર કોલીંગ પુરુ પાડનાર એન્જટ તરીકે કામગીરી બજાવશે. હકીકતમાં એરટેલ આઈક્યુ આ કંપની સ્ટાર્ટઅપ જેવી છે. કંપની વોઈસ અગર મેસેજના ક્ષેત્રે નવી પ્રોડક્ટ વિકસાવી રહી છે.

### દિપક ફર્ટીલાઈઝર વિમાર્ગીકરણની ડિમર્જરની સ્કીમ પ્રાપ્ત કરશે

દિપક ફર્ટીલાઈઝરે એન્ડ પ્રેટ્રોકેમિકલ્સ દ્વારા તેના માઈનીંગ કેમિકલ્સ અને ફર્ટીલાઈર બિઝનેસનું ડિમર્જર કરવાનું નક્કી કર્યું છે. પ્રવક્તા મુજબ કંપનીના કોર્પોરેટ સ્ટ્રક્ચરનું સરળીકરણ કરીને એકસરખા બિઝનેસમાં મલ્ટી પરપસ એન્ટીટીઝથી ઘટાડો કરવાનો આશય છે. આ ડિમર્જરથી કંપનીની આર્થિક પરિસ્થિતિમાં વર્ટીકલ બિનેસ હાથ ધરી શકાશે. કંપનીના વહિવટી ખર્ચ અને ઉંચ ઓપરેટીંગ ખર્ચમાં તેનાથી ઘટાડો કરી શકાશે. કંપનીના ચેરમેન શૈલેષ સી. મહેતાએ જણાવ્યું હતું કે કંપનીની ડીએફપીસીએલ બ્રાન્ડ અને કંપનીના શેર હોલ્ડરોને આનાથી સારો ફાયદો થશે. કંપની ટેકનીકલ એમોનિયમ નાઈટ્રેટ નામની કેમિકલ્સનું માઈનીંગ અને સ્ટેનલોન કોર્પોરેટ ઈન્ડસ્ટ્રીઝ અને કોર્પોરેટ લીડરશીપ પરથી આનાથી વધુ ધ્યાન આપી શકશે. કંપનીની સ્ટ્રેટેજી અગાઉ ઉત્પાદન ખર્ચ વધુ સઘનપણે ઘટે, ઉત્પાદન ક્ષમતાનો પુરેપુરો ઉપયોગ થાય તેમજ કાર્યકુશળતા હાંસલ કરવાનો હેતુ અગાઉ કરતાં વધુ સારી રીતે હાથ ધરી શકાશે. હવે બદલાયેલા સંજોગોમાં કસ્ટમાઈસ સ્પેશિયાલીટીને વધુ ધ્યાન આપવામાં આવશે. આઉપરાંત પુનઃઘટનની પ્રક્રિયાથી મહત્વ પરિવર્તન કોમોડીટીઝને બદલે અન્ય બાબત ઉપર કેન્દ્રિત કરાશે. કંપનીએ પરિવર્તનની પ્રક્રિયા વેગવાન બનાવવા માટે સ્માર્ટ કેમ ટેકનોલી નામની સંપુર્ણ માલિકીની દિપક ફર્ટીલાઈઝની સબસીડરી સ્થાપનો નિર્ણય બોર્ડ ઓફ ડાયરેક્ટર દ્વારાલેવાયો છે.

## કોરોના ઉપરાંત આર્થિક મંદી અને વ્યાજદર વધારાનો ગભરાટ

# શેરબજાર: કોરોના વધતા 7 દિવસમાં 16 લાખ કરોડ ડૂબ્યા

ગુજરાત | વંદન

મુંબઈ શેરબજારને કોરાનો વળગ્યો હોય તેમ મંદીનો દોર જારી રહ્યો હતો શુક્રવારે પણ વધુ કડાકા-ભડાકા હતા. હેવીવેઈટથી માંડીને રોકડા સુધીનાં તમામ ક્ષેત્રોના શેરોમાં ગાબડા પડયા હતા. સેન્સેકસ 900 પોઈન્ટથી અધિક ગગડીને 60,000ની નીચે જ્યારે નીફ્ટી 300 પોઈન્ટથી વધુ ગગડીને 18000 ની નીચે સરકી ગયો હતો. સ્મોલકેપ ઈન્ડેક્સમાં તો 1000 પોઈન્ટથી અધિકનો કડાકો સર્જાયો હતો. સાર્વત્રીક ગભરાટભરી વેચવાલીથી તમામ વર્ગોનો માલ ફુંકાતો રહ્યો હોય તેવી હાલત હતી.

શેરબજાર કેટલાંક વખતથી આર્થિક મંદી જેવા નેગેટીવ કારણોને ડીસ્કાઉન્ટ કરતું રહ્યું હતું પરંતુ હવે તમામ પરિબળોની એકસામટી અસર વર્તાવા લાગી હોય તેમ મંદીનો દૌર શરૂ થયો છે. છેલ્લા સાત દિવસમાં શેરબજારમાં ઈન્વેસ્ટરોએ 16 લાખ કરોડ રૂપિયા ગુમાવ્યા છે.જયારે એક જ દિવસમાં 6 લાખ કરોડનુ ધોવાણ થયુ હતું. મુંબઈ શેરબજારમાં લીસ્ટેડ તમામ કંપનીઓનુ માર્કેટ કેપીટલાઈઝેશન ઘટીને 275.01 લાખ કરોડ થઈ ગયુ હતું. જે ગઈકાલે અંદાજીત 281 લાખ કરોડનું હતું.

શેરબજારમાં શુક્રવારે શરૂઆત જ નબળા ટોને થઈ હતી. વૈશ્વિક નબળાઈ ઉપરાંત ઘરઆંગણે કોરોનાના ગભરાટથી વેંચવાલીનો મારો રહેતા તમામે તમામ ક્ષેત્રોનાં શેરોમાં ગાબડા પડતા રહ્યા હતા. વિદેશી નાણા સંસ્થાઓની વેચવાલીથી દબાણ વધ્યુ હતું.નાના ઈન્વેસ્ટરોનો પણ માલ ફુંકાતા રોકડાના શેરોનો પણ ભૂકકો બોલી ગયો હતો. તમામ મીડકેપ-સ્મોલકેપ શેરો ગગડયા હતા. જાણીતા શેરબ્રોકરોનાં કહેવા પ્રમાણે કોરોનાના ગભરાટ ઉપરાંત વૈશ્વિક આર્થિક મંદીની આશંકા તથા આવતા મહિનાઓમાં પણ વ્યાજદરમાં વધારાનો દોર ચાલુ રહેવાના નિર્દેશોથી વિપરીત અસર પડી હતી. આ ત્રણેય કારણોથી માર્કેટ વધુને વધુ મંદીમાં ધકેલાતું રહ્યું હતું.



### તમામે તમામ ક્ષેત્રોના શેરોમાં ભારે વેચવાલીથી ગાબડા

શેરબજારમાં હિન્દ લીવર, ઈન્ડૂસ ઈન્ડ બેંક, ઈન્ફોસીસ, લાર્સન, મારૂતી, નેસ્લે, પાવરગ્રીડ, રીલાયન્સ, સ્ટેટ બેંક, ટાટા મોટર્સ, ટીસીએસ. એશીયન પેઈન્ટસ, એકસીસ બેંક, બજાજ ફાઈનાન્સ, ભારતી એરટેલ, એચડીએફસી, આઈસીઆઈસીઆઈ બેંક, અદાણી પોર્ટ, હિન્દાલ્કો, અદાણી એન્ટરપ્રાઈઝ, ટીસ્કો સહિતના શેરોમાં ગાબડા પડયા હતા. છેલ્લા દિવસોમાં ઉંચકાયેલા આઈઓબી, સેન્ટ્રલ બેંક, યશ બેંક, સુઝલોન, બેંક ઓફ મહારાષ્ટ્ર, યુકો બેંક સહિતના નાના શેરોમાં પણ કડાકા હતા. મુંબઈ શેરબજારનો સેન્સીટીવ ઈન્ડેકસ 924 પોઈન્ટના કડાકાથી 59901 હતો જે ઉંચામાં 60546 તથા નીચામાં 59887 થયો હતો. નેશનલ સ્ટોક એકસચેંજનો નીફટી 303 પોઈન્ટ ગગડીને 17824 હતો જે ઉંચામાં 18050 તથા નીચામાં 17816 થયો હતો.

## લોકોની ખરીદીની રીત-ભાતમાં ધરખમ ફેરફાર

# હવે ભારતના લોકો લોન લઈને ખરીદી કરવાનું પસંદ કરી રહ્યાં છે

■ ખરીદી માટે 50 ટકાથી વધુ લોકોએ કર્યુ EMI કાર્ડનો ઉપયોગ

ગુજરાત | વંદન




ભારતમાં દિવસે ને દિવસે લોકોની ખરીદીની રીત-ભાતમાં ધરખમ ફેરફાર આવી રહ્યો છે. ભારતીય હવે લોન લઈને ખરીદી કરવાનું પસંદ કરે છે. દેશમાં ખરીદીને લઈ કરવામાં આવેલ સર્વેમાં જાણવા મળ્યું છે કે, દેશમાં લોકો ખરીદી માટે હવે વધુને વધુ હપ્તેથી ખરીદારી પસંદ કરી રહ્યા છે. રોકડ, ક્રેડિટ કાર્ડ અને ડેબિટ કાર્ડ અથવા યુપીઆઈને બદલે લોકો ઈએમઆઈ કાર્ડનો ઉપયોગ કરવાનું પસંદ કરી રહ્યાં છે. હોમ ક્રેડિટ ઈન્ડિયાના વાર્ષિક ગ્રાહક રિસર્ચ 'હાઉ ઈન્ડિયા બોરોઝ'માં આ વાત સામે આવી છે. આ સર્વેક્ષણ મુંબઈ, બેંગલુરુ, દિલ્હી, કોલકાતા, ચેન્નઈ, લખનૌ, પટના અને રાંચી સહિત ૧૬ શહેરોમાં કરવામાં આવ્યું છે.

સર્વેમાં જાણવા મળ્યું છે કે ભારતમાં ૫૦%થી વધુ લોકો તરત જ ચૂકવણી કરવાને બદલે ખરીદી માટે ઈએમઆઈ કાર્ડ અથવા કોઈપણ ક્રેડિટ કાર્ડનો ઉપયોગ કરવાનું પસંદ કરે છે. આ ઈએમઆઈ ખરીદીમાં કોઈપણ વસ્તુની ખરીદી પર તેની ચુકવણી માસિક હપ્તામાં કરવામાં આવે છે. ૧૬ શહેરોમાં હાથ ધરવામાં આવેલા આ સર્વેમાં ૧૮ થી ૫૫ વર્ષની વયજૂથના ૧૫૦૦ ઉધાર લેનારાઓને આવરી લેવામાં આવ્યા હતા જેમની સરેરાશ આવક ૩૦,૦૦૦ રૂપિયા પ્રતિ માસ છે. સર્વેમાં બહાર આવ્યું છે કે ૧૫૦૦ લોકોમાંથી ૫૦%થી વધુ લોકોએ ખરીદી અથવા અન્ય ક્રેડિટ હેતુઓ માટે ઈએમઆઈ કાર્ડ પસંદ કર્યું છે. સર્વેક્ષણ 'ઝડપી-વિકસતા ગ્રાહક ધિરાણ વર્તન' પર ધ્યાન કેન્દ્રિત કરે છે.

સર્વેમાં નોંધવામાં આવ્યું કે ૭૫%થી વધુ લોકો લોન લેવા માટે ખૂબ જ આરામદાયક સ્થિતિમાં છે. તેઓએ કન્ઝયુમર ડ્યુરેબલ્સ અથવા શોપિંગ તેમજ બિઝનેસ જરૂરિયાતો અથવા ઘરના રિનોવેશન માટે લોન લીધી છે. ૬૦%થી વધુ લોકો ઈન્ટરનેટ બેન્કિંગને બદલે મોબાઈલ બેન્કિંગ દ્વારા લોન મેળવવામાં વધુ આરામદાયક અનુભવે છે, જેમાં ઈન્દોર, જયપુર, સુરત જેવા ટિયર ૨ શહેરોના યુવાનો મોટી સંખ્યામાં છે. સર્વેમાં શામેલ ૬૦% ક્રેડિટ ગ્રાહકોએ એમ્બેડેડ ફાઈનાન્સમાં રસ દર્શાવ્યો હતો. સર્વેમાં સામેલ ૫૦%થી વધુ લોકો ખરીદી માટે ઈએમઆઈ કાર્ડનો ઉપયોગ કરવાનું પસંદ કરી રહ્યા છે. ક્રેડિટ કાર્ડને ૨૫% અને બાય નાઉ પે લેટર ૧૦% લોકો દ્વારા પસંદ કરવામાં આવે છે. ઋણ લેનારાઓ બેંગલુરુ (૮૨%), પટના (૭૪%), લખનૌ (૬૯%), લુધિયાણા (૬૮%) અને જયપુર (૬૮%) જેવા શહેરોમાં ફેલાયેલા છે.

ઓનલાઈન શોપિંગ છેલ્લા ઘણાં વર્ષોમાં ઝડપથી વિકસ્યું છે. આ સ્થિતિમાં કંપનીઓ લોકોને સામાન ખરીદવા માટે નો કોસ્ટ ઈએમઆઈનો વિકલ્પ પણ આપે છે. તેમાં ખરીદી કરેલ માલસામાનની સંપૂર્ણ રકમ દર મહિને નાના હપ્તામાં ચૂકવવાની હોય છે અને તેના પર કોઈ વ્યાજ લેવામાં આવતું નથી. આ સ્થિતિમાં રૂપિયા ઓછા હોવા છતાં પણ લોકો સામાન ખરીદવા સક્ષમ બને છે.

# પેટીએમના શેર બાયબેક પ્લાનને શેર દીઠ ₹810ની કિંમતને મંજૂરી

■ કંપનીને 850 કરોડના શેર પાછા ખરીદશે

ગુજરાત | વંદન




પેટીએમ પેરેન્ટ કંપની 197 કોમ્યુનિકેશન દ્વારા 12 ડિસેમ્બરના 2022 ના દિને પેટીએમના શેરો બાયબેક કરવાના પ્લાનને મંજુરી આપી છે. આની પાછળ 850 કરોડ રુપિયાનો ખર્ચ કરશે. શેર દિઠ રૂ. 810 ની કિંમતે શેર બાયબેક કરાશે. અને તે માટેની સમયમર્યાદા છ મહિનાની નક્કી કરાઈ છે. આ શેરો ઓપન માર્કેટથી ખરીદાશે. કંપનીએ સમગ્ર દેશના સ્ટોક એક્સચેન્ને માહિતી આપી છે. પેટીએમના દ્વારા મેક્સિમ બાયબેક પ્રાઈસ અને સાઈ ઉપર પાછા ખરીદનારા તેનું ઈન્ડક્ટીવ નંબર 10493827 હથે. માર્ચ 2023 સુધીમાં પેઈડઅપ કેપિટલનાં લગભગ 1.62 ટકા શેરો પરત આવશે. આ માટે કંપની 850 કરોડ રુપિયાનો બાયબેક ખર્ચ કરશે. બાયબેકની આ યોનાજ હેઠળ ટેક્ષની ગણતરી ગણતાં કુલ રકમ રૂ. 1048 કરોડ રુપિયા જેટલી થવાય છે. અત્રે ઉલ્લેખનીય છે કે પેટીએમ ભારતની બી મોટી કંપની છે. આશરે 50 ટકા મંગળવનાર ક્લીંગ પ્રાઈસથી થશે. પેટીએમના શેર પ્રાઈસ 150 રૂપિયા હતો. 2021માં લિસ્ટીંગ થયું હતું. 10 ટકા 1950 ના ભાવમા થયું હતું. 13 મી ડિસેમ્બર 2022 ના રો 539.50 રૂપિયાના ભાવે કંપનીના શેરનો ભાવ બંધ રહ્યો હતો. એટલે કે ઈસ્યુ ભાવથી 70 ટકા ભાવ નીચે બોલાય છે. હકીકતમાં કંપની તેનો ભાવ વધુ ઘટતો અટકાવવા માટે પબ્લિક પાસેથી શેરો પાછા ખરીદી રહી છે. મોટા ભાગની કંપનીઓ શેર બાયબેકમાં શેરની પ્રવર્તમાન કિંમત કરતાં પ્રિમિયમ આપે છે. બાયબેકનો હેતુ શેર ધારકોના હોલ્ડીંગની વેલ્યુ વધારવાનો છે.

## વર્તમાન નાણાં વર્ષના પ્રથમ સાત મહિનામાં ચીન ભારતનું બીજું મોટું વેપાર ભાગીદાર દેશ રહ્યું

# ચીનમાં કોરોનાના ફરી વિસ્ફોટથી દેશના આયાત-નિકાસકારો ચિંતિત બન્યા

ગુજરાત | વંદન



ચીનમાં ફરી કોરોનાનો વિસ્ફોટ થતાં દેશના નિકાસકારોની ચિંતામાં વધારો થયો છે અને ચીન ખાતે નિકાસમાં ઘટાડો થવાનો ભય સતાવી રહ્યો છે.

ચીનમાં જ સ્થિતિ વધુ ભયાનક બનશે તો ભારતની નિકાસ તથા ત્યાંથી કાચા માલની આયાત ખોરવાઈ જવાની દેશના ઉદ્યોગોમાં ભય ઊભો થયો છે. વર્તમાન નાણાં વર્ષમાં ભારતની નિકાસમાં ચીનનો ક્રમ ચોથો રહ્યો છે.

વર્તમાન નાણાં વર્ષના એપ્રિલથી ઓક્ટોબર દરમિયાન ચીન ખાતે ભારતની માલસામાનની નિકાસ વાર્ષિક ધોરણે ૩૭ ટકા ઘટી ૮.૮૪ અબજ ડોલર રહી હતી. આજ ગાળામાં ભારતની આયાત ૧૭ ટકા વધી ૬૦ અબજ ડોલર રહી છે.

ચીન ખાતે ભારતની નિકાસમાં મુખ્યત્વે મરિન પ્રોડકટસ, ઓર્ગેનિક કેમિકલ્સ તથા ચોખાનો સમાવેશ થાય છે.

ઓટા કમ્પોનેન્ટસ, ફાર્મા, ઈલેકટ્રોનિકસ સહિતના કેટલાક ઉદ્યોગો ચીન ખાતેથી મોટેપાયે કાચા માલની આયાત કરે છે. ચીન ભારતનો એક મોટો વેપાર ભાગીદાર દેશ છે, માટે તેની સાથેના વેપાર વ્યવહાર જળવાઈ રહે તે જરૂરી છે.

વર્તમાન નાણાં વર્ષના પ્રથમ સાત મહિનામાં ચીન ભારતનું બીજું મોટું વેપાર ભાગીદાર દેશ રહ્યું છે. વિશ્વ વેપારમાં પણ ચીનનો મોટો હિસ્સો રહેલો છે ત્યારે ચીન ખાતે કોઈપણ ખલેલ વિશ્વના અનેક દેશોના વેપારને ખોરવી નાખશે તેવી શકયતા નકારાતી નથી, એમ એક એનાલિસ્ટે જણાવ્યું હતું.

ચીનમાં કોરોનાના કેસ વધતા રહેશે તો, આવતા મહિનાના પ્રથમ પખવાડિયા બાદ દેશની સ્માર્ટફોન્સ કંપનીઓએ કમ્પોનેન્ટસની અછતનો સામનો કરવાનો વારો આવી શકે છે. અગાઉના અનુભવોને ધ્યાનમાં રાખી ભારતની સ્માર્ટફોન્સ કંપનીઓએ કમ્પોનેન્ટસનો નોંધપાત્ર સ્ટોકસ કરી રાખ્યો છે,માટે તેમના કામકાજ પર તાત્કાલિક અસર નહીં પડે એમ ઉદ્યોગના વર્તુળોએ જણાવ્યું હતું.

# નાકમાં બે ટીપાં અને કોરોનાનો ખાત્મો: ભારત બાયોટેકની નેઝલ વેક્સિનને મળી ગઈ મંજૂરી

ગુજરાત | વંદન

કોરોના વાયરસ વિરુદ્ધ જંગમાં ભારતને વધુ એક મોટુ હથિયાર મળી ગયું છે. ભારત બાયોટેકની નેઝલ વેક્સિનને સરકારની મંજૂરી મળી ગઈ છે. હવે નાકમાં બે ટીપાં નાખીને કોરોનાનો ખાત્મો કરી શકાશે. આ વેક્સિનને આજે એટલે કે, શુક્રવારથી રસીકરણ અભિયાનાં સામેલ કરવામાં આવશે અને કોવૈક્સિન અને કોવિશીલ્ડ લઈ ચુકેલા લોકો પણ આ વેક્સિન લઈ શકશે. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રી મનસુખ માંડવિયાએ ગુરુવારે રાજ્ય સભામાં જણાવ્યું હતું કે, એક્સપર્ટ કમિટિએ નેઝલ વેક્સિનને મંજુરી આપી દીધી છે. કહેવાય છે કે, કોવિન એપ પર આજથી ભારત બાયોટેકની આ નેઝલ વેક્સિનને સામેલ કરવામાં આવશે. જો કે, હાલમાં ખાનગી હોસ્પિટલમાં આ વેક્સિન મળશે. માનવામાં આવી રહ્યું છે કે, સરકાર ટૂંક સમયમાં તેને સરકારી હોસ્પિટલોમાં અને માર્કેટમાં ઉપલબ્ધ કરાવશે. આ વેક્સિનની મંજૂરી મળતા જ હવે કોઈએ વેક્સિન માટે ઈંજેક્શન લેવાની જરુર નહીં પડે. આપ ઈચ્છો તો નાકમાં બે ટીપાં નખાવીને વેક્સિન લઈ શકશો.




# બર્નાર્ડ આર્નોલ્ટ વિશ્વના સૌથી ધનિક વ્યક્તિઓમાં પ્રથમ કક્ષાએ, ગૌતમ અદાણી ત્રીજા સ્થાને ઉતર્યાં

ગુજરાત | વંદન

ઈનોલ મસ્ક હવે વિશ્વના ધનિક વ્યક્તિની હરોળમાં પાછા પડી ગયા છે. ફ્રેન્ચ અબજોપતિ અને લુઈસ રીટર્ન મોયેટ એનેસીના સી.ઓ. તરીકે બર્નાર્ડ આર્નોલ્ટ વિશ્વના સૌથી વધુ ધનિક વ્યક્તિ બની ગયા છે. હકીકતમાં મસ્કની કુલ સંપતિ ઘટીને 13.5 લાખની સપાટીએ પહોંચ્યું છે. બુલમર્ગના રિપોર્ટ અનુસાર આર્નોલ્ટની નેટવર્થ હવે 171 બિલિયન ડોલરની (14.12 લાખ કરોડ) ની થઈ છે. જ્યારે મસ્કની 164 મિલિયન ડોલરની છે, જે આશરે 13.5 લાખ કરોડની છે. ભારતીય અબજોપતિ શ્રી ગૌતમ અદાણીની સંપત્તિ 125 મિલિયન ડોલર (10.32 લાખ કરોડ) થવા પામી છે. આથી તેમનો ક્રમ ત્રીજા સ્થાને ગયો છે. એમોનના ફાઊન્ડર જેબ બેસોસ અને બિલ ગેટ્સનો નંબર આવે છે. બંનેની નેટવર્થ 16 મિલિયન ડોલરની છે. યારે ભારતના મુકેશ અંબાણીની નેટવર્થ 89.7 બિલિયન ડોલરની સપાટીએ રહેવા પામી છે અને તેમનું સ્થાન નવમો ક્રમાંક આવે છે. ફોર્બર્સના અનુસાર મસ્કની કુલ સંપત્તિ 176.8 મિલિયન ડોલર છે.

# રિલાયન્સ રિટેઈલ વેન્ચર દ્વારા ઈન્ડીપેન્ડન્ટ બ્રાન્ડની કન્ઝ્યુમર પેકેજ ફુડનો ધંધો શરૂ કરાયો

ગુજરાત | વંદન

મુકેશ અંબાણીની રિલાયન્સ રિટેઈલ વેન્ચર દ્વારા તાજેતરમાં એવી જાહેરાત કરાઈ છે કે તેના ગ્રુપની રિલાયન્સ રિટેઈલ વેન્ચર દ્વારા રોજબરોજના વપરાશમાં આવતી પ્રોસેસ કરેલી આઈટમોથી માંડીને અન્ય આવશ્યક જરુરીયાત આઈટમોનું માર્કેટીંગ હાથ ધરાશે. ગુજરાતમાં આ નવી આઈટમોનું રિટેઈલ ધોરણે વિતરણ કરાશે. તેની આ બ્રાન્ડ ઈન્ડીપેન્ડન્સ કન્ઝ્યુમર પેકેજ ફુડ ની સૌપ્રથમ ગુજરાતમાં રજુઆત કરાશે. આગામી થોડા મહિનામાં કંપની તેની નવી બ્રાન્ડની કન્યુમર્સ ગુડ્સની આઈટમનું ફાસ્ટ મુવીંગ કન્ઝ્યુમર પેકેજ ફુડ સમગ્ર દેશમાં વિતરણ શરુ કરનાર છે. ફાસ્ટ મુવીંગ કન્ઝ્યુમર પેકેજ ફુડ આઈટમમાં ખાદ્ય તેલો, કઠોળ, અનાજ, પેકેજ ફુડની આઈટમોનું વિતરણ કરાશે. તેમ રિલાયન્સ વેન્ચરના ડાયરેક્ટર સુશ્રી ઈશા અંબાણીએ જણાવ્યું હતું. કંપનીના ચેરમેન મુકેશ અંબાણી કંપનીની 45 વાર્ષિક સાધારણ સભામા





દર્શાવ્યું હતુ કે કંપનીએ ચાલુ વર્ષના ઓગસ્ટ મહિનામાંના બિઝનેસમાં પ્રવેશવાની યોજના ઘડી કાઢી હતી. આ રિટેઈલ કંપની તેની બ્રાન્ડને યુનિલિવર અને આઈટીસી સાથે પરોક્ષ રીતે સ્પર્ધા કરી શકે તે રીતે રહેશે. તેમણે જણાવ્યું હતું કે ગ્રાહકોને ઉત્તમ ગુણવત્તા ધરાવતી એફએમસીજીની આઈટમો પોષણક્ષમ ભાવે ઉપલબ્ધ થાય તેવું માર્કેટીંગ હાથ ધરાશે. મળતી માહિતી મુજબ ગાર્ડન નમકીન, કેવીન કેર પ્રોડક્ટ્સ, લાહોરી જીરા, બિંદુ બિવરીસ, વગેરેનું માર્કેટીંગ કરાશે. રિલાયન્સ ગ્રુપની આ નામની સબસીડી કંપની કોન્સોલીડેટેડ ટર્નઓવર 1.99 લાખ કરોડની સપાટીએ અને તેનો નેટ નફો 7055 કરોડની સપાટીએ 31 માર્ચ 2022 નાં રો પહોંચ્યો. કંપની તેનું નેટવર્રક વિસ્તુત કરીને એટલે કે 6492 કરોડની સપાટીએ પહોંચવાની યોજના છે. બિનેમેસમાં ઓપરેટીંગ નફો વધીને 2023 અર્ધમાસિક સમયગાળામાં ગયા વર્ષના સમયમાં 75 ટકા વૃદ્ધિ પામ્યો છે. ચાલુ વ્રષમાં કંપની વધુ પ્રોડક્ટસોને તેના રિટેઈલ માર્કેટીંગમાં સમાવીને જંગી ટર્નઓવર કરીને ભારતના તમામ અગ્રગણ્ય શહેરોમાં માર્કેટીંગ હાથ ધરનાર છે.

# બાળકના મોંમાં ચાંદાં પડતાં હોય તો આ રીતે કરો ઈલાજ

બાળકોને થતી કેટલીક સમસ્યાઓમાં મોંનાં ચાંદાંની સમસ્યા પણ હોય છે. આમ તો એક સામાન્ય સમસ્યા છે અને કોઈ પણ બાળકને થઈ શકે છે, પરંતુ તેના કારણે બાળકને બહુ તકલીફ પડતી હોય છે. આ સમસ્યામાં બાળકના મોં, જીભ, તાળવું કે હોઠ પર ફોડલી થાય છે, જેનો રંગ લાલ હોય છે. આ ફોડલાથી બાળકના મોંમાં બળતરા થાય છે. મોંમાં ચાંદાં પડવાના કારણે બાળક સરખી રીતે ખાઈ શકતું નથી અને સરખી રીતે બોલી પણ શકતું નથી. આ સમસ્યા વધારે ગંભીર નથી ગણાતી અને થોડા દિવસમાં તેની મેળે જ ઠીક થઈ જાય છે. ભોજનમાં આયર્ન, વિટામિન બી 12 અને ફોલિક એસિડની ઉણપના કારણે બાળકના મોંમાં ચાંદાં પડવા લાગે છે. તેનાથી છૂટકારો મેળવવા માટે તમે તેનાં કારણો સમજી યોગ્ય ઈલાજ કરી શકો છો.

### બાળકને મોંમાં ચાંદાં પડે તો શું થાય?

બાળકને મોંમાં ચાંદાં પડતાં તેને મોંમાં બળતરા થવા લાગે છે. સાથે-સાથે બાળક જ્યારે પણ કંઈ ખાય ત્યારે તેને ખાવામાં કે ચાવવામાં દુખાવો થાય છે. મોંમાં ચાંદાં પડે એટલે બાળક કંઈ પણ ખાવામાં કતરાય છે. ચાંદાના કારણે બાળકને દુખાવો થાય છે અને સંક્રમિત ભાગમાં સોજો પણ આવે છે.



### ઈલાજ કેવી રીતે કરવો?

ચાંદાંની સમસ્યા ધીરે-ધીરે તેની મેળે જ ઠીક થઈ જાય છે. પરંતુ જો બાળકને વધારે સમસ્યા થતી હોય તો તમે ડૉક્ટર પાસે લઈ જઈ શકો છો. ડૉક્ટર બાળકની સ્થિતિ તપાસે છે અને તેના માટે જરૂરી દવા આપે છેઘણીવાર ચાંદાં પણ ટ્યૂબ કે મલમ લગાવવા માટે આપવામાં આવે છે.

### બાળકનાં મોંમાં ચાંદા મટાડવા માટેના ઘરઘથ્થુ ઉપાય

- તમે બાળકના મોંમાં ચાંદાંનો ડૉક્ટરી ઈલાજ કરાવવા ઈચ્છતા ન હોવ તો, કેટલાક ઘરેલુ ઉપાયો પણ કરી શકો છો. ચાલો જાણીએ આ માટેના ઘરઘથ્થુ ઉપાયો.
- જો તમારું બાળક નાનું હોય તો તમે તેનાં ચાંદાં પર બરફ લગાવી શકો છો.
- બાળકને પૂરતું પાણી પાઓ.
- બાળકને વધારે તેલ-મસાલાવાળુ ભોજન ન આપો.
- બાળકને ફોલિક એસિડ, વિટામિન બી અને આયર્નયુક્ત આહાર આપો.
- તમે બાળકના મોંના ચાંદા પર મધ પણ લગાવી શકો છો. મધમાં ઈંફેક્શન દૂર કરવાના ગુણ હોય છે.
- જો બાળકની ઉંમર છ મહિના કરતાં વધારે હોય તો, ચાંદા પર નારિયેળ તેલ પણ લગાવી શકાય છે.
- આ સિવાય બાળકને પીવા માટે નારિયેળ પાણી પણ આપી શકાય છે.
- દહીંથી પણ બાળકના મોંનાં ચાંદાં મટી શકે છે. દહીંમાં રહેલ લેક્ટિક એસિડ ચાંદાના બેક્ટેરિયા દૂર કરે છે અને ચાંદાંને ઝડપથી મટાડે છે.
- જો બાળકના મોંમાં ચાંદાં પડી રહ્યાં હોય તો યોગ્ય કારણ જાણવાનો પ્રયત્ન કરો. બાળકના મોંમાં ચાંદાં પડે એટલે તેની યોગ્ય સાફ-સફાઈ કરો. તેના અનુસાર ડાયટમાં બદલાવ કરો.

### મોંમાં ચાંદાં પડવાનાં કારણો

- સામાન્ય રીતે હર્પિસ સિમ્પલેક્સ વાયરસના કારણે મોંમાં ચાંદાં પડે છે. આ સમસ્યા બાળકને સતત પરેશાન નથી કરતી.
- બાળકને ખાતી વખતે ભૂલથી જીભ જે હોઠ કચડાઈ જાય કે વાગી જાય તો તેનાથી ધીરે-ધીરે તેમાંથી ચાંદુ પડે છે.
- વિટામિનની ઉણપના કારણે ચાંદાં પડે છે. મુખ્યત્વે વિટામિન બી 12 ની ઉણપના કારણે ચાંદાં પડે છે.
- સરખી રીતે બ્રશ કરવામાં ન આવે તો પણ મોંમાં વાગી જાય છે. તેના કારણે મોંમાં ચાંદાં પડવા લાગે છે.
- કેટલીકવાર કોઈ ખાસ વસ્તુ ખાવાના કારણે પણ બાળકોને મોંમાં ચાંદાં પડે છે.
- જો કોઈ વ્યક્તિને મોંમાં ચાંદાં પડ્યાં હોય અને બાળક તેને કિસ કરે તો આ સ્થિતિમાં પણ બાળકને મોંમાં ચાંદાં પડી શકે છે.
- શરીરમાં પાણીની ઉણપના કારણે પણ મોંમાં ચાંદાં પડી શકે છે.



# શાકભાજીમાંથી મળી કેન્સરની દવા

‘ગ્લાઈકો અલ્કલોઈડ’ નામના બાયો એક્ટીવ: સંયોજનો કેન્સરની કોશિકાઓની વૃદ્ધિ રોકે છે, ખતમ કરે છે. કેન્સરના ઉપચાર માટે દુનિયાભરના વૈજ્ઞાનિકો નવા નવા સંશોધનો કરતા રહે છે. હવે પોલેન્ડના સંશોધકોએ એક અભ્યાસમાં જણાવ્યું કે આવનારા સમયમાં શાકભાજીઓમાંથી કેન્સરની દવા બનાવી શકાય છે. સંશોધકોએ સોલનમ જીન વાળા છોડોમાં આવા એન્ટી બાયોટિક સંયોજનોની ઓળખ કરી છે, જેની મદદથી કેન્સરની નવી દવાઓ બનાવી શકાય છે.

ઉલ્લેખનીય છે કે બટાટા (સોલનમ ટયુબરોસમ) ટામેટા સોલનમ લાઈકોપર્સિકમ) અને રીંગણા (સોલનમ મેલોન્ગેના) જેવા છોડ જીન સોલનમનો ભાગ છે. કેન્સરનો ઈલાજ કરવાની ક્ષમતાઃ આ અભ્યાસ પ્રો. મેગ્ડાલના વિંકિલના નેતૃત્વમાં સંશોધકોએ કર્યો છે. સંશોધકોએ ગ્લાઈકો અલ્કલોઈડ નામના બાયો એકટીવ સંયોજનોની સમીક્ષા કરી છે જે સામાન્ય રીતે બટાટા, ટામેટા જેવા શાકભાજીમાં જાણવા મળ્યું કે આ સંયોજનોમાં કેન્સરના ઈલાજની ક્ષમતા છે.

ગુણોને શોધવાની જરૂરઃ પ્રો. વિંકિલનું કહેવું છે કે કેન્સરના ઈલાજ માટે એ ઔષધીય છોડોની પણ મદદ લઈ શકાય છે, જેનો વિભિન્ન બિમારીઓના ઉપચાર માટે વર્ષોથી સફળતાપૂર્વક ઉપયોગ કરવામાં આવ્યો છે.

સંશોધકોએ જણાવ્યું હતું કે અનેક છોડ એવા છે જે ઝેરીલા હોય છે, પણ ખરો ડોઝ ઝેરને પણ દવામાં બદલી શકે છે. આ પરીસ્થિતિમાં જો વૈજ્ઞાનિકોને અલ્કલોઈડનો એક સુરક્ષિત ડોઝ મળી જાય તો તેની મદદથી અનેક રોગોની દવા બની શકે છે.

ઉપચારની સંભાવના મોજૂદઃ નવા સંશોધનમાં જાણવા મળ્યું છે કે ગ્લાઈકો અલ્ક લોઈડ ખાસ કરીને કેન્સર કોશિકાની વૃદ્ધિને રોકી શકે છે અને કેન્સર કોશિકાને ખતમ કરવામાં મદદરૂપ થઈ શકે છે. સંશોધનમાં એ પણ પ્રમાણો મળ્યા છે કે ગ્લાઈકો અલ્કલોઈડ વિષાકત નથી હોતા અને ના તો ડીએનએને નુકશાન પહોંચાડે છે કે ના તો તેના કારણે ભવિષ્યમાં ટ્યુમર પેદા થવાનો ખતરો ઉભો થાય છે.

# ગોવામાં મળશે ક્રિસમસ પાર્ટીનો ડબલ ડોઝ, આ જગ્યાઓએ તો ચોક્કસથી ...

ડિસેમ્બર એક એવો મહિનો છે, જેની રાહ લોકો આખા વર્ષથી જોતા હોય છે, કારણકે લગભગ બધા જ લોકો 25 ડિસેમ્બર એટલે કે ક્રિસમસ ડે અને ન્યૂયરની રાહ જોવે છે. જેમ-જેમ ડિસેમ્બર પસાર થાય તેમ-તેમ ક્રિસમસ સેલિબ્રેશનની તૈયારીઓ શરૂ થઈ જાય છે. 25 ડિસેમ્બરને સેલિબ્રેટ કરવા માટે લોકો દેશની જાણીતી જગ્યાઓએ ફરવા માટે જાય છે અને અવનવા પ્લાન્સ બનાવે છે. ઘણા લોકો મુંબઈ તો ઘણા લોકો ગોવામાં ક્રિસમસ પર ફરવા માટે નીકળે છે. એવામાં જો તમે આ ક્રિસમસમાં ગોવા ફરવા જવા ઈચ્છતા હોવ તો, અમે તમને ગોવાની કેટલીક એવી જગ્યાઓ અંગે જણાવી રહ્યા છીએ, જ્યાં તમે ક્રિસમસ પાર્ટીની ભરપૂર મજા માણી શકો છો. ચાલો જાણીએ આ જગ્યાઓ અંગે.



### બેસિલિકા ઑફ બોમ જીસસ ચર્ચ

- કહેવાય છે કે, ગોવામાં લગભગ 200 કરતાં પણ વધારે ચર્ચ છે, પરંતુ ક્રિસમસના દિવસે આ જગ્યાની રોનક વધી જાય છે, અને આ જગ્યાનું નામ છે ‘બેસિલિકા ઑફ બોમ જીસસ ચર્ચ’. અહીં લગભગ એક અઠવાડિયા પહેલાંથી જ ક્રિસમસની તૈયારીઓ શરૂ થઈ જાય છે. ગોવાની આસપાસની જગ્યાઓમાં પણ લોકો ફરવા માટે પહોંચે છે.
- ક્રિસમસના દિવસે પ્રાર્થના બાદ અહીં મોટા પાયે પાર્ટીનું આયોજન કરવામાં આવે છે. સાંજથી જ મ્યૂઝિક પાર્ટી માટે ભેગા થવા લાગે છે અને ક્રિસમસના દિવસે મોડી રાત સુધી પાર્ટી ચાલતી રહે છે. **સરનામુ- ઓલ્ડ ગોવા રોડ, બેંગુઈનિમ, ગોવા 403402**

### અગોડા કિલ્લો

અગોડા કિલ્લો ગોવાનો એક ઐતિહાસિક અને પ્રાચીન કિલ્લો છે. જે પણ લોકો ગોવા ફરવા માટે પહોંચે તેઓ અગોડા કિલ્લાની મુલાકાત ચોક્કસથી લે છે. ક્રિસમસ ઈવનિંગ પર તો અહીં સૌથી વધારે પ્રવાસીઓ ફરવા માટે પહોંચે છે. આ ખાસ સમયે અંઈ લાઈટિંગ કરવામાં આવે છે. કહેવાય છે કે, અહીં ક્રિસમસ પાર્ટી સાંજથી જ શરૂ થઈ જાય છે અને મોડી રાત સુધી ચાલે છે. એવામાં તમે પણ ભરપૂર ધમાલ-મસ્તી કરવા માટે અગોડા કિલ્લામાં જઈ શકો છો.
સરનામુ - અગોડા રોડ એરિયા, કેન્ડોલિમ-ગોવા-403515

### અરમ્બોલ બીચ

- ગોવામાં લગભગ અડધા ડઝન કરતાં પણા વધારે બીચ છે, પરંતુ ક્રિસમસ પાર્ટીનો ડબલ ડોઝ લેવા ઈચ્છતા હોવ તો તમારે અરમ્બોલ બીચ પર ફરવા માટે ચોક્કસથી જવું જોઈએ. આ જગ્યા વિશે તો કહેવાય છે કે, અહીં દર વર્ષે ફટાકડાઓનો શો જોવા માટે હજારો લોકોની ભીડ જામે છે. ઓલ્ડ ગોવામાં આવેલ અરમ્બોલ બીચ પર ક્રિસમસ મ્યૂઝિક પાર્ટીનું પણ આયોજન કરવામાં આવે છે. લાઈટિંગ પ્રોગ્રામનું પણ આયોજન કરવામાં આવે છે. ક્રિસમસના દિવસે અહીં માત્ર દેશી જ નહીં વિદેશી પ્રવાસીઓ પણ ફરવા માટે પહોંચે છે.

**સરનામુ-નોર્થ ગોવા**

**ગોવાની આ જગ્યાઓ પર ક્રિસમસ નિમિત્તે અચૂક જાઓ** | બેસિલિકા ઑફ બોમ જીસસ ચર્ચ, અરમ્બોલ બીચ અને અગૌડા કિલ્લા સિવાય ગોવામાં ક્રિસમસ પાર્ટીના ડબલ ડોઝ માટે બીજી ઘણી જગ્યાઓ છે. બાગા બીચ, સેટર્ડે નાઈટ માર્કેટ, કલંગુટ બૂચ અને વગાટર બીચ જેવી જગ્યાઓ પર ક્રિસમસ સેલિબ્રેટ કરવા માટે જઈ શકો છો.

# આ ક્રિસમસ પર બાળકો માટે બનાવો તેમનું પ્રિય ચોકલેટ ડેઝર્ટ

ક્રિસમસને આખી દુનિયામાં ખૂબજ ધામધૂમથી ઉજવવામાં આવે છે. આપણે બાળકો માટે અવનવાં વ્યંજનો અને મિઠાઈઓ, ડેઝર્ટ બનાવીએ છીએ. આજે અમે તમારા માટે લાવ્યા છીએ ખૂબજ સ્વાદિષ્ટ ચોકલેટ ડેઝર્ટની રેસિપી, જે નાનાં-મોટાં સૌને ભાવતાં જ હોય છે, સાથે-સાથે ખૂબજ સરળતાથી થોડી જ મિનિટ્સમાં બની પણ જશે. ચાલો આજે જોઈએ બાળકો આંગળાં ચાટતાં રહી જાય તેવા સ્વાદિષ્ટ અને હેલ્ધી ચોકલેટ ડેઝર્ટ બનાવવાની રીત. ચોકલેટનું નામ પડતાં જ બાળકોના મોંમાં પાણી આવી જાય છે. જો તમે તમારા બાળકને આ ડેઝર્ટ ઘરે બનાવીને ખવડાવશો તો, તે બીજીવાર બહારનાં ડેઝર્ટ પણ નહીં માંગે. ખૂબજ ઓછા સામાનમાં પણ તમે આ ચોકલેટ ડેઝર્ટને સ્વાદિષ્ટ અને હેલ્ધી બનાવી શકો છો. તમે કોઈપણ જાતની ચિંતા વગર તમારા બાળકને ખવડાવી શકો છો.



### બનાવવાની રીત

- એક વાટકીમાં ગરમ પાણી લો.
- તેમાં કોકો પાવડર અને કૉફી પાવડર મિક્સ કરો.
- તેને બરાબર ફેંટીને મુલાયમ પેસ્ટ બનાવી લો.
- હવે તેમાં ખાંડ અને દહીં મિક્સ કરો.
- ત્યારબાદ તેમાં બટર કે ઘી મિક્સ કરી શકાય છે.
- આ બધી જ સામગ્રીને બરાબર મિક્સ કરી લો.
- ત્યારબાદ આ બેટરમાં બેકિંગ પાવડર, બેકિંગ સોડા અને મેંદાને ચાળોને નાખો.
- હવે તેને એક બાઉલમાં લઈ માઈક્રોવેવમાં મૂકો.
- થોડી મિનિટ્સ માઈક્રોવેવમાં મૂક્યા બાદ તેના પર ચોકલેટને ઓગાળીને નાખો.
- હવે તૈયાર છે તમારું ચોકલેટ ડેઝર્ટ.
- જો તમે તેને હેલ્ધી બનાવવા ઈચ્છતા હોવ તો તેના પર ફળો સમારીને મૂકો.

### સામગ્રી

- બેકિંગ સોડા
- બેકિંગ પાવડર
- કોકો પાવડર
- કૉફી પાવડર
- કેસ્ટર શુગર
- દહીં
- મેંદો
- વેજિટેબલ ઑઈલ
- ગરમ પાણી

# FOOD: માત્ર દસ જ મિનિટમાં બનાવો ગોળ, નારિયેળની બરફી

શિયાળો આવતાં જ જાણે અવનવું ખાવી સિઝન આવી ગઈ. તલ-ગોળનું કચરિયું, મેથીમા લાડુ, ગુંદના લાડુ, ચિક્કી, અડદિયા પાક કેવી અનેક વસ્તુઓ ઘરમાં બનાવવામાં આવતી જ હોય છે. આજે અમે તમારા માટે લાવ્યા છીએ એક નવી જ મિઠાઈ. જે હેલ્ધી તો હોય છે, સાથે-સાથે માત્ર 10 જ મિનિટમાં બનીને તૈયાર પણ થઈ જશે.

### બનાવવાની રીત

- ગોળ અને નારિયેળની બરફી બનાવવા માટે સૌથી પહેલાં નારિયેળને છીણી લો.
- હવે ધીમી આંચે નોન-સ્ટિક પેન ગરમ કરવા મૂકો અને તેમાં બે ચમચી ઘી નાખી તેમાં છીણેલું નારિયેળ નાખો અને તેને શેકી લો.
- નારિયેળમાંથી સુગંધ આવવા લાગે એટલે ગેસની આંચ બંધ કરી દો અને તેને એક બાઉલમાં કાઢી લો.
- હવે ચપ્પાની મદદથી ગોળને સમારી દો. ધીમી આંચે પેન ગરમ કરો. ત્યારબાદ તેમાં 2 ચમચી ઘી ગરમ કરો અને તેમાં ગોળ નાખો.
- ગોળને સતત હલાવતા રહો, જેથી નીચે ચોંટે નહીં. હવે તેમાં ઈલાયચી નાખો અને છીણેલું નારિયેળ નાખી બરાબર મિક્સ કરી દો.
- લગભગ 5 મિનિટ સુધી તેને ચડવી લો. હવે તેને ઘીથી ગ્રીસ કરેલ થાળીમાં નાખો. અને તમારો મનગમતો આકાર કાપો.
- મિશ્રણ ઠંડુ થઈ જા ટલે તેને થાળીમાંથી કાઢીને સર્વ કરો. હવે આ બરફીને કાચની બરણીમાં ભરો. તે કાચની બરણીમાં લાંબા સમય સુધી બગડશે નહીં.
- ગોળ નારિયેળની બરફી

Recipe Card
- સરળ સ્ટેપ્સમાં બનાવો ગોળ નારિયેળની બરફી.

### સામગ્રી

- 3 કપ- નારિયેળ (છીણેલુ)
- 2 કપ- ગોળ (પીસેલો)
- 4 ચમચી- ઘી
- 4- ઈલાયચી

### રીત

Step 1 | ગોળ અને નારિયેળની બરફી બનાવવા માટે સૌથી પહેલાં નારિયેળને છીણી લો.
Step 2 | હવે ધીમી આંચે નોન-સ્ટીક પેન ગરમ કરી તેમાં ઘી નાખી નારિયેળ શેકો.
Step 3 | નારિયેળમાંથી સુગંધ આવવા લાગે એટલે ગેસની આંચ બંધ કરી દો અને તેમાં ગોળના ટુકડા નાખો.
Step 4 | હવે તેમાં ઈલાયચી નાખો અને તેમાં છીણેલું નારિયેળ નાખીને બરાબર મિક્સ કરી લો.
Step 5 | 5 મિનિટ બાદ ગેસ બંધ કરી દો અને તેને ટ્રેમાં કાઢી તમારો ગમતો શેપ કાપી લો.
Step 6 | આ મિશ્રણ ઠંડુ થઈ જાય એટલે ટ્રેમાંથી કાઢીને સર્વ કરો.



# સુંદર લાગવા ઈચ્છતી દુલ્હને લગ્ન પહેલાં ફોલો કરવું જોઈએ આ ડાયેટ

થનાર દુલ્હન દિવસોથી તેના લગ્નની ઘડીની રાહ જોતી હોય છે. શું તમારાં પણ નજીકના સમયમાં લગ્ન થવાનાં છે અને હજી ઘણી તૈયારીઓ બાકી છે? ખરીદી, બુકિંગ અને બીજી ઘણી તૈયારીઓ બાકી છે. નેચરલ ગ્લો વધારવા માટે અને લગ્નના દિવસે સૌથી સુંદર લાગવા માટે પરફેક્ટ મેક-અપ અને કપડાંની પરફેક્ટ સ્ટાઈલ તમે નક્કી કરી દીધી છે? પણ આ બધાની વચ્ચે લગ્નના દિવસે ફીટ અને હેલ્ધી રહેવા માટે પરફેક્ટ ડાયટ પ્લાન ફોલો કરવો પણ બહુ જરૂરી છે.

આજે અમે તમારા માટે લાવ્યા છીએ પરફેક્ટ પ્રી વેડિંગ ડાયટ પ્લાન, જેની મદદથી વજન ઘટાડવામાં મદદ મળશે અને તમારી ત્વચા પણ બનશે ગ્લોઈંગ અને વાળ બનશે શાઈનિંગ.

દરેક છોકરી એવું જ ઈચ્છતી હોય છે કે, લગ્નના દિવસે તેની ત્વચા એકદમ સાફ લાગે, શારીર સ્વસ્થ, ફિગર આકર્ષક લાગશે અને વાળ રહેશે શાઈની અને સુંદર.

તો માત્ર મેક-અપનું વિચારવાની જગ્યાએ હેલ્ધી પ્રી-વેડીંગ ડાયટ પર પણ ધ્યાન આપીએ. તેની માહિતી આપી રહ્યાં છે ન્યૂટ્રિશનિસ્ટ મેઘા મુખરજી. મેઘા મુખરજી 2016 થી Health Mania માં ચીફ ડાયટીશિયન અને ફાઉન્ડર છે.

### વિટામિન-એ થી ભરપૂર ખોરાકનું સેવન કરો

એક્ને ફ્રી ત્વચા માટે વિટામિન-એ ખૂબજ મહત્વનું છે. વિટામિન એ કરચલી અને ફાઈન લાઈન્સને રોકવામાં મદદ કરે છે. વિટામિન એ સૂર્યના તડકા સામે રક્ષણ આપે છે. જે તમારી રંગતને પણ નિખારે છે. **સ્ત્રોતઃ** ઈંડાં, પનીર, લીલાં પત્તાંવાળાં શાકભાજી, પીળા અને નારંગી રંગનાં ફળો, ગાજર, કોળુ, પપૈયુ, શીમલા મરચું, શક્કરિયાં વગેરે.

### પ્રોબાયોટિકયુક્ત ફૂડ્સનો સમાવેશ કરો

નેચરલ પ્રોબાયોટિક યુક્ત ખોરાકને ધીરે-ધીરે ખાવાથી સોજાની સમસ્યાને દૂર કરી શકાય છે. ભોજનને ગળવાની જગ્યાએ તેને સરખી રીતે ચાવવું જોઈએ. ભોજનને સરખી રીતે ચાવીને ન ખાઈએ તો ગેસ બનવાની અને પેટ ફૂલવાની સમસ્યા થઈ કશે. એટલે જ ભોજનને હંમેશાં ધીરે-ધીરે ચાવીને જ ખાવું જોઈએ. લગ્નના એક મહિના પહેલાં ફર્મેંટ ફૂડ્સ જેમ કે, દહીં, ટેમ્પેહ, અથાણુ, છાસ વગેરે ખાવાથી ગુડ બેક્ટેરિયાને પ્રોત્સાહન મળે છે. આ ખરાબ બેક્ટેરિયા સામે લડવામાં મદદ કરે છે.



### રોજ 2 ફળનું સેવન કરો

મોટાભાગનાં ફળોમાં પોટેશિયમની માત્રા ભરપૂર હોય છે, જે સોજો અને વૉટર રિટેન્શનને ઓછો કરે છે, ખાસ કરીને કેળાં અને નારિયેળ પાણી. ફળોને સાથે રાખવાં ખૂબજ સરળ છે. ફળોના જ્યૂસની જગ્યાએ આખાં ફળોનું સેવન કરવું જોઈએ. ફળોમાં રહેલ ફાઈબર તમને પેટ ભરેલું હોય તેનો અનુભવ થશે અને કબજિયાત થતી પણ અટકશે. તો વધારે સારી વાત તો એ છે કે, ફળોમાં વિટામિન્સ અને મિનરલ્સની માત્રા તમારી ત્વચાને ગ્લોઈંગ બનાવી રાખશે.

### એક્સપર્ટનું મંતવ્ય

“ પ્રી-વેડિંગ ડાયટ બાબતે જણાવતાં મેઘા મુખર્જી જણાવે છે કે, “દરેક છોકરી તેના લગ્નના દિવસે ખૂબજ સુંદર, આકર્ષક અને તેજસ્વી દેખાવા લાગતી હોય છે અને કેમ ન ઈચ્છતી હોય? લગ્નના દિવસે દુલ્હન જ શો સ્ટોપર હોય છે.”

“ લગ્ન પહેલાં છોકરીઓની જવાબદારીઓ ખૂબજ વધી જાય છે. વારંવાર બ્યૂટી પાર્લરનાં ચક્કર કાપવામાં તેમને પોતાના માટે ‘મી ટાઈમ’ પણ ઓછો મળે છે. પરંતુ આમાં પ્રાથમિકતા તો સ્વાસ્થ્ય જ છે અને લગ્ન પહેલાં વેટ વજન ઘટાડવા કે વજનને નિયંત્રિત કરવા પણ બહુ ધ્યાન આપવું જોઈએ.”

### એક મુઠ્ઠી મિક્સ નટ્સ અને સૂકામેવા

- આ સૌથી સુવિધાયુક્ત અને મુશ્કેલીમુક્ત નાસ્તો છે. ફાઈબર, જરૂરી ચરબી અને પ્રોટીનની સાથે તમારી ભૂખને ઓછી કરવાની સાથે-સાથે ત્વચાને કુદરતી ચમક આપે છે અને મુલાયમ રાખે છે.
- તમે પહેલાં ખાધા હોય એવા જ સૂકામેવા ખાવા જોઈએ, જેનાથી તમને એલર્જી ન થતી હોય. નટ્સમાં કિશમિશ, ખજૂર અને જરદાળુનું સેવન કરવું જોઈએ.

### પૂરતા હાઈડ્રેશન પર ધ્યાન આપો

જ્યારે પણ તમને પરસેવો વળે ત્યારે પરસેવા વાટે માત્ર પાણી જ નહીં, પરંતુ તેમાં મીઠું, આયોડીન, પોટેશિયમ, કેલ્શિયમ, મેગ્નેશિયમ, ક્રોમિયમ, કૉપર, ઝીંક અને આયર્ન પણ વહે છે. જે લોકો સારી રીતે હાઈડ્રેટ ન રહે, તેમને થાક વધારે લાગે છે અને તેમને અશક્તિ લાગે છે. શરીરમાં સતત દુખાવો રહે છે. ઈલેક્ટ્રોલાઈટ અસંતુલનના કારણે મસલ્સમાં ખેંચાણ થવાનો ખતરો રહે છે. ઈલેક્ટ્રોલાઈટ અસંતુલન વૉટર રિટેન્શનના કારણે અચાનક તમારું વજન વધી શકે છે અને તમને શરીર ફૂલી જરું હોય તેવું અને સુસ્ત અનુભવાશે. હાઈડ્રેટ રહેવા માટે માત્ર સાદા પાણીની જગ્યાએ નારિયેળ પાણી, વેજ સૂપ, વેજ જ્યૂસ, છાસ, લીંબુ પાણી, ચણા સત્તુ, કાંજી વગેરેનું સેવન પણ કરી શકો છો.

# ક્રિકેટના કેટલાક મોટા રેકોર્ડ, જે વર્ષ 2022માં બન્યા...

વર્ષ 2022 પૂરું થઈ રહ્યું છે, નવા વર્ષ એટલે કે હેપ્પી ન્યુ યર 2023ની ઉજવણીની તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. વર્ષની વિદાયના અવસર પર ક્રિકેટ સાથે જોડાયેલા તે મોટા રેકોર્ડ વિશે જણાવીએ, જે આ વર્ષે બન્યા હતા. માત્ર ખેલાડીઓ જ નહીં પરંતુ ભારતના ક્રિકેટ સ્ટેડિયમે પણ એક મોટો રેકોર્ડ બનાવ્યો, જેના કારણે તેનું નામ ગિનિસ વર્લ્ડ રેકોર્ડમાં નોંધાયું. અહીં કેટલાક સૌથી મોટા રેકોર્ડ્સ (ટોપ 8 ક્રિકેટ રેકોર્ડ્સ) છે.

## વિરાટ કોહલીની 72મી સદી

વિરાટ કોહલીએ વર્લ્ડ કપમાં પાકિસ્તાન સામે 82 રનની મેચ વિનિંગ ઈનિંગ રમી હતી, તે ઈનિંગ્સ તેની કારકિર્દીની ટોચની 3 શ્રેષ્ઠ ઈનિંગ્સમાં ગણવામાં આવશે. કોહલીએ આ ઈનિંગમાં 4 છગ્ગા અને 6 ચોગ્ગા ફટકાર્યા હતા. કોહલીએ આ વર્ષે એશિયા કપમાં અફઘાનિસ્તાનની T20 કારકિર્દીની પ્રથમ સદી ફટકારી હતી. લાંબા સમયથી ફોર્મમાં ચાલી રહેલા કોહલી માટે આ વર્ષ સારું રહ્યું છે. તાજેતરમાં તેણે બાંગ્લાદેશ સામે સદી ફટકારી હતી, જે તેની કારકિર્દીની 72મી આંતરરાષ્ટ્રીય સદી હતી. 72 સદી સાથે, કોહલી રિકી પોન્ટિંગનો રેકોર્ડ તોડીને સૌથી વધુ સદીઓના મામલે બીજા સ્થાને પહોંચી ગયો છે. હવે માત્ર સચિન તેંડુલકર (100 સદી) કોહલીથી આગળ છે.



એશિયા કપમાં ભારતે પાકિસ્તાન સામે પ્રથમ મેચ રમી હતી, આ મેચ વિરાટ માટે ઐતિહાસિક હતી. વિરાટની આ 100મી T20 મેચ હતી. વિરાટ T20 ઈન્ટરનેશનલ ક્રિકેટમાં સદી ફટકારનાર બીજો ભારતીય ક્રિકેટર બન્યો, આ પહેલા માત્ર રોહિત શર્મા જ આવું કરી શક્યો.

## કોહલી ટી-20માં 100 મેચ રમનાર બીજો ભારતીય

## નરેન્દ્ર મોદી સ્ટેડિયમ

અમદાવાદ, ગુજરાતનું નરેન્દ્ર મોદી ક્રિકેટ સ્ટેડિયમ વિશ્વના સૌથી મોટા ક્રિકેટ સ્ટેડિયમોમાંનું એક છે. આ વર્ષે ઈન્ડિયન પ્રીમિયર લીગની ફાઈનલ મેચ પણ આ મેદાન પર રમાઈ હતી. ગુજરાત ટાઇટન્સ અને રાજસ્થાન વચ્ચેની આ મેચ જોવા માટે સ્ટેડિયમમાં 1 લાખ 1 હજાર 566 દર્શકો હાજર રહ્યા હતા. આ સ્ટેડિયમનું નામ ગિનિસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં નોંધાયું હતું. ફાઈનલમાં જોરદાર ટી-શર્ટ પણ બનાવવામાં આવી હતી.



ઈશાન કિશને 10 ડિસેમ્બરે બાંગ્લાદેશ સામે બેવડી સદી ફટકારી હતી. ઈશાન ODI ફોર્મેટમાં બેવડી સદી ફટકારનાર ચોથો ભારતીય બન્યો. તેના પહેલા રોહિત શર્મા, વીરેન્દ્ર સેહવાગ અને સચિન તેંડુલકરે આ ફોર્મેટમાં બેવડી સદી ફટકારી હતી. આ ચાર ભારતીય ખેલાડીઓ સિવાય ક્રિસ ગેલ, ફખર ઝમાન અને માર્ટિન ગુપ્ટિલે બેવડી સદી ફટકારી છે. ઈશાન કિશન બેવડી સદી ફટકારનાર સૌથી યુવા ખેલાડી બન્યો.

## ઈશાન કિશનની ઐતિહાસિક બેવડી સદી

## ગાયકવાડે સિક્સરનો રેકોર્ડ બનાવ્યો

ઋતુરાજ ગાયકવાડ માટે વિજય હજારે ટ્રોફી યાદગાર રહી, અહીં સદીનો રેકોર્ડ બનાવ્યો. આ દરમિયાન તેણે સિક્સરનો રેકોર્ડ પણ બનાવ્યો અને તે આવું કરનાર પ્રથમ ક્રિકેટર બન્યો. ઋતુરાજ ગાયકવાડે ઉત્તર પ્રદેશ સામે એક ઓવરમાં 7 સિક્સર ફટકારવાનો રેકોર્ડ બનાવ્યો હતો.



શાકિબ અલ હસને ટી20 ઈન્ટરનેશનલમાં સૌથી વધુ ડોટ બોલની યાદીમાં શાહિદ આફ્રિદીને પાછળ છોડી દીધો છે. તે સૌથી વધુ ડોટ બોલ ફેંકનાર બોલર બન્યો. આ સિવાય તેણે ODI ફોર્મેટમાં સૌથી વધુ વિકેટ લેવાના મામલે શેન વોર્નને પાછળ છોડી દીધો છે.

## શાકિબ અલ હસન

## પાકિસ્તાને ભારતનો રેકોર્ડ તોડ્યો

પાકિસ્તાને ICC T20 ક્રિકેટ વર્લ્ડ કપની ફાઈનલમાં જગ્યા બનાવી લીધી, જોકે શરૂઆતની મેચ હાર્યા બાદ કોઈએ વિચાર્યું ન હતું કે પાકિસ્તાન ફાઈનલ રમશે. જોકે ટીમ સેમી ફાઈનલમાં ન્યૂઝીલેન્ડને હરાવીને ફાઈનલમાં પ્રવેશી હતી. આ મેચ જીતીને પાકિસ્તાને ભારતનો રેકોર્ડ તોડ્યો છે. ટીમના નામે એક જ ટીમ સામે સૌથી વધુ T20 મેચ જીતવાનો રેકોર્ડ છે. ન્યૂઝીલેન્ડ સામે પાકિસ્તાનની આ 18મી T20 જીત હતી.



એક વર્ષમાં સૌથી વધુ મેચ જીતવાનો રેકોર્ડ ભારતીય ક્રિકેટ ટીમના નામે છે. આ પહેલા આ રેકોર્ડ ઓસ્ટ્રેલિયા (38 મેચ જીત)ના નામે હતો. પરંતુ હવે આ મામલે ભારતીય ક્રિકેટ ટીમ ટોપ પર આવી ગઈ છે. હવે એક વર્ષમાં સૌથી વધુ મેચ જીતવાનો રેકોર્ડ ભારતના નામે છે.

## એક વર્ષમાં સૌથી વધુ મેચ જીતવાનો રેકોર્ડ

# IPL 2023 હરાજીમાં કોઈ કરોડોમાં વેચાયો તો કોઈના ભાવ ન પુછાયા!



### ■ દેશી-વિદેશી મળીને 71 ખેલાડીઓ ખરીદદારોને યોગ્ય ન લાગ્યા

ગુજરાત | વંદન

ઈન્ડિયન પ્રીમિયર લીગની 16મી સિઝનની હરાજી પૂરી થઈ ગઈ છે. આ સીઝનની હરાજીમાં કુલ 80 ખેલાડીઓ વેચાયા હતા. જો કે, 71 ખેલાડીઓ એવા હતા જેમને કોઈ ખરીદનાર મળી શક્યો ન હતો.

IPL 2023ની હરાજીમાં કુલ 80 ખેલાડીઓ વેચાયા હતા. આ દરમિયાન લગભગ 167 કરોડ રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો હતો. આ સીઝનની હરાજીમાં કુલ 29 વિદેશી ખેલાડીઓ વેચાયા હતા. તે જ સમયે, મિની હરાજીમાં કુલ 51 ભારતીય ખેલાડીઓ ખરીદવામાં આવ્યા હતા. એક સમય કરોડોમાં ખરીદાતો ઈંગ્લેંડનો ખેલાડી ડેવિડ મલાન પણ આ વખતે હરાજીની યાદીમાં હતો. પરંતુ કોઈએ તેની તરફ નજર સુધા ન કરી. ભારતના મનદીપ સિંહ પણ અનસોલ્ડ રહ્યું હતું.

ઈંગ્લેન્ડના સ્ટાર ઓલરાઉન્ડર ખેલાડી સૈમ કરનને પંજાબ કિંગ્સે 18.50 કરોડ રૂપિયામાં ખરીદ્યો હતો.

કરન ઈજાના કારણે લીગની છેલ્લી સિઝનમાં રમી શક્યો ન હતો, પરંતુ આ સિઝનમાં તે પુનરાગમન કરે તેવી અપેક્ષા છે. કુરનને ખરીદવા માટે તેની બે જૂની ટીમો પંજાબ કિંગ્સ અને ચેન્નાઈ સુપર કિંગ્સ વચ્ચે લાંબી લડાઈ ચાલી હતી, જેમાં પંજાબનો વિજય થયો હતો. આ સાથે, કરન આ લીગમાં સૌથી મોંઘો ખેલાડી પણ બની ગયો છે.

# આઇપીએલ ઇતિહાસનો સૌથી મોંઘો ખેલાડી બન્યો સેમ કરન



ગુજરાત | વંદન

IPLની મિની હરાજીમાં ઈંગ્લેન્ડના સેમ કરન અને ઓસ્ટ્રેલિયામા કેમરૂન ગ્રીનને મોટી લોટરી લાગી છે. સેમ કરન આઈપીએલના ઈતિહાસનો સૌથી મોંઘો ખેલાડી બની ગયો છે. પંજાબ કિંગ્સે સેમ કરનને 18.50 કરોડમાં ખરીદ્યો છે. બીજી તરફ મુંબઈ ઇન્ડિયન્સે ઓસ્ટ્રેલિયાના કેમરૂન ગ્રીન પર મોટો દાવ ખેલતા 17.5 કરોડ રૂપિયામાં ખરીદ્યો છે. કેમરૂન ગ્રીન આઈપીએલના ઈતિહાસનો બીજો સૌથી મોંઘો ખેલાડી બન્યો છે. આ પ્રસંગે અમે બન્ને ખેલાડીઓ વિશે જણાવી રહ્યા છીએ.તેમને શા માટે આટલા કરોડ રૂપિયામાં આપવામાં આવ્યા છે. સેમ કરન અને કેમરૂન ગ્રીન બન્ને ઓલરાઉન્ડર્સ છે. જે બેટિંગ અને બોલિંગ બન્નેમાં ટીમ માટે ઉપયોગી સાબિતી થઈ શકે છે. ટી 20 ક્રિકેટમાં બન્નેનો રેકોર્ડ પણ સારો છે. તેમની ઓલરાઉન્ડર્સની ક્ષમતાને ધ્યાનમાં રાખી તેમને ઘણી મોટી રકમ આપી ટીમમાં લીધા છે. ઈંગ્લેન્ડના ઓલરાઉન્ડર સેમ કરને ટી-20 વર્લ્ડ કપમાં પોતાના શાનદાર પ્રદર્શનથી બધાને પ્રભાવિત કર્યા હતા. તેણે વર્લ્ડ કપમાં 6 મેચમાં 13 વિકેટ ઝડપી હતી. તેણે ફાઈનલમાં પાકિસ્તાન સામે 3 વિકેટ ઝડપી હતી. તે આઈપીએલમાં 32 મેચ રમ્યો છે અને કુલ 32 વિકેટ ઝડપી છે. આ સિવાય 337 રન પણ બનાવ્યા છે. તેના ટી-20ના આંતરરાષ્ટ્રીય ક્રિકેટ કારકિર્દીની વાત કરવામાં આવે તો તેણે 35 મેચમાં 43 વિકેટ ઝડપી છે. આ સિવાય 158 રન પણ બનાવ્યા છે.

### કુમાર કાર્તિકેય બન્યો કીર્તિમાન, એક જ ઈનિંગમાં સૌથી વધુ વિકેટ લઈને મચાવ્યો તરખાટ..!



# ક્રિકેટર બનવા મજૂરી કરનાર બોલરની કમાલ, રણજી ટ્રોફીમાં એકસાથે 10 વિકેટ ઝડપી, ટીમને પણ જીતાડી

ગુજરાત | વંદન


ભારતની ટોચની ફર્સ્ટ-ક્લાસ ટૂર્નામેન્ટ રણજી ટ્રોફીની વર્તમાન ચેમ્પિયન મધ્ય પ્રદેશે શાનદાર પ્રદર્શન કરી વિરોધી ટીમને પરાસ્ત કરી દીધી હતી. ટીમને એટલું સારું પ્રદર્શન કર્યું કે બે દિવસમાં જ મેચ સમાપ્ત થઈ ગઈ. એવું નથી કે મેચ માત્ર બે દિવસમાં ખતમ થઈ ગઈ, પરંતુ જે રીતે મેચ થઈ તે બધાને ચોંકાવી દીધા. તેના સ્ટાર સ્પિનર કુમાર કાર્તિકેયના દમ પર એમપીએ ચંડીગઢને એક જ દિવસમાં બે વાર હરાવીને શાનદાર અને ઐતિહાસિક જીત નોંધાવી હતી. બુધવાર, 21 ડિસેમ્બરે, ઈન્દોરમાં રમાયેલી આ ગ્રુપ ડી મેચના બીજા દિવસે, મધ્યપ્રદેશની ટીમે એક ઈનિંગ અને 125 રનથી હરિફ ટીમને પરાસ્ત કરી નાખી. આ સાથે, ડિફેન્ડિંગ ચેમ્પિયન મધ્યપ્રદેશની ટીમે નવી સિઝનમાં સતત બીજી વખત જીત નોંધાવીને પોતાનું ટાઈટલ બચાવવા તરફ વધુ એક પગલું ભર્યું. એમપીની જીત પાછળ નિર્ણાયક પરિબળ તરીકે છે ડાબોડી સ્પિનર કુમાર કાર્તિકેય...! આ બોલરે પોતાની કરિયરમાં પહેલી જ વખત પ્રથમ શ્રેણીની મેચમાં એક સાથે 10 વિકેટ ઝડપી લીધી હતી, જેના કારણે ચેમ્પિયન મધ્યપ્રદેશે રણજી ટ્રોફી ગ્રુપ ડી મેચમાં ચંદીગઢને ઈનિંગ્સ અને 125 રને હરાવ્યું હતું.

કાર્તિકેય પણ એ ખેલાડીઓમાં સામેલ હતો જેમણે ગઈ સિઝનમાં એમપીને ચેમ્પિયન બનવામાં મહત્વની ભૂમિકા ભજવી હતી. તેણે 32 વિકેટ લીધી હતી અને તે સિઝનમાં શમ્સ મુલાની બાદ બીજા સૌથી સફળ બોલર તરીકે પૂરવાર થયા હતા. હવે નવી સિઝનમાં પણ આ જ ફોર્મ ચાલુ રાખતા કાર્તિકેયે મેચમાં 64 રન આપીને 10 વિકેટ લીધી હતી. તેણે પ્રથમ દાવમાં 20 રનમાં 6 વિકેટ લીધી હતી, જ્યારે બીજી ઈનિંગમાં પણ તેણે 44 રનમાં 4 વિકેટ ઝડપી હતી.

આ જીતે એમપીને માત્ર 6 પોઈન્ટ જ નહીં પરંતુ તેની ઝોળીમાં બોનસ પોઈન્ટ પણ આવ્યા છે. આ રીતે, સતત બે જીત નોંધાવ્યા પછી, મધ્ય પ્રદેશની ટીમ 14 પોઈન્ટ સાથે ગ્રુપ ડીમાં ટોચ પર પહોંચી ગઈ છે. ટીમે તેની પ્રથમ મેચમાં જમ્મુ અને કાશ્મીરને એક ઈનિંગ્સ અને 17 રનથી હરાવ્યું હતું અને તેમાં પણ બોનસ પોઈન્ટ મેળવ્યા હતા.

# વિવિધ રમતોમાં એવું રહ્યું 2022નું વર્ષ

## ભાલાફેંક — નીરજ ડાયમંડ લીગ જીતનાર પ્રથમ ભારતીય બન્યો



નીરજ ચોપરાએ ઝુરિચમાં ડાયમંડ લીગ ફાઈનલમાં પહેલુ સ્થાન મેળવીને ઈતિહાસ રચ્યો. નીરજ ચોપરા ડાયમંડ લીગ ટ્રોફી જીતનાર પ્રથમ ભારતીય બની ગયો છે. તેણે ચેક રિપબ્લિકના જેકબ વાડલેચકોને હરાવવા માટે 88.44 મીટરની બરછી ફેંકી હતી. તેણે પાંચમા પ્રયાસમાં 86.94 મીટર બરછી ફેંકી હતી.

## ટેનિસ — રોજર ફેડરરે ટેનિસમાંથી નિવૃત્તિ લીધી



ત્રીજા સૌથી વધુ ગ્રાન્ડ સ્લેમ જીતનાર પુરુષ ટેનિસ ખેલાડી રોજર ફેડરર આ વર્ષે નિવૃત્તિ લઈ લીધી હતી. લેવર કપમાં કારકિર્દીની છેલ્લી મેચ રમીને નિવૃત્તિ લીધી હતી. છેલ્લી મેચ બાદ રોજર ફેડરર પોતાના આંસુ રોકી શક્યો નહોતો. તે ખૂબ જ રડતો જોવા મળ્યો હતો. આ ભાવનાત્મક ક્ષણમાં રાફેલ નડાલ પણ તેની સાથે આંસુ વહાવતો જોવા મળ્યો હતો.

## IPL 2022 — હાર્દિક પંડયાની કપ્તાનીમાં ગુજરાત ટાઇટન્સની ભવ્ય જીત



આઈપીએલ 2022ની ફાઈનલ મેચ અમદાવાદમાં મોટેરા ખાતે નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં રમાઈ જેમાં ગુજરાત ટાઈટન્સની ભવ્ય જીત મેળવી હતી. ગુજરાત ટાઈટન્સ અમદાવાદમાં રોડ શો કરી વિજયની ભવ્ય ઉજવણી કરશે.

## ફિફા વર્લ્ડકપ — 36 વર્ષ બાદ આર્જેન્ટિના ચેમ્પીયન બન્યુ



કતારમાં વર્લ્ડ કપની ફાઈનલ લુસેલ સ્ટેડિયમમાં ડિફેન્ડિંગ ચેમ્પિયન ફ્રાન્સ અને આર્જેન્ટિના વચ્ચે રમાઈ છે. જેમા રોમાંચક મુકાબલામાં કેપ્ટન લિયોનેલ મેસીની આગેવાનીમાં આર્જેન્ટિનાની ટીમે ફિફા વર્લ્ડકપ ઈતિહાસનું ત્રીજું ટાઇટલ જીતી લીધું હતું. આ સાથે મેસીએ સેંકડો દેશવાસીઓનું અને તેનું પોતાનું પણ વર્લ્ડકપ જીતવાનું સપનું પૂરું કર્યું હતું.

## વર્લ્ડ બોક્સિંગ — નિખતને વર્લ્ડ બોક્સિંગ ચેમ્પિ.માં ગોલ્ડ જીત્યો



ભારતની સ્ટાર મહિલા બોક્સર નિખાતે આ વર્ષે વર્લ્ડ બોક્સિંગ ચેમ્પિયનશિપમાં શાનદાર પ્રદર્શન કરીને ગોલ્ડ મેડલ જીત્યો હતો. તેણે 52 કિલોમાં આ ઈતિહાસ રચ્યો હતો.

## બેડમિન્ટન — ભારતીય મેન્સ બેડમિન્ટન ટીમે પ્રથમ વખત થોમસ કપ જીત્યો



બેડમિન્ટનમાં પણ ભારતનું પ્રદર્શન શાનદાર રહ્યું હતું. વર્ષ 2022માં ઈતિહાસ રચતા મેન્સ બેડમિન્ટન ટીમે પ્રથમ વખત થોમસ કપ જીત્યો.

## T-20 વર્લ્ડ — ફાઇનલમાં પાકિસ્તાને હરાવી વિજેતા બન્યો ઈંગ્લેન્ડે



વર્ષની છેલ્લી મોટી ટૂર્નામેન્ટમાંની એક T-20 વર્લ્ડ કપ 2022માં, ઈંગ્લેન્ડની ટીમે પોતાનો ધ્વજ લહેરાવીને બીજી વખત આ ખિતાબ જીત્યો. ફાઈનલમાં ઈંગ્લેન્ડે પાકિસ્તાનને હરાવ્યું હતું.

# રશિયન રાષ્ટ્રપતિ ઢીલા પડ્યા, કહ્યું- અમારું લક્ષ્ય યુક્રેન સાથે યુદ્ધ ખતમ કરવાનું છે, કંઇક કરો



■ યુક્રેનનો વળતો રણટંકાર - અમે ઝૂકવાના નથી, હારવાના નથી...

ગુજરાત | વંદન

વિશ્વ માટે એક સારા સમચાર મળી રહ્યાના સંકેત છે. યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોદિમીર ઝેલેન્સકીની યુએસ મુલાકાત વચ્ચે રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિનનું યુદ્ધને લઈને નિવેદન આવ્યું છે. તેમણે કહ્યું કે રશિયા હવે યુક્રેનમાં યુદ્ધ ખતમ કરવા માંગે છે, પરંતુ આ માટે રાજદ્વારી ઉકેલ શોધવો પડશે. પુતિને કહ્યું કે અમારું લક્ષ્ય આ સંઘર્ષને સમાપ્ત કરવાનું છે. અમે આ માટે પ્રયત્નશીલ છીએ અને પ્રયત્નશીલ રહીશું. તેથી અમે ખાતરી કરવાનો પ્રયાસ કરીશું કે આ બધું સમાપ્ત જેટલું વહેલું થાય એટલું સારું. જો કે, પુતિનની ટિપ્પણીઓને યુક્રેન અને તેના સાથીઓ દ્વારા શંકાસ્પદતા સાથે મળી છે. રશિયન પ્રમુખે કહ્યું કે યુક્રેનમાં સંઘર્ષનો વહેલો અંત અનિવાર્યપણે રાજદ્વારી ઉકેલનો સમાવેશ કરશે.

તે જ સમયે વ્હાઈટ હાઉસના પ્રવક્તા જોન કિર્બીએ કહ્યું કે પુતિને સંકેત આપ્યા છે કે તેઓ વાતચીત માટે તૈયાર છે. 24 ફેબ્રુઆરીએ યુક્રેન પર રશિયાના આક્રમણ સાથે શરૂ થયેલા યુદ્ધનો અંત હજુ દૂર જણાય છે. તે (પુતિન) જમીન પર અને હવામાં જે કંઈ કરી રહ્યા છે તે એક વ્યક્તિની છબી બનાવે છે જે યુક્રેનિયન લોકો સામે હિંસા ચાલુ રાખવા અને યુદ્ધને વધારવા માંગે છે,

## યુદ્ધ ખતમ કરવા માટે કોઈ સમજૂતી નહીં કરીએઃ ઝેલેન્સકી

યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોડીમિર ઝેલેન્સકીએ યુએસ પ્રવાસ પર કહ્યું હતું કે તેઓ રશિયા સાથે યુદ્ધ સમાપ્ત કરવા માટે કોઈ સમજૂતી નહીં કરે. અમે ઝૂકવાના નથી, તેમણે કહ્યું કે રશિયન હુમલાનો સામનો કરવા માટે અમેરિકી સમર્થન પર ધ્યાન આપીએ. ઝેલેન્સકીએ યુએસ સંસદને જણાવ્યું હતું કે રાષ્ટ્રપતિ જો બિડેન સાથેની બેઠકમાં તેમણે 10-બિંદુ શાંતિ સૂત્રનો પ્રસ્તાવ મૂક્યો હતો, જે ભવિષ્યમાં વહેંચાયેલ સુરક્ષા ગેરંટી પૂરી પાડશે.

### અમેરિકાની મદદથી સ્થિતિ નિયંત્રણમાં છે

આના થોડા સમય પહેલા અમેરિકાએ યુક્રેનને 1.85 બિલિયન ડોલરની સૈન્ય સહાયની જાહેરાત કરી હતી. અમેરિકી સંસદમાં ઝેલેન્સકીએ કહ્યું કે, તેઓ આ મુલાકાત પર પહેલા આવવા માંગતા હતા પરંતુ આ સમયે તેમની મુલાકાત દર્શાવે છે કે અમેરિકાની મદદથી સ્થિતિ હવે નિયંત્રણમાં છે. યુક્રેનિયન રાષ્ટ્રપતિએ 10-પોઈન્ટનો શાંતિ પ્રસ્તાવ મૂક્યો છે જે તેમને આશા છે કે ભવિષ્યમાં દાયકાઓ સુધી સંયુક્ત સુરક્ષાની બાંયધરી આપશે. તેમણે કહ્યું કે અમે શાંતિ ઈચ્છીએ છીએ. ઝેલેન્સકીએ યુક્રેન પર હુમલો કરવા બદલ રશિયન પ્રમુખ વ્લાદિમીર પુતિનની ટીકા કરતા કહ્યું કે રશિયા શાંતિ તરફ પગલાં ભરે તેની રાહ જોવી મૂર્ખામી હશે, કારણ કે તે આતંકવાદી દેશ હોવાનો આનંદ માણે છે. તેમણે આશા વ્યક્ત કરી કે યુએસ કોંગ્રેસ અમારા મૂલ્યો, સિદ્ધાંતો અને સ્વતંત્રતાઓની રક્ષામાં મદદ કરવાનું ચાલુ રાખશે અને યુક્રેનને વધારાની $45 બિલિયનની સહાય આપશે.

---

### જેલમાં બંધ ભારતીય નાગરિકોમાં 191 મહિલાઓ

# દુનિયાની વિવિધ જેલામાં બંધ છે 11401 ભારતીય નાગરિકો

■ યુએઈમાં સૌથી વધુ 1858 ભારતીયો કેદમાં

ગુજરાત | વંદન

ભારતના લાખો લોકો વિદેશ જવાના સપના જોતા હોય છે. તેના માટે પ્રયત્નો પર કરતા હોય છે પણ એમા હજારો લોકોને વિદેશ જવામાં સફળતા મળતી હોય છે. સારૂ જીવન અને વધુ પૈસા કમાવવા ખાતર લોકો ગમે તેમ કરી વિદેશ જવાની ઈચ્છા રાખતા હોય છે. એવા કેટલાક લોકોની ઈચ્છા ફળીભુત થતી હોય છે અને તેમને વિદેશ જવાનો મોકો મળે છે. આ બધાની વચ્ચે, એવા હજારો લોકો છે જેઓ વિદેશ જવામાં સફળ થયા છે, પરંતુ તેઓને ત્યાં વધુ સારું જીવન તો ન મળ્યુ પણ અત્યારે જેલની સલાખો ગણી રહ્યાં છે. એવા લોકોની વાત કરીએ તો અત્યારે દુનિયાની વિવિધ જેલામાં 11401 ભારતીય નાગરિકો બંધ છે. જેમા યુએઈમાં સૌથી વધુ 1858 ભારતીયો કેદ હોવાની માહિતી સામે આવી છે.

લોકસભામાં સાંસદ અરવિંદ ધર્મપુરિયા દ્વારા હાલમાં જ પૂછવામાં આવેલા પ્રશ્નના લેખિત જવાબમાં વિદેશ રાજ્ય મંત્રી વી. મુરલીધરને આપેલી માહિતી અનુસાર, હાલમાં લગભગ 8280 ભારતીય નાગરિકો વિદેશની જેલોમાં બંધ છે. તેમાંથી 1297 ભારતીયો અન્ડરટ્રાયલ કેદીઓ તરીકે કેદ છે અને 3580 ભારતીયોને ત્યાંની સ્થાનિક અદાલતોએ સજા ફટકારી છે.

વિદેશ રાજ્ય મંત્રી વી. મુરલીધરને તેમના લેખિત જવાબમાં જણાવ્યું છે કે વિદેશી જેલોમાં કેદ 3403 ભારતીય નાગરિકો એવા છે કે, જેમની સ્થિતિ હજુ સ્પષ્ટ નથી કે તેઓ દોષિત છે કે અંડરટ્રાયલ કેદી છે. વિદેશ મંત્રાલયના જણાવ્યા અનુસાર, યુએઈની જેલોમાં સૌથી વધુ 1858 ભારતીય નાગરિકો કેદ છે, જેમાં લગભગ 40 ભારતીય મહિલાઓનો સમાવેશ થાય છે.

વિદેશ મંત્રાલયના આંકડા અનુસાર, લગભગ 8280 ભારતીય નાગરિકો 69 અલગ-અલગ દેશોની જેલોમાં કેદ છે. મોટા આંકડાઓની વાત કરીએ તો સૌથી વધુ 1858 ભારતીયો UAEની જેલોમાં કેદ છે. આ પછી 1346 ભારતીયો સાઉદી અરેબિયાની જેલમાં બંધ છે. આમાં 470 ભારતીયો ફોજદારી કેસોમાં ટ્રાયલનો સામનો કરી રહ્યા છે અને 876 ભારતીયો દોષિત છે અને તેમની સજા ભોગવી રહ્યા છે.



**ક્યા દેશમાં કેટલા ભારતીયો જેલમાં...**

| દેશ | અન્ડર-ટ્રાયલ | દોષિતો | કુલ |
|---|---|---|---|
| સંયુક્ત આરબ અમીરાત | - | - | 1858 |
| સાઉદી અરેબિયા | 470 | 876 | 1346 |
| નેપાળ | - | - | 1222 |
| કતાર | 113 | 522 | 635 |
| મલેશિયા | 105 | 428 | 533 |
| કુવૈત | 32 | 426 | 458 |
| બહેરીન | 79 | 186 | 265 |
| અમેરિકા | - | - | 261 |
| ઈટાલી | 26 | 218 | 244 |
| યુનાઈટેડ કિંગડમ | - | 219 | 219 |
| ચીન | 97 | 106 | 203 |
| ઓસ્ટ્રેલિયા | 40 | 65 | 105 |
| જર્મની | - | 92 | 92 |
| ઓમાન | 36 | 51 | 87 |
| ભૂતાન | 0 | 69 | 69 |
| બાંગ્લાદેશ | 55 | 4 | 59 |
| સિંગાપોર | 25 | 26 | 51 |
| સાયપ્રસ | - | 44 | 44 |
| સ્પેન | - | - | 40 |
| ફિલિપાઈન્સ | 36 | 0 | 36 |
| જોર્ડન | 19 | 11 | 30 |
| શ્રીલંકા | 29 | 0 | 29 |
| ફ્રાન્સ | 0 | 29 | 29 |
| કેનેડા | - | 23 | 23 |
| ગ્રીસ | - | - | 22 |
| મ્યાનમાર | - | 21 | 21 |
| પોર્ટુગલ | 10 | 10 | 20 |
| ઈન્ડોનેશિયા | - | - | 20 |
| નાઈજીરીયા | 18 | - | 18 |
| માલદીવ | - | 11 | 11 |
| થાઈલેન્ડ | - | 10 | 10 |

વિદેશની જેલમાં બંધ ભારતીયોના ગુનાઓની વાત કરીએ તો તેમાંના મોટા ભાગના લોકો સંબંધિત દેશની સરહદ ગેરકાયદેસર રીતે ઓળંગવા, તે દેશમાં ગેરકાયદેસર રીતે રહેવું, ઓવરસ્ટેઈંગ જેવા ગુનાઓમાં જેલમાં બંધ છે. આ સિવાય ઘણા ભારતીયો ડ્રગ હેરફેર, કૌટુંબિક હિંસા, માર્ગ અકસ્માત, વંશીય હિંસા, ઉચાપત, ચેક બાઉન્સ થયેલા ચેક જેવા ગુનાઓ હેઠળ જેલમાં બંધ છે. કેટલાક હત્યા, હત્યાનો પ્રયાસ, માનવ તસ્કરી, બળાત્કાર જેવા જઘન્ય અપરાધો માટે જેલમાં બંધ છે.


---

# કોનો અનુભવ વધારે કહેવાય -બેંકનો કે અંબાણીનો?!

■ ભારત 2029 સુધીમાં ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા બનશે-SBI

ગુજરાત | વંદન

ભારતીય અર્થવ્યવસ્થા 2029 સુધીમાં વિશ્વની ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા બની શકે છે. આવો અંદાજ SBI Ecowrap ના રિપોર્ટમાં વ્યક્ત કરવામાં આવ્યો છે. ભારત 2014 થી મોટા માળખાકીય પરિવર્તનમાંથી પસાર થયું છે અને હવે તે 5મી સૌથી મોટી અર્થવ્યવસ્થા છે. એસબીઆઈ દ્વારા આ અહેવાલ 4 સપ્ટે.2022ના રોજ જાહેર કરાયો હતો.



## ભારત 2047 સુધીમાં વિશ્વની ટોચની ત્રણ અર્થવ્યવસ્થાઓમાં સામેલ થશેઃ અંબાણી

રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના ચેરમેન મુકેશ અંબાણીએ કહ્યું છે કે, ભારત 2047 સુધીમાં વિશ્વની ટોચની ત્રણ અર્થવ્યવસ્થાઓમા સામેલ થશે. મંગળવારે અહીં પંડિત દીનદયાલ એનર્જી યુનિવર્સિટી (PDEU)ના દીક્ષાંત સમારોહને સંબોધતા મુકેશ અંબાણીએ જણાવ્યું હતું કે, ત્રણ ક્રાંતિકારી ક્રાંતિ આગામી દાયકાઓમાં ભારતના વિકાસને સંચાલિત કરશે - સ્વચ્છ ઉર્જા ક્રાંતિ, બાયો-એનર્જી ક્રાંતિ અને ડિજિટલ ક્રાંતિ. અંબાણીએ ગાંધીનગરમાં પીડીપીયુના કાર્યક્રમમાં 22 નવે. 2022ના રોજ આવી જાહેરાત કરી હતી.

---

# સોનાથી મઢાયેલા કેદારનાથમાં 30 જવાનોની કાયમી સુરક્ષા રહેશે

ગુજરાત | વંદન

હિન્દુઓના પવિત્ર ધાર્મિક સ્થાન અને સુવર્ણથી મઢાયેલા કેદારનાથની સુરક્ષા માટે હવે કાયમી ધોરણે પહેરો રહેશે. સરકાર દ્વારા 30 સશસ્ત્ર જવાનોને સુરક્ષા માટે મુકવામાં આવ્યા છે.

કેદારનાથ મંદિરને 40 કિલો સોનાથી મઢવામાં આવ્યું છે. શિયાળાની આકરી ઠંડીમાં કેદારનાથ ધામ બંધ થઈ જતું હોય છે અને રહેવાસીઓ પણ અન્યત્ર સ્થળાંતર કરી જાય છે ત્યારે મંદિરને ચડાવાયેલા સોનાની સુરક્ષાનો મુદ્દો ઉપસ્થિત થયો હતો. હવે સરકારે કેદારનાથ ધામમાં ઈન્ડો-તિબેટીયન બોર્ડર પોલીસ (આઈટીબીપી)ના 30 જવાનોને તૈનાત રાખવાનો નિર્ણય લીધો છે. 30 જવાનોની ટીમ તૈનાત થઈ ગઈ છે. જો કે તેઓ માટે કાયમી ધોરણે કેદારનાથમાં રહેવાનું પડકારજનક રહેશે. કારણ કે 11755 ફૂટની ઉંચાઈએ આવેલા આ ધાર્મિક સ્થળે શિયાળામાં તાપમાન -15 ડિગ્રી સુધી પહોંચી જતું હોય છે અને પાંચ થી ફૂટ જેટલો બરફ જામી જતો હોય છે.



---

### અંબાણી પરિવારે કર્યું ભવ્ય સ્વાગત

# ઈશા-આકાશ ટ્વિન્સ બાળકો સાથે મુંબઇ પહોંચ્યા

ગુજરાત | વંદન



રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ ગ્રુપના ચેરમેન મુકેશ અંબાણી અને નીતા અંબાણીની પુત્રી ઈશા અંબાણીએ તાજેતરમાં ટ્વિન્સને જન્મ આપ્યો છે. અમેરિકાના લોસ એન્જલસમાં જોડિયા બાળકોને જન્મ આપ્યા બાદ ઈશા અંબાણી પ્રથમવાર પોતાના બાળકો સાથે મુંબઈ આવી છે. અંબાણી પરિવાર તેમનું સ્વાગત કરવા એરપોર્ટ પહોંચ્યો હતો.

ઈશા અંબાણીએ આનંદ પીરામલ સાથે લગ્ન કર્યા હતા. તેઓએ 19 નવેમ્બર 2022 ના રોજ લોસ એન્જલસમાં ટ્વીન્સ બાળકોને જન્મ આપ્યો હતો. તેમાં એક છોકરો અને એક છોકરી છે.નીતા અંબાણી અને મુકેશ અંબાણી બંને ઈશાની સાથે તેમના પૌત્રોનું સ્વાગત કરવા એરપોર્ટ પર પહોંચ્યા હતા. અંબાણી પરિવારે ઈશા અને તેમના બે બાળકોના સ્વાગત માટે ઝીણવટભરી તૈયારીઓ કરી છે. આ પ્રસંગે અંબાણી પરિવાર અને નજીકના સંબંધીઓ પણ રિસેપ્શનમાં હાજર રહ્યા હતા.પોતાની પોસ્ટમાં વિરલ ભયાણીએ કહ્યું છે કે ઈશા અને તેમના જોડિયા બાળકો કતાર એરવેઝની સ્પેશિયલ ફ્લાઈટમાં મુંબઈ પહોંચ્યા હતા. આટલું જ નહીં ઈશાને મુંબઈ લાવવા માટે નિષ્ણાત ડોક્ટરોની ટીમ લોસ એન્જલસ ગઈ હતી. એવું માનવામાં આવે છે કે ઈશા અંબાણી અને તેમના નાના બાળકોના સ્વાગત માટે અંબાણી પરિવારના ઘરમાં કેટલાક ફેરફારો પણ કરવામાં આવ્યા છે.

---

### મફત રાશન આપવા પર લગભગ બે લાખ કરોડ રૂપિયાનો ખર્ચ થશે

# મોદી સરકારનો માનવીય અભિગમ: 81.35 કરોડ ગરીબોને એક વર્ષ માટે મફત રાશન

■ સુરક્ષા દળો માટે OROPમાં સુધારો

ગુજરાત | વંદન

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં કેન્દ્રીય કેબિનેટે શુક્રવારે બેઠક બાદ ઘણા મહત્વપૂર્ણ નિર્ણયો લીધા હતા. આમાં સશસ્ત્ર દળો માટે વન રેન્ક વન પેન્શન અને ગરીબો માટે મફત રાશનનો સમાવેશ થાય છે. મળતી માહિતી અનુસાર, બેઠકમાં સશસ્ત્ર દળો માટે OROPમાં સુધારો કરવામાં આવ્યો છે. આ સાથે સરકારે રાષ્ટ્રીય ખાદ્ય સુરક્ષા કાયદા હેઠળ 81.3 કરોડ ગરીબ લોકોને એક વર્ષ માટે મફત રાશન આપવાનો નિર્ણય કર્યો છે.

કેન્દ્રીય માહિતી અને પ્રસારણ મંત્રીએ માહિતી આપી હતી કે OROP લાભાર્થીઓની સંખ્યા 25,13,002 પર પહોંચી ગઈ છે જેમાં 1.7.2014 પછી નિવૃત્ત થયેલા સુરક્ષા કર્મચારીઓનો પણ સમાવેશ થાય છે. 1.4.2014 પહેલા આ સંખ્યા 20,60,220 હતી. તેનાથી સરકાર પર 8,450 કરોડ રૂપિયાનો વધારાનો બોજ પડશે. 1.7.2014 પછી સ્વૈચ્છિક રીતે નિવૃત્ત થયેલા સંરક્ષણ કર્મચારીઓને આ લાભ મળશે નહીં.




પીયૂષ ગોયલે કહ્યું કે સરકારે રાષ્ટ્રીય ખાદ્ય સુરક્ષા કાયદા હેઠળ 81.3 કરોડ લોકોને એક વર્ષ (ડિસેમ્બર ૨૦૨૩ સુધી) માટે મફત અનાજ વિતરણ કરવાનો નિર્ણય લીધો છે. રાષ્ટ્રીય ખાદ્ય સુરક્ષા કાયદા હેઠળ ગરીબોને મફત રાશન આપવા પર બે લાખ કરોડ રૂપિયાનો ખર્ચ થશે, તેનો બોજ કેન્દ્ર સરકાર ઉઠાવશે.

ગોયલે જણાવ્યું હતું કે રાષ્ટ્રીય ખાદ્ય સુરક્ષા અધિનિયમ હેઠળ સરકાર પ્રતિ કિલો રૂ.3ના દરે ચોખા, રૂ.2 પ્રતિ કિલોના દરે ઘઉં અને રૂ.1 પ્રતિ કિલોના દરે બરછટ અનાજ આપે છે.

---

## મોટી દુર્ઘટના: સબરીમાલા દર્શનેથી પરત ફરતાં શ્રદ્ધાળુની ગાડીને નડ્યો અકસ્માત, 8 ના મોત

ગુજરાત | વંદન

તમિલનાડૂના શ્રદ્ધાળુઓને સબરીમલા મંદિરે દર્શને જતાં શુક્રવારના રોજ આંતરરાજ્ય સરહદ નજીક, કેરલના ઈડુક્લકીમાં કુમાલી નજીક હેયરપિન મોડ પર ગાડી પલટી જતાં મોટી દુર્ઘટનાના શિકાર થયા હતા.
આ દુર્ઘટનામાં એક વૃદ્ધ અને એક બાળકને બચાવી લેવામાં આવ્યો છે. જ્યારે 8 શ્રદ્ધાળુઓના મોત થયા હોવાની વિગતો હાલમાં મળી રહી છે. જ્યારે ચાર લોકોને વાહનની અંદર ફસાઈ ગયા છે અને સ્થાનિક લોકો, પોલીસ તથા રેસ્ક્યૂ ટીમ હાલમાં બચાવ કાર્ય કરી રહી છે.

આ તમામ યાત્રી થેની-એંડિપેટ્ટીના રહેવાસી હતી. જે થેનીથી પરત ફરી રહ્યા હતા. દુર્ઘટના કુમિલી-કુંબમ માર્ગ પર તમિલનાડૂને પાણી પહોંચાડતી પહેલી પેનસ્ટોક પાઈપ પાસે થયો હતો.

તીર્થયાત્રીને લઈ જતી વૈન આ પાઈપ સાથે અથડાઈ હતી અને રોડ પરથી લગભગ 40 ફુટ ઊંડી ખીણમાં જઈને પડી હતી. પોલીસના જણાવ્યા અનુસાર, વૈન ફુલ સ્પિડમાં હોવાથી આ દુર્ઘટના થઈ હોવાનું કહેવાય છે.

---

# જોબ અને બિકીની: યે રિશ્તા ક્યા કહલાતા હૈ?!

■ જોબ માટે બાયોડેટાને બદલે બિકીનીવાળો ફોટો મૂક્યો અને....

ગુજરાત | વંદન

આજના ઈન્ટરનેટના યુગમાં ઈમેલથી લઈને સોશિયલ મીડિયાના તમામ માધ્યમો પણ નોકરી મેળવવાનું માધ્યમ બની ગયા છે. લોકો અહીં નોકરી માટે ખાલી જગ્યાઓ અને બાયોડેટા પણ મૂકે છે. હાલમાં જ એક છોકરીએ સોશિયલ મીડિયા પર જોબ માટે એક પોસ્ટ મૂકી, જેમાં તેણે પ્રોફેશનલ ફોટોની જગ્યાએ બિકીનીમાં પોતાનો ફોટો પોસ્ટ કર્યો...!, જેને જોઈને લોકો ગુસ્સે થઈ ગયા. જોકે એ યુવતીને તેનો લાભ મળ્યો અનેજોબ મળી ગઇ...!

એક અહેવાલ મુજબ, 24 વર્ષીય ટેડી સ્વાને જોબ માટે એક જાહેરાત આપી હતી, જેમાં તેણે પ્રોફેશનલ ફોટો મૂકવાને બદલે એક ફોટો મૂક્યો હતો જેમાં તે બિકીની પહેરીને ઉભી હતી. યુવતી છેલ્લા 6 અઠવાડિયાથી ઓસ્ટ્રેલિયામાં ફરે છે, તેને ક્રિસમસ પછી શિફ્ટ થવા માટે નવી નોકરીની જરૂર છે. તેથી જ તેણે લોકપ્રિય ફેસબુક પેજ Backpackers પર નોકરીની ઓફર પોસ્ટ કરી. તેણે લખ્યું- 'હું નવા વર્ષ માટે નોકરી શોધી રહી છું, જો મને રહેવા માટે જગ્યા મળે તો સારું રહેશે. હું ગમે ત્યાં મુસાફરી કરવા તૈયાર છું અને મારી પાસે કાર પણ છે. ત્યાં સુધી તે ઠીક હતું, છોકરીએ તેની સાથે તેનો બિકીની ફોટો મૂક્યો, અને જોતજોતામાં હંગામો મચી ગયો...



લોકોએ તેની પોસ્ટ જોઈને વણમાંગી સલાહ આપતાં કહ્યું કે જોબ પોસ્ટની સાથે બિકીનીમાં ફોટો લગાવવો યોગ્ય નથી, નોકરી નહીં મળે. ઘણા લોકોએ કોમેન્ટ બોક્સમાં નેગેટિવ કોમેન્ટ્સ કરી. આના જવાબમાં, ટેડીએ ટ્રોલને ટ્રોલ કર્યું છે અને કહ્યું છે કે તેને નોકરીની ઓફરની લાઈન મળી છે. તેણીએ જણાવ્યું કે તેણીને તેના અંગત ઈનબોક્સમાં એટલી બધી ઓફર મળી છે કે તે તેને જોયા પછી નક્કી કરશે અને જણાવશે કે તે કઈ નોકરી કરવા જઈ રહી છે...

---

### નિયમો વિરૂદ્ધ જઈને વીડિયોકોનને હજારો કરોડોની લોન આપી હતી

# ICICI બેંકના પૂર્વ MD-CEO ચંદા કોચર સામે 2019માં FIR, 2022માં ધરપકડ

ગુજરાત | વંદન

લોન ફ્રોડ કેસમાં શુક્રવારે CBIએ ICICI બેંકની પૂર્વ CEO અને MD ચંદા કોચર અને તેમના પતિ દીપક કોચરની ધરપકડ કરી છે. હકીકતમાં, ચંદા એ સમિતિનો ભાગ હતી જેણે 26 ઓગસ્ટ, 2009ના રોજ વીડિયોકોન ઈન્ટરનેશનલ ઈલેક્ટ્રોનિક્સને રૂ. 300 કરોડ અને 31 ઓક્ટોબર, 2011ના રોજ વીડિયોકોન ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડને રૂ. 750 કરોડની મંજૂરી આપી હતી. સમિતિના આ નિર્ણયથી બેંકના નિયમન અને નીતિનું ઉલ્લંઘન થયું છે.ચંદા કોચર 1984માં ICICI બેંકમાં



મેનેજમેન્ટ ટ્રેઈની તરીકે જોડાયા હતા. 1994માં જ્યારે ICICI સંપૂર્ણ માલિકીની બેંકિંગ કંપની બની ત્યારે ચંદા કોચરને આસિસ્ટન્ટ જનરલ મેનેજર બનાવવામાં આવ્યા હતા. આ પછી ચંદા કોચર સતત સફળતાની સીડીઓ ચડતી રહી. ડેપ્યુટી જનરલ મેનેજર, જનરલ મેનેજરના પદો દ્વારા, બેંકે તેમને 2001 માં એક્ઝિક્યુટિવ ડિરેક્ટર બનાવ્યા. આ પછી તેમને કોર્પોરેટ બિઝનેસની દેખરેખની જવાબદારી સોંપવામાં આવી. ત્યારબાદ તેણીને ચીફ ફાઈનાન્સિયલ ઓફિસર બનાવવામાં આવ્યા હતા.

2009માં ચંદા કોચરને CEO અને MD બનાવવામાં આવ્યા હતા. ચંદા કોચરના નેતૃત્વમાં ICICI બેંકે રિટેલ બિઝનેસમાં પગ મૂક્યો, જેમાં તેને અપાર સફળતા મળી. તે તેમની યોગ્યતા અને બેંકિંગ ક્ષેત્રમાં તેમના યોગદાનનો પુરાવો છે કે ભારત સરકારે ચંદા કોચરને તેમના ત્રીજા સર્વોચ્ચ નાગરિક સન્માન પદ્મ ભૂષણ (2011માં)થી નવાજ્યા હતા. કોચરના પતિની કંપનીમાં રોકાણ અંગે બેંકની ઉધાર લેનાર કંપની વિડિયોકોન ઈન્ડસ્ટ્રીઝ દ્વારા અયોગ્યતાના આક્ષેપો બાદ ઓક્ટોબર 2018માં ચંદા કોચરે રાજીનામું આપ્યું હતું.

અધિકારીઓએ જણાવ્યું હતું કે એવો આરોપ છે કે વિડિયોકોનના પ્રમોટર વેણુગોપાલ ધૂતે 2012માં ICICI બેંકમાંથી 3,250 કરોડ રૂપિયાની લોન મેળવ્યા બાદ નુપાવરમાં કથિત રીતે કરોડો રૂપિયાનું રોકાણ કર્યું હતું. સીબીઆઈએ 2019માં એફઆઈઆર નોંધ્યા બાદ એક નિવેદનમાં કહ્યું હતું કે આરોપ છે કે આરોપીઓએ આઈસીઆઈસીઆઈ બેંકને છેતરવાના ગુનાહિત કાવતરામાં ખાનગી કંપનીઓને અમુક લોન મંજૂર કરી હતી.

સાપ્તાહિક ગુજરાત વંદન
gujaratvandan.com
11
અમદાવાદ • રવિવાર 25/12/2022

# IMDB ટોપ 10 ભારતીય ફિલ્મનું લીસ્ટ, બોલીવુડની ફક્ત એક જ ફિલ્મ

વર્ષ 2022 બોલીવુડ માટે ખરાબ રહ્યું છે. આ વર્ષે બોલીવુડની ફિલ્મો બહિષ્કારનો ભોગ બની હતી. આ સાથે લોકલ ભાષામાં બનેલી હિન્દી ડબ્ડ ફિલ્મોએ પણ બોલીવુડની ફિલ્મોને જોરદાર ટક્કર આપી હતી. આવા સમયે અમે તમને IMDB ટોપ 10 ફિલ્મોની યાદી જણાવી રહ્યું છે. આ યાદીમાં બોલીવુડની માત્ર એક જ ફિલ્મ છે.




### ટોચ પર રહી RRR

વર્ષ 2022માં સાઉથ બોક્સ ઓફિસના મામલે ઘણી આગળ રહી. બીજી તરફ જુનિયર એનટીઆર અને રામચરણને મુખ્ય ભૂમિકામાંચમકાવતી ફિલ્મ 'RRR' એ દેશથી વિદેશમાં કમાણી કરવાની બાબતમાં ઘણી સફળતા મેળવી છે. આ સાથે હવે પણ ફિલ્મ સતત નવા રેકોર્ડ નોંધાવી રહી છે. હાલમાં IMD રેટિંગમાં પણ, તેણે બધાને પાછળ છોડી દીધા છે અને ટોપ 10 ની યાદીમાં નંબર વન સ્થાન મેળવ્યું છે.



### 'ધ કાશ્મીર ફાઇલ્સ'

આ વર્ષે વિવેક અગ્નિહોત્રી દ્વારા નિર્દેશિત ફિલ્મ 'ધ કાશ્મીર ફાઇલ્સ'એ સિનેમાઘરોમાં ઘણી કમાણી કરી છે. ફિલ્મમાં અનુપમ ખેરના અભિનયની પણ ખૂબ પ્રશંસા કરવામાં આવી છે. ભલે આ ફિલ્મ અત્યાર સુધી એક યા બીજા કારણોસર વિવાદોમાં ઘેરાયેલી રહી છે, પરંતુ IMDb ટોપ 10 ની યાદીમાં આ ફિલ્મ બીજા નંબર પર પોતાનું સ્થાન બનાવી ચૂકી છે.




### કેજીએફ ચેપ્ટર 2

વર્ષ 2022 ની સૌથી લોકપ્રિય ફિલ્મોમાંની એક, 'KGF ચેપ્ટર 2' એ રિલીઝ થતાની સાથે જ થિયેટરોમાં ધમાલ મચાવી દીધી હતી.અભિનેતા યશ અને સંજય દત્તને મુખ્ય ભૂમિકામાં ચમકાવતી, આ ફિલ્મ બ્લોકબસ્ટર સાબિત થઈ છે અને તે વર્ષની ટોચની ત્રણ IMDbયાદીઓમાં સ્થાન પામી છે.





### વિક્રમ

દક્ષિણના દિગ્ગજ અભિનેતા કમલ હાસનની એક્શન ડ્રામા ફિલ્મ 'વિક્રમ' આ વર્ષની લોકપ્રિય ફિલ્મોમાંની એક રહી છે. બોક્સ ઓફિસ પરતગડી કમાણી કરવા ઉપરાંત, આ ફિલ્મ ટોપ 10 IMDb લીસ્ટમાં ચોથા નંબર પર આવી ગઈ છે.




### કંતારા

ઋષભ શેટ્ટી દ્વારા દિગ્દર્શિત અને મુખ્ય ભૂમિકામાં બનેલી કંતારા અન્ય ફિલ્મોની સરખામણીમાં ખૂબ જ ઓછા બજેટની ફિલ્મ રહી છે, પરંતુતેની મજબૂત સ્ટોરી અને જબરદસ્ત વાસ્તવિક દ્રશ્યોને કારણે તેણે મોટી કમાણી કરી છે અને IMDBમાં પણ આ ફિલ્મે 5મુ સ્થાન હાંસલ કર્યું છે.




### રોકેટરી ધ નામ્બી ઇફેક્ટ

એક્ટર આર માધવનની સાયન્સ ફિક્શન ફિલ્મ 'રોકેટરી ધ નામ્બી ઈફેક્ટ' ઈસરોના વૈજ્ઞાનિક નામ્બી નારાયણના જીવન પર આધારિત છે.આ ફિલ્મની સૌએ પ્રશંસા કરી હતી. તે વર્ષ 2022 ની IMDb ટોપ 10 યાદીમાં છઠ્ઠા નંબર પર છે.




### મેજર

શશિ કિરણ ટિક્કા દ્વારા નિર્દેશિત મેજર, મેજર સંદીપ ઉન્નીકૃષ્ણનના જીવન પર આધારિત છે. મેજર ફિલ્મમાં અભિનેતા આદિવી શેષે મુખ્ય ભૂમિકા ભજવી છે. ટોપ 10 IMDb ફિલ્મોની વાત કરીએ, તો આ વર્ષે મેજર ફિલ્મ સાતમા નંબર પર છે.




### સીતા રામમ

અભિનેત્રી મૃણાલ ઠાકુર અને સલમાન દુલકર સ્ટારર ફિલ્મ 'સીતા રામમ' સૌપ્રથમ તેલુગુ, તમિલ અને મલયાલમમાં રિલીઝ થઈ હતી, પરંતુદર્શકોની ઉત્સુકતાને ધ્યાનમાં રાખીને આ ફિલ્મને હિન્દીમાં પણ રિલીઝ કરવામાં આવી હતી. આ ફિલ્મે હિન્દી ભાષામાં પણ જોરદાર કમાણી કરી હતી. સીતા રામમ ફિલ્મ IMDb ટોપ 10 લીસ્ટ 2022માં આઠમા નંબર પર આવી ગઈ છે.



### પોનીયિન સેલવાન ભાગ 1

દક્ષિણના ઐતિહાસિક ડ્રામા પોનીયિન સેલવાન અથવા પીએસ વન એક મલ્ટિસ્ટારર ફિલ્મ છે. બોલીવુડ અભિનેત્રી ઐશ્વર્યા રાયે પણ આ ફિલ્મમાં મહત્વની ભૂમિકા ભજવી છે. મણિરત્નમ દ્વારા નિર્દેશિત આ ફિલ્મ આ વર્ષે IMDb રેટિંગમાં નવમા ક્રમે આવી છે.




### 777 ચાર્લી

કિરણ રાજ અને રક્ષિત શેટ્ટી અભિનીત ફિલ્મ '777 ચાર્લી' દ્વારા દિગ્દર્શિત, માનવ અને કૂતરા વચ્ચેના પ્રેમાળ અને મજબૂત બોન્ડિંગને દર્શાવેછે. એડવેન્ચર કોમેડી ડ્રામા, આ ફિલ્મની સ્ટોરી કેટલીક જગ્યાએ ઈમોશનલ પણ થઈ જાય છે. 777 ચાર્લી વર્ષ 2022ની IMDb રેટિંગ લીસ્ટમાં દસમા નંબરે છે.

## જ્યારે અમિતાભના રિહર્સલ માટે દિલીપકુમારે બૂમ પાડીને બધાને ચૂપ કર્યા..!

### અમિતાભ લખે છે-કિશોરવયે એક રેસ્ટોરન્ટમાં તેમણે દિલીપકુમારના ઓટોગ્રાફ માટે હાથ લંબાવ્યો..પણ...



બોલીવુડના ટ્રેજડી કિંગ દિલીપ કુમારને જોઈને લગભગ તમામ સ્ટાર્સ એક્ટિંગ શીખ્યા છે. અમિતાભ બચ્ચન પણ તેમાંના એક છે. દિલીપને આદર્શ માનનારા અમિતાભે તેમના બાળપણની એક ઘટના અને દિલીપ કુમાર સાથેની પહેલી ફિલ્મનો ઉલ્લેખ કર્યો છે..

દિલીપ કુમાર એવા ગંભીર કલાકાર હતા જેઓ તેમના સાથી કલાકારોને ઘણી વખત બોલ્યા વગર ઘણું શીખવી દેતા હતા. દિલીપ કુમાર અમિતાભ બચ્ચન માટે આદર્શ હતા. એકવાર, તેમના બ્લોગમાં તેમના બાળપણના દિવસોની વાતો શેર કરતી વખતે, તેમણે લખ્યું, 'જ્યારે હું નાનો હતો, ત્યારે અમે દિલીપ કુમારને એક રેસ્ટોરન્ટ પાસે જોયા હતા. મેં ઓટોગ્રાફ માંગવાનું વિચાર્યું પણ મારી પાસે ઓટોગ્રાફ બુક નહોતી. હું ઉત્સાહિત થઈને ઓટોગ્રાફ બુક લેવા દોડ્યો અને પહોંચ્યો ત્યારે રેસ્ટોરન્ટમાં જ દિલીપ સાહેબને જોઈને મેં રાહતનો શ્વાસ લીધો. તે વાતોમાં તલ્લીન હતા, મેં હસ્તાક્ષર માટે ઓટોગ્રાફ બુક તેમની તરફ લંબાવી પણ તેમણે કોઈ પ્રતિક્રિયા ના આપી. તેમણે મારી તરફ જોયું પણ નહીં અને થોડી વારમાં તેઓ ત્યાંથી નીકળી ગયો. હું ઓટોગ્રાફ બુક હાથમાં લઈને ઉભો જ રહી ગયો....પણ ઓટોગ્રાફ મહત્વનો ન હતો, મહત્વની હતી તેમની હાજરી...

અમિતાભ જ્યારે ફિલ્મ ઈન્ડસ્ટ્રીનો હિસ્સો બન્યા ત્યારે તેમને દિલીપ કુમાર સાથે પહેલીવાર ફિલ્મ 'શક્તિ'માં કામ કરવાનો મોકો મળ્યો અને એ પણ શીખ્યા કે કલાકારનું સન્માન કેવી રીતે કરવું. અમિતાભે પોતાના બ્લોગ પર પણ આ વિશે લખ્યું છે કે, "શક્તિમાં મને પહેલીવાર દિલીપ કુમાર સાથે કામ કરવાનો મોકો મળ્યો, જે મારા આદર્શ હતા. ફિલ્મના અંતમાં મારા મૃત્યુનો એક સીન હતો જેનું શૂટિંગ મુંબઈ એરપોર્ટ પર કરવામાં આવ્યું હતું. જ્યારે હું એકલો મૃત્યુના દ્રશ્યનું રિહર્સલ કરી રહ્યો હતો, ત્યારે સેટ પર પ્રોડક્શન અને અન્ય લોકો દ્વારા ખૂબ જ ઘોંઘાટ થઈ રહ્યો હતો. તે સમયે દિલીપ કુમાર રિહર્સલ કરી રહ્યા ન હતા, પરંતુ ઘોંઘાટ સાંભળીને તેમણે અચાનક બૂમો પાડી અને બધાને ચૂપ રહેવા કહ્યું. તેમણે કહ્યું કે જ્યારે કોઈ કલાકાર રિહર્સલ કરતો હોય ત્યારે તે ક્ષણનું મહત્વ સમજવું જોઈએ અને તે જગ્યાનું સન્માન કરવું જોઈએ...! દિલીપ કુમાર જેવા દિગ્ગજ કલાકાર માટે બીજા કલાકાર માટે આવું કરવું તેની મહાનતા દર્શાવે છે.

## રેડ કલરના બોડીકોન ડ્રેસમાં તૃપ્તિ ડિમરીએ આપ્યા સેક્સી પોઝ



બોલિવૂડ એક્ટ્રેસ તૃપ્તિ ડિમરી આ દિવસોમાં સોશિયલ મીડિયા પર ઘણી એક્ટિવ છે. તાજેતરમાં, અભિનેત્રીએ તેના સત્તાવાર ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પરથી સેક્સી તસવીરો શેર કરી છે.બોલિવૂડ એક્ટ્રેસ તૃપ્તિ ડિમરી એક ટેલેન્ટેડ અભિનેત્રી છે. તેને બુલબુલ અને લૈલા મજનૂ જેવી શાનદાર ફિલ્મોમાં પોતાની એક્ટિંગથી ફેન્સનુ દિલ જીતી લીધુ છે. આ બન્ને ફિલ્મો ઓટીટી પર ખુબ હીટ રહી હતી. તૃપ્તિ હાલમાં જ રિલીઝ થયેલી ફિલ્મ 'કલા'માં જોવા મળી હતી. દર્શકોને પણ તેની એક્ટિંગ ઘણી પસંદ આવી છે. એક્ટ્રેસ તૃપ્તિ ડિમરી આ દિવસોમાં સોશિયલ મીડિયા પર ઘણી એક્ટિવ છે. તાજેતરમાં, અભિનેત્રીએ તેના સત્તાવાર ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પરથી સેક્સી તસવીરો શેર કરી છે.અભિનેત્રી તેની બોલ્ડ અને હોટ તસવીરોને લઈ ચર્ચામાં રહે છે. હાલમાં જ તેણે રેડ કલરના બોડીકોન ડ્રેસમાં તૃપ્તિ બોલ્ડ અંદાજમાં પોઝ આપ્યા છે.

### ડીપ નેક રેડ કલરનો ગાઉનમાં દેખાડયો કાતિલ અંદાજ

## સલમાને સાઉથના આ ફેમસ ડાયરેક્ટરની ફિલ્મમાં કામ કરવાની ઈચ્છા વ્યક્ત કરી



બોલીવુડના દબંગ સલમાન ખાન અત્યારે પોતાની મોસ્ટ અવેટેડ ફિલ્મ 'ટાઈગર-3'ને લઈને ખૂબ વ્યસ્ત છે. આ ફિલ્મથી સલમાનને ખૂબ આશા છે. બીજી તરફ ચાહકો પણ મોટા પડદે એકવાર ફરીથી કેટરીના કૈફ અને સલમાનને સાથે જોવાની રાહ જોઈ રહ્યા છે. દરમિયાન સલમાનના ચાહકો માટે એક મોટા સમાચાર સામે આવ્યા છે કે તેમણે સાઉથ ફિલ્મ ઈન્ડસ્ટ્રીના ફેમસ ડાયરેક્ટર સાથે હાથ મિલાવ્યો છે. સલમાન ખાને સાઉથના મશહૂર ડાયરેક્ટર પુરી જગન્નાથની સાથે કામ કરવાની ઈચ્છા વ્યક્ત કરી છે કેમ કે તેમને ડાયરેક્ટરની સ્ક્રિપ્ટ પસંદ આવી ગઈ છે. સૂત્રો અનુસાર ટોલીવુડ ફિલ્મ ડાયરેક્ટર પુરી જગન્નાથ 'લાઈગર' ની અસફળતા બાદ સલમાન ખાનની સાથે એક ફિલ્મ બનાવવાનું આયોજન કરી રહ્યા છે.

તેલુગુ ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં ચર્ચા છે કે નિર્દેશકે સલમાન ખાનને એક સ્ક્રિપ્ટ સંભળાવી છે. અભિનેતા ફિલ્મમાં કામ કરવા ઈચ્છુક છે તેવુ કહેવાઈ રહ્યુ છે. જોકે, હજુ સુધી કોઈ સત્તાકીય પુષ્ટિ થઈ નથી.

## રામચરણે પોતાની ફી વધારીને 100 કરોડ કરી દીધી



સાઉથના સ્ટાર રામચરણે તેની ફી વધારીને ૧૦૦ કરોડ કરી દીધી છે. આ સાથે તે અક્ષય કુમાર અને પ્રભાસ જેવા સ્ટાર્સની હરોળમાં પહોંચી ગયો છે. આરઆરઆરના બે હિરો પૈકીના એક રામચરણની ફી અગાઉ ૪૫ કરોડ રુપિયા હતી. પરંતુ, આરઆરઆરને દેશ અને દુનિયામાં જે કલ્પનાતીત સફળતા મળી છે તે પછી રામચરણના સિતારા બુલંદ બની ગયા છે. હવે તે દરેક નવી ફિલ્મ માટે ૧૦૦ કરોડ રુપિયાની ડિમાન્ડ કરી રહ્યો છે. તેની આગામી ફિલ્મ કિયારા અડવાણી સાથે આવી રહી છે. આ ફિલ્મ માટે તેને ૧૦૦ કરોડ રુપિયા ચૂકવાયા હોવાનું કહેવાય છે. જોકે, સાઉથના નિર્માતાઓ આ ટ્રેન્ડથી નાખુશ છે. બોલીવૂડથી વિપરીત રીતે સાઉથમાં સ્ટાર્સની ફી પાછળ અંધાધૂંધ નાણાં ખર્ચાતાં નથી. સાઉથના નિર્માતાઓને ડર છે કે કલાકારો તગડી ફી લેવા માંડશે તો તેમની ફિલ્મોનાં બજેટ ખોરવાઈ જશે અને નફાકારકતા ઘટી જશે. 'બાહુબલી' ફિલ્મ સમગ્ર ભારતમાં સુપરહિટ થઈ તે પછી પ્રભાસે પણ પોતાની ફી વધારી દીધી હતી. પરંતુ, એ પછી પ્રભાસની મોટાભાગની ફિલ્મોએ એવરેજ જ બિઝનેસ કર્યો છે.

## 2022ના વર્ષમાં હોલીવુડ-બોલીવુડનું પ્રદાન...વિવાદ...



28મા કોલકાતા ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલમાં બોલિવૂડના ચમકતા સિતારાઓએ હાજરી આપી હતી. જેમાં શાહરૂખ, જયા બચ્ચન, અમિતાભ, રાની મુખર્જી અને શત્રુઘ્ન સિન્હા સહિત અનેક સેલિબ્રિટીઓએ ભાગ લીધો હતો. આ અવસરે અમિતાભ અને શાહરૂખે ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં વાણી સ્વાતંત્ય અને સેન્સરશીપનો મુદ્દો ઉઠાવ્યો હતો.



ભારતનો ભાગેડૂ આરોપી લલીત મોદી અને બોલીવુડની અભિનેત્રી સુસ્મિતા સેન વચ્ચે પાંગરેલા પ્રેમની આ તસ્વીર વાયરલ થઈ હતી. સોશ્યિલ મીડિયામાં એવી ટિપ્પણી પણ થઈ કે જેને ભારતની તપાસ એજન્સીઓ શોધી શકી નથી, એણે સુસ્મિતા સેને શોધી કાઢ્યો....!




ભારતની કોકિલ કંઠ સમાન અને લિજેન્ડરી લતા મંગેશકરે 2022માં જ વિદાય લીધી હતી. આ ઉપરાંતના અન્ય હસ્તી, ગાયક અને સંગીતકાર બપ્પી લહેરીએ પણ કભી અલવિદાના કહેના... ગાઈને કાયમ માટે અલવિદા લીધી...




બોલીવુડ ક્ષેત્ર ધ કશ્મિર ફાઈલ્સ ફિલ્મે ભારે વિવાદ સર્જ્યો હતો. યોગાનુયોગ આ ફિલ્મ રજૂ થયા બાદ જે વિષય પર ફિલ્મ બની છે તે કશ્મિરી પંડિતોની હત્યાનું સિલસિલો શરૂ થતા તે માટે ફિલ્મને જવાબદાર ઠેરવવામાં આવી હતી.



હોલીવુડની ફિલ્મ અવતાર-2એ પણ પ્રથમ આવૃત્તિ અવતાર ફિલ્મની જેમ તહેલકો મચાવી અને એકજ અઠવાડિયામાં 300 કરોડથી વધારે કલેક્શન કર્યું છે. આ ફિલ્મ દરિયામાં રહેતા લોકોની કથા દર્શાવે છે.



2022માં બોલીવુડ કપલ દીપિકા અને રણવીર સિંહે પણ ભારે ઉથલ-પાથલ મચાવી. દીપિકાએ ફિલ્મ પઠાનના એક ગીતમાં કેસરી રંગની બિકીની પહેરીને ઉહાપોહ મચાવ્યો તો રણવીરે નગ્ન અવસ્થામાં ફોટો શુટ કરાવીને પબ્લિસિટી સ્ટંટ કર્યો હતો.

## ઈન્ડિયન મેડિકલ એસોસિએશનની ચેતવણી | સરકાર ઉત્સવો ટાળે, મહામારી ફરીથી વકરશે



# તબીબોની સલાહ અવગણીને ફ્લાવર શો, કાંકરિયા કાર્નિવલ યોજવા તંત્ર તૈયાર

### વડાપ્રધાન મોદી કહે છે, કોરોના ગયો નથી, છતાં તંત્ર ઉત્સવો યોજવા તત્પર

ગુજરાત | વંદન

દેશમાં ફરીથી કોરોનાના ભરડાની વચ્ચે અને ગુજરાતમાં પણ ઓમિક્રોન BF.7 વાયરસના કેસ મળતા હાહાકાર મચ્યો છે. સરકારી રાહે ફરીથી કોરોના ગાઇડલાઇન જારી કરી દેવામાં આવી છે. ખુદ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જાહેર કર્યું કે, હવેથી હું પણ માસ્ક પહેરીશ. અને તમે પણ માસ્ક પહેરો એવી અપીલ તથા બીજી તરફ અમદાવાદ મેડિકલ એસોસિએશનની ચેતવણીની વચ્ચે અમદાવાદમાં કાંકરિયા કાર્નિવલ અને ફ્લાવર શોના ઉત્સવો યોજાઇ રહ્યા છે. સત્તાવાળાઓએ આ ઉત્સવોમાં હજારોની ભીડ એકઠી થવાની હોવાથી માસ્ક પહેરવાની સલાહ આપી છે, પરંતુ આ મહોત્સવો મોકૂફ રાખવા કે ટાળવવાનો કોઇ નિર્ણય કર્યો નથી કેમ કે જો આ બે મોટા ઉત્સવો ટાળવવામાં આવે તો



લોકોમાં ફરીથી કોરોનાનો ડર પેસી જાય. આ ઉપરાંત અર્થતંત્રને પણ અસર પહોંચી શકે. આ તમામ કારણોને લઇને બે મોટા ઉત્સવો 25 ડિસેમ્બરથી શરૂ થઇ રહ્યા છે.

અમદાવાદમાં 25મી ડિસેમ્બરથી 31 ડિસેમ્બર સુધી કાંકરિયા કાર્નિવલ તેમજ જાન્યુઆરીમાં ફ્લાવરશોનું આયોજન કરવામાં આવ્યું છે. સમગ્ર આયોજનમાં કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા તૈયાર કરાયેલી ગાઈડલાઈનનું પાલન કરવામાં આવશે. આ મામલે રાજ્ય સરકાર તરફથી હજી સુધી કોઈ સૂચના કે કોઈ આદેશ આવ્યા નથી. પરંતુ કોર્પોરેશનના સુત્રોનું કહેવું છે કે જે ગાઇડલાઇન આવશે તેનું પાલન કરવામાં આવશે. હાલ પૂરતો કાર્નિવલ ચાલુ રાખવાનો AMC દ્વારા નિર્ણય લેવામાં આવ્યો છે. કોર્પોરેશનમાં વિપક્ષ દ્વારા પર રજૂઆત કરાઈ છે કે કાંકરિયા કાર્નિવલ અને ફ્લાવર શોને લઈને ફેર વિચારણા કરવી જોઈએ અને જરૂરી ગાઈડલાઈનનો અમલ કરવાની તૈયારી કરવી જોઈએ.

આ ઉજવણી દરમિયાન લાખોની સંખ્યામાં લોકો ભેગા થાય છે. એટલું જ નહિ ફ્લાવર શોમાં પણ મોટી સંખ્યામાં લોકો ઉમટી પડે છે. જોકે તંત્ર દ્વારા માસ્ક, સેનિટાઈઝર અને સોશિયલ ડિસ્ટન્સ જેવા નિયમો બનાવ્યા છે.

## કાંકરિયા કાર્નિવલ અને ફ્લાવર શોને લઈને AMC સંપૂર્ણ સજ્જ



સમગ્ર વિશ્વમાં કોરોનાનો હાહાકાર ફરીથી શરૂ થયો છે. ભારતમાં એટલા કેસ નથી નોંધાયા. કેન્દ્ર અને રાજ્ય સરકારોએ કોરોનાને લઈને આગોતરી તૈયારીઓ શરૂ કરી દીધી છે. ત્યારે અમદાવાદમાં યોજાનાર કાંકરિયા કાર્નિવલ અને ફ્લાવર શોને લઈને AMCએ સંપૂર્ણ તૈયારીઓ કરી દીધી છે. પરંતુ કોરોનાને જોતાં આ આયોજન કરાશે કે નહીં તે અંગે અસમંજસ હતી. પરંતુ AMC કાંકરિયા કાર્નિવલ અને ફ્લાવર શો યોજવા માટે સંપૂર્ણ સજ્જ છે.

પરંતુ જ્યારે મોટી સંખ્યામાં લોકો એકઠા થતા હોય ત્યારે સોશિયલ ડિસ્ટન્સ કેવી રીતે જળવાય તે સૌથી મોટો સવાલ છે. કોરોનાની આ દસ્તક વચ્ચે ઈન્ડિયન મેડિકલ એસોસિએશન દ્વારા એડવાઈઝરી જાહેર કરવામાં આવી છે.

ગુજરાતીએ ઈન્ડિયન મેડિકલ એસોસિએશનના ગુજરાતના મીડીયા કન્વીનર ડો. મુકેશ મહેશ્વરીએ જણાવ્યું કે, કોરોનાને રોકવો હોય તો મોટા મેળાવડા રોકવા પડશે. તંત્ર દ્વારા કાંકરિયા કાર્નિવલ જેવા ઓયોજન થઈ રહ્યાં છે. તેના સવાલમાં તેઓએ જણાવ્યું કે, અત્યારે ખુબ સાવધાનીની જરુર છે. કોઈએ પેનીક નથી કરવાનું પણ મોટા ગેધરીંગ એવોઈડ કરીશુ તે જરુરી છે. લગ્ન પ્રસંગ જેવા નાના ગેધરીંગમાં લોકો જાયતો તેમાં પણ કોવિડની ગાઈડલાઈન માસ્ક પહેરવું, સામાજિક અંતર જાળવવું જેવા નિયમોનું પાલન કરે તે જરુરી છે.

આ ઉપરાંત તેઓએ એમ પણ ઉમેર્યુ કે, સરકારે તમામ હેલ્થ સેન્ટરમાં દવાઓનો પુરતો સ્ટોક છે કે નહિ તે વેકસીનનો જથ્થો ઓક્સિજનનો જથ્થો તે પુરતો સ્ટોક છે કે નહિ તે ચેક કરી લેવાની પણ સલાહ આપવામાં આવી છે. તેમજ ઈન્ડિયન મેડિકલ એસોસિએશનના સાડા ત્રણ લાખ ડોક્ટર સેવામાં હાજર રહેશે તેવું પણ જાહેર કર્યું છે. તેમજ લોકોએ ઈન્ટરનેશનલ ટ્રાવેલીંગ કરવાનું ટાળવું જોઈએ અને જે દેશોમાં કોરોના વધુ ફેલાયો છે. ત્યાંથી આવનારા લોકોનું સ્ટ્રીકલી આરટીપીસીઆર ટેસ્ટ કરવા સૂચન કરાયું છે.

# ભલે કોરોના હોય પણ નિયમોનો પાલન કરીને ઉત્સવોનું આયોજન કરી શકાય: માંડવિયા

■ કાંકરિયા કાર્નિવલના આયોજન પર કેન્દ્રીય આરોગ્ય મંત્રીનો બચાવ

ગુજરાત | વંદન

ચીનમાં વધતા કોરોનાના કેસના પગલે કેન્દ્ર અને રાજ્ય સરકાર પણ એક્શનમાં આવી છે. તેમજ કેન્દ્ર સરકારે કોરોનાને ટાળવા એસઓપીની જાહેરાત પણ કરી છે. જેમા ડિસેમ્બર માસમાં અંતમાં અમદાવાદમાં કાંકરિયા કાર્નિવલ અને ફ્લાવર શોનું આયોજન પણ કરવામાં આવ્યું છે.

કોરોના સામે લડત આપવા રાજ્ય અને કેન્દ્ર સરકાર લોકોને એલર્ટ કરી રહી છે. ઈન્ડિયન મેડિકલ એસોસિએશને પણ મેળાવડા ન યોજવાની સલાહ આપી છે. પરંતુ કાંકરિયા કાર્નિવલ અને ફ્લાવર શોના આયોજનો બાબતે હજુ પણ સરકારની કરની-કથનીમાં ભેદભાવ જોવા મળી રહ્યો છે. ગુજરાતની મુલાકાતે આવેલા કેન્દ્રીય પ્રધાન મનસુખ માંડવિયાને પૂછવામાં આવતા તેમણે કહ્યું કે- ભૂતકાળમાં આવેલી કોરોનાની લહેર પરથી એ સ્પષ્ટ થાય છે કે નિયમોના પાલન સાથે આયોજનો કરી શકાય છે. વ્યવસાય અને કાર્યક્રમો ચાલુ રાખો પણ સતર્કતા રાખો. તેમણે કહ્યું કે, દેશમાં ચોથી લહેર ન આવે તે માટે એલર્ટ કરી રહ્યા છીએ. માસ્ક પહેરવું અને સોશિયલ ડિસ્ટન્સ રાખવું જરૂરી છે.

ચીનમાં વધતા કોરોનાના કેસના પગલે કેન્દ્ર અને રાજ્ય



સરકાર પણ એક્શનમાં આવી છે. તેમજ કેન્દ્ર સરકારે કોરોનાને ટાળવા એસઓપીની જાહેરાત પણ કરી છે. જેમાં ડિસેમ્બર માસમાં અંતમાં અમદાવાદમાં કાંકરિયા કાર્નિવલ અને ફ્લાવર શોનું આયોજન પણ કરવામાં આવ્યું છે. જેમાં કાંકરિયા કાર્નિવલ આઝાદી કા અમૃત મહોત્સવની થીમ પર યોજવામાં આવશે. અમદાવાદમાં કાંકરિયા કાર્નિવલમાં કોવિડ ગાઈડ લાઈનનું સંપૂર્ણપણે પાલન કરી યોજવામાં આવશે. જેમાં કાર્નિવલમાં 10 કરોડનો વીમો લેવાયો છે. જેમાં માથાદીઠ 1 કરોડ વીમો લેવાયો છે. 25 સ્ટોલ રાખવામા આવ્યા જેની હરાજી કરી આવક કરવામાં આવશે. IMA ની માર્ગદર્શિકા હોવા છતાં કાર્નિવલ અને ફ્લાવર શો યોજવા માં આવશે. તેમજ કાંકરિયા કાર્નિવલમાં કોવિડ ગાઈડ લાઈનનું સંપૂર્ણપણે પાલન કરી યોજવામાં આવશે.

કોરોના મહામારીના કારણે બે વર્ષ સુધી કાર્નિવલનું આયોજન થઈ શક્યું ન હતું. જો કે આ વર્ષે અમદાવાદ મહાનગરપાલિકાએ પહેલા કાંકરિયા કાર્નિવલ અને ત્યારબાદ ફ્લાવર-શો યોજવાની તૈયારી શરૂ કરી દીધી છે. અમદાવાદનો સૌથી મોટો ઉત્સવ

...અનુસંધાન પેજ નં. 6 પર

## ટ્રાફિકથી ધમધમતા એસટી રોડ પર સરાજાહેર ફાયરિંગની ઘટના

# વેરાવળમાં ST બસ સ્ટેશન નજીક યુવાનની જાહેરમાં ગોળી મારી હત્યા

ગુજરાત | વંદન

ગીર સોમનાથના વેરાવળમાં બસ સ્ટેશન નજીક આવેલ ચાની લારી પાસે સ્કૂટર પર બેઠેલા યુવાનની જાહેરમાં ફાયરિંગ કરી હત્યા કરી હોવાનું સામે આવ્યું છે. જે વિસ્તારમાં ફાયરિંગ થયુ તે વેરાવળ શહેરનો ટ્રાફિકથી ધમધમતો વિસ્તાર કહેવાય છે પરંતુ સમી સાંજે નિતેશ કટારીયા

...અનુસંધાન પાના નં. 6

### જુની અદાવતમાં યુવકની હત્યાનું અનુમાન

જુના મન દુઃખના કારણે યુવાનની હત્યા થઈ હોવાનું સામે આવ્યું છે. પોલીસને તપાસ દરમિયાન ઘટના સ્થળેથી ફાયરિંગ કરેલી બંદૂક તેમજ બાઈક એક મોબાઈલ સહિતની વસ્તુઓ હાલ પોલીસે કબજે કરી છે અને આગળની કાર્યવાહી હાથ ધરી છે પરંતુ પોલીસ તપાસમાં હજી સુધી સામે આવ્યું નથી ફાયરીંગ કોણે કર્યું અને કયા કારણોસર કર્યું છે. તે અંગે પોલીસ દ્વારા વધુ તપાસ હાથ ધરવામાં આવી છે. હાલ વેરાવળ શહેર પોલીસ તેમજ એસ.ઓ.જી એલસીબી સહિતની અલગ અલગ ટીમો દ્વારા તપાસ હાથ ધરવામાં આવી છે.

## ગુજરાત સરકારનો મોટો નિર્ણય

# નર્મદાના નીર થકી સૌની યોજના દ્વારા સૌરાષ્ટ્રના જળાશયો ભરાશે

ગુજરાત | વંદન

ગુજરાત સરકાર દ્વારા સૌરાષ્ટ્રના ખેડૂતોના હિતમાં મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. હવેથી નર્મદાના નીર થકી સૌની યોજના દ્વારા સૌરાષ્ટ્રના જળાશયો ભરાશે. સૌની યોજના દ્વારા સૌરાષ્ટ્રના જિલ્લાના જળાશયો ભરાતાં ખેડૂતોને રવી પાક માટે પૂરતુ પાણી મળી રહેશે. આ અંગે કૃષિ મંત્રી રાઘવજી પટેલે જાહેરાત કરી છે. ખેડૂતોના હિતલક્ષી નિર્ણય માટે કૃષિ મંત્રી રાઘવજી પટેલે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલનો આભાર વ્યક્ત કર્યો હતો.

કૃષિ મંત્રી રાઘવજી પટેલે જણાવ્યું છે કે,ખેડૂતોના હિતને વરેલી રાજ્ય સરકારે ખેડૂતોને સિંચાઈની સુવિધા ઉપલબ્ધ બનાવવા સતત પ્રયત્નશીલ છે.જેના ભાગરૂપે સૌરાષ્ટ્રના ખેડૂતોના હિતમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઇ પટેલે નર્મદાના નીર થકી સૌની યોજના દ્વારા સૌરાષ્ટ્રના જળાશયો ભરવાનો મહત્વનો નિર્ણય



કર્યો છે. સૌની યોજના દ્વારા સૌરાષ્ટ્રના જિલ્લાના જળાશયો ભરાતાં ખેડૂતોને પાક માટે પૂરતુ પાણી મળી રહેશે.

રાઘવજી પટેલે ઉમેર્યું કે, રાજ્ય સરકાર દ્વારા સૌની યોજના દ્વારા નર્મદા નદીમાં આવતાં પૂરના વધારાના પાણીને સૌરાષ્ટ્રના વારંવાર પાણીની જરૂરીયાતવાળા જિલ્લાઓના 115 જળાશયો ભરીને 970 કરતાં વધુ ગામોના વિસ્તારમાં સિંચાઇ સુવિધા સુદ્રઢ બનાવવા અને પીવાના પાણીના પ્રશ્નનું નિરાકરણ લાવવાનું આયોજન કર્યું છે.

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આજે વડોદરામાં ગુજરાતના સૌથી લાંબા બ્રિજનું કરશે લોકાર્પણ

■ આ બ્રિજ 3.5 કિ.મી લાંબો અને 230 કરોડના ખર્ચે તૈયાર થયો છે

ગુજરાત | વંદન

ગુજરાત રાજ્યના મુંખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ આજે વડોદરામાં



ગુજરાતના સૌથી લાંબા બ્રિજનુ લોકાર્પણ કરશે. વડોદરામાં તૈયાર થયેલો આ બ્રિજ અદાંજિત 230 કરોડના કિંમત અને 3.5 કિલોમીટર લાંબો છે. આ બ્રિજ અટલ બ્રિજ તરીકે ઓળખવામાં આવશે. ભુપેન્દ્ર પટેલ જે બ્રિજનું ઉદ્ઘાટન કરવાના છે તે બ્રિજ એવો છે કે જ્યા સર્કલના વળાંકમાં ઊતરવા માટે અને ત્યાંથી ચડવા માટે બંને બાજુ એન્ટ્રી અને એક્ઝિટની વ્યવસ્થા થશે. ગેંડા સર્કલથી શરૂ થતાં આ બ્રિજમાં વડીવાડી, રેસકોર્સ, અલકાપુરી, ચકલી સર્કલ, શિવમહલ, રોકસ્ટાર, દિવાળીપુરા તરફ ઉતાર અને ચઢાવ માટે 50 મીટર પહેલા સ્ટોપ આપવામાં આવ્યો છે. ગુજરાત CM ભૂપેન્દ્ર પટેલ આજે વડોદરાના પ્રવાસે છે. વડોદરામાં બનેલા રાજ્યના સૌથી લાંબા બ્રિજનું આજે તેઓ લોકાર્પણ કરવાના છે. આ બ્રિજ 3.5 કિલોમીટર લાંબો અને બ્રિજ પર

...અનુસંધાન પેજ નં. 6 પર

## રાજયકક્ષાનાં વાહન વ્યવહાર મંત્રી હર્ષ સંઘવીએ નરોડા વર્કશોપની મુલાકાત લીધી

# એસટી નિગમ એક માસમાં વધુ ૧૦૦ બસો દોડાવશે: છેવાડાના ગ્રામ્ય રૂટોને આવરશે

ગુજરાત | વંદન

રાજ્યકક્ષાના વાહનવ્યવહાર વિભાગનો હવાલો સંભાળ્યા બાદ હર્ષ સંઘવી એક્શન મોડમાં આવી ગયા છે. તેમણે નરોડા એસ.ટી. વર્કશોપની મુલાકાત લઈ, અહીં ચાલતી કામગીરીની સમીક્ષા કરી હતી. રાજ્યમાં ગુજરાત એસટી દ્વારા પરિવહન કરતા મુસાફરોની સગવડમાં વધારો થાય તે માટે વધારાની 900 બસો દોડાવાવનો નિર્ણય કરવામાં આવ્યો છે. આ



નિર્ણય અંગે વાહન વ્યવહાર વિભાગનો હવાલો સંભાળનારા ગૃહરાજ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે રાજ્યના મુસાફરોને પરિવહનમાં સુવિધા રહે તે માટે આગામી એક મહિનામાં એસ.ટીની વધુ 900 બસ દોડશે. જેમાં 200થી વધુ સ્લીપર બસ પણ મુકાશે.લોકોને બસની વધુ સુવિધા મળે અને છેવાડાના ગામડા સુધી બસની વ્યવસ્થા પહોંચી શકે તે માટે એસ.ટી.તંત્રએ વધુ બસ મૂકવાનો નિર્ણય કર્યો છે.

રાજ્યકક્ષાના વાહનવ્યવહાર વિભાગનો હવાલો સંભાળ્યા બાદ હર્ષ સંઘવી એક્શન મોડમાં છે. તેમણે નરોડા એસ.ટી. વર્કશોપની મુલાકાત લઈ, અહીં ચાલતી કામગીરીની સમીક્ષા કરી હતી. નરોડા વર્કશોપ ગુજરાતનું સૌથી મોટું વર્કશોપ છે. જે 51 એકરમાં ફેલાયેલું છે તેમણે એસ.ટી. વર્કશોપની મુલાકાત લઈને જરૂરૂ સૂચન કર્યા હતા તેમજ રાજ્યમાં લાખો લોકો એસટી દ્વારા રોજબરોજ પરિવહન કરે છે તેમની સુખાકારી માટે એસીટ તંત્ર વધારે સુવિધાઓ આપશે તેમ જણાવ્યું હતું. ગૃહરાજ્યમંત્રી હર્ષ સંઘવીએ નરોડા ખાતે એસટીને લગતા વિપવિધ સ્પેરપાર્ટસના કામ કેવી રીતે થાય છે તે સમગ્ર કામગીરી પણ નિહાળી હતી તેમજ જરૂરી સૂચનો પણ કર્યા હતા.

/gujaratvandan

નિડર, નિષ્પક્ષ, અને વિશ્વસનીય ગુજરાત વંદન

ગુજરાત વંદન તરફથી આકર્ષક ઓફર

અમદાવાદથી પ્રસિદ્ધ "ગુજરાત વંદન" સાપ્તાહિક અખબાર દ્વારા વાર્ષિક લવાજમની આકર્ષક ઓફર જાહેર કરવામાં આવે છે.

રૂ.260ના વાર્ષિક લવાજમમાં તમને મળશે

આખું વરસ ગુજરાત વંદન અખબાર + એક હજાર રૂપિયા સુધીની ઘરવપરાશની ઉપયોગી ચીજવસ્તુ + જાણીતા સલૂન સિક્રેટ સેવન્ટીનનો 30 ટકા ડિસ્કાઉન્ટ સાથેનો વાઉચર



વહેલા તે પહેલાના ધોરણે આપના અખબાર વિતરકનો સંપર્ક કરવા વિનંતી.

ગુજરાત વંદન વ્યવસ્થાપક માર્કેટિંગ

સંપર્ક : 63572-63573

820, સાકાર-9, આશ્રમ રોડ સીટી ગોલ્ડની બાજુમાં, અમદાવાદ-380009

www.gujaratvandan.com

Secret 7ટીન™ Hair & Nails Studio